
રાધાની ખીડકી




પરમશક્તિ મા ગાયત્રી



શ્રીકૃષ્ણ સખા શ્રીરાજ



## પરમ શક્તિ મંત્ર : ૐ મા ૐ

## નવ સિધ્ધાંત

૧. ઇષ્ટમાં સંપુર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખવી

૨. નિ:સહાયને સહાય કરવી

૩. દુ:ખીઓના દિલનાં આંસુડાં લુછવાં

૪. કોઇની ઈર્ષ્યા કરવી નહિ

૫. કોઇની સાથે વિશ્વાસઘાત કરવો નહિ

૬. પરનિંદાથી દૂર રહેવું

૭. પુરૂષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું

૮. નિ:સ્વાર્થ સેવા કરવી

૯. અહમનો ત્યાગ કરવો

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી

---

## પ્રાર્થના

**હે મા ભગવતી,**

**મને બાળક જેવો નિર્મળ અને નિર્દોષ બનાવજો.**

**મારા હૃદયમાં હંમેશા અપનો જ વાસ કરજો.**

**મારી બુધ્ધિમાં આપનું જ જ્ઞાન સ્થિર કરજો.**

**મન, વચન, કર્મથી મને પવિત્ર રાખજો.**

**મારા સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વનું આપ જ નિયંત્રણ કરજો.**

**ૐ મા ૐ**

# પ્રસ્તાવના

'ગોપનો ઓટલો' અને 'રાધાની ખિડકી' ગોપ બાળકોનાં આધ્યાત્મિક ઉર્જા કેન્દ્રો છે. જેનું પ્રસ્તુત નામ પૂજ્યશ્રી રાજયોગી નરેન્દ્રજીની હૃદય ગુહામાંથી પ્રકાશિત થયું છે. ગોપના ઓટલે શ્રી રાધાજી, કાનાજી અને બાળ સખા ગોપ ગોપીઓ પોતાના બાળપણને સજાવે છે, સવારે છે, વિકસિત કરે છે, સેવા અને સાત્વિક જ્ઞાનની ચર્ચા વિચારણા કરે છે. ગોપના ઓટલે બનેલા વિવિધ પ્રસંગો રાધાજી, કાનાજી અને બાળ સખાઓની મજાક મસ્તીને પૂજ્યશ્રીએ પોતાના અતીતને ઉજાગર કરીને, પોતાની આગવી લાક્ષણિકતાથી રજૂ કરી છે. પુજ્યશ્રીનું પ્રસંગ નિરૂપણ, મુખ મુદ્રા, હાવ ભાવ, જુસ્સો, અસ્ખલિત વહેતો વાણી પ્રવાહનો અનુભવ સર્વ માટે એક અમૂલ્ય લ્હાવો છે.

પૂજ્ય બહેનજી

કૈલાસબેન એન. પરીખ

# અનુક્રમણિકા

(૧) "રાધાની ખિડકી" ------------------------------------------------------ 8

(૨) "તીર્થરાજની શોધ" ---------------------------------------------------11

(3) "રાધાની ધૂન" --------------------------------------------------------19

(૪) "ખેતરનો રખેવાળ"---------------------------------------------------22

(૫) "કૃષ્ણનું આગમન"----------------------------------------------------25

(૬) "રાજદ્વારી ભોજન" ----------------------------------------------------29

(૭) "રાધાની મૂંઝવણ"----------------------------------------------------34

(૮) "ગોકુળમાં હાહાકાર"-------------------------------------------------44

(૯) "રાધાનો પ્રકોપ"------------------------------------------------------52

(૧૦) "રાધાની અવળી ચાલ" ----------------------------------------------61

(૧૧) "રાધાને શક્તિ પ્રદાન" --------------------------------------------76

(૧૨) "રાધાકૃષ્ણ બાગમાં" ----------------------------------------------84

(૧3) "હનુમાનજીનું આગમન" -------------------------------------------92

(૧૪) "નંદબાબાને તાવ" ---------------------------------------------------- 106

(૧૫) "કાનાની લીલા" ---------------------------------------------------- 115

(૧૬) "રાધાની ફરિયાદ"---------------------------------------------------- 125

(૧૭) "રાધાની મુંઝવણ"---------------------------------------------------- 132

(૧૮) "રાધાની ઈર્ષ્યા" ---------------------------------------------------- 138

(૧૯) "રાધાની ફરિયાદ"---------------------------------------------------- 148

(૨૦) "કાનાની બંસરી" ---------------------------------------------------- 157

(૨૧) રાધાની કબુલાત ---------------------------------------------------- 162

# (૧) “રાધાની ખિડકી”

[તા. ૨૬.૭.૨૦૨૧ નાં રોજ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા શ્રધ્ધા કુટિરમાં કહેવાયેલ પ્રસંગ ]

‘ગોપના ઓટલા’ ને વિરામ અપાયો અને પૂજ્યશ્રીએ નવી શ્રૃંખલાનો પ્રારંભ કર્યો. “રાધાની ખીડકી.”

રાધા એટલે નિ:સ્વાર્થ પ્રેમ, રાધા એટલે સમર્પણ, રાધા એટલે મૌનનો મહિમા, રાધા એટલે સમજણ, સહકાર, સેવા અને સ્નેહનો સ્વસ્તિક. રાધામાંથી ખૂબ ખૂબ શીખવાનું છે. પ્રેમની પરાકાષ્ઠા, સહયોગનો શિખર, મૌનનો મહાસાગર અને નિ:સ્વાર્થ શરણાગતિ. રાધા એટલે કદી માંગણી નહીં, કદી ફરિયાદ નહીં, કદી પરીક્ષા નહીં. બસ પ્રતીક્ષા જ પ્રતીક્ષા. કોઈ અધિકાર નહીં છતા કૃષ્ણના મુખે રાધા સિવાય નામ નહીં.

આવી રાધાને શબ્દોમાં સમાવવી, સમજાવવી અને સરળતાથી પ્રસ્તુત કરવી એ સહેલું નથી. પૂજ્યશ્રીએ ભક્તોને રાધાના માધ્યમથી કાંઈક વિશેષ આપવાનો સંકલ્પ કર્યો છે. ગોપના ઓટલાથી તેઓશ્રીએ ખૂબ ખૂબ આપ્યું. “આશ્ચર્ય, હાસ્ય, રહસ્ય, આનંદ, વિકાસ અને મિત્રોની મસ્તી.” પૂજ્યશ્રીના ચરણોમાં વારંવાર પ્રણામ કરીને આનંદ અનુભવાય કે આ ક્રાંતિકારી સંતે, સત્સંગ, સાનિધ્યની નવી પરિભાષા સ્થાપિત કરી છે.

માત્ર વાર્તાઓ નહીં. શબ્દ અને ભાવનો મર્મ સમજો, એનું સ્મરણ કરો અને આપના જીવનમાં, વાર્તાના ગુઢાર્થને ગોઠવો. તમે પણ કોઈક મનસુખ, ઠુંઠીયો કે ટણપો રાખો જે તમને મદદ કરે. તમારૂ શ્રેય કરે, તમને આનંદ કરાવે.

રાધાની ખિડકી શ્રૃંખલાનો પ્રારંભ થયો છે. “ઋક્મણિના સ્વપ્ન” થી.

એકવાર ઋક્મણિને સ્વપ્નમાં રાધા આવી. ઋક્મણિને થયું કે લાવ આજે, રાધાને પૂછી લઉં કે અમે પણ કૃષ્ણનું આટલું બધું કરીએ છીએ તોય એને તારા માટે જ વધારે લાગણી કેમ છે? તું એનું અમારાથી વધારે શું કરે છે? અમને કાંઈક કહે તો અમે પણ આવું કરીએ. રાધા કશું બોલી નહીં. બસ એટલું કહ્યું કે તમે કૃષ્ણને જ પૂછી જોજોને! તમે એમને જ પૂછજો. ઋક્મણી કહે કે, સારૂં.

થોડા દિવસ પછી ઋક્મણિ અને શ્રીકૃષ્ણ બેઠા હશે અને ઋક્મણિએ શ્રીકૃષ્ણને વાત કરી કે મારા સ્વપ્નમાં રાધા આવી હતી અને મેં રાધાને પૂછ્યું કે તારા માટે કૃષ્ણ કેમ આટલું બધું રાખે છે? અમારામાં શું ખૂટે છે? એમ પૂછ્યું એટલે કૃષ્ણ કાંઈ બોલ્યા નહીં, જવાબ આપ્યો નહીં પણ એમની આંખોમાંથી ટપ ટપ કરતાં બે આંસુ પડ્યા. આંસુના ટપકા પડ્યા એટલે ઋક્મણિને થયું કે મારાથી કાંઈક ખોટું થયું. ક્ષોભ થયો. એ વાત પતી ગઈ.

પછી ફરીથી રાધા સ્વપ્નમાં આવી ત્યારે રાધાને કહ્યું કે મેં જ્યારે કૃષ્ણને પૂછ્યું કે તમને રાધા માટે વિશેષ લાગણી કેમ છે? ત્યારે કૃષ્ણ કશું બોલ્યા નહીં. પણ એમની આંખમાંથી ટપટપ બે આંસુ પડી ગયા. તો પછી રાધા કહે કે "જુઓ, તમે મને વચન આપો કે કોઈ દિવસ તમે મારું નામ એના સામે બોલશો નહીં." તો કહે કે કેમ? રાધા કહે કે મારા પભુના આંખમાંથી આંસુ ટપકે એ મને નહીં ગમે. પૂજ્યશ્રીનો ભાવ અને મુખ પરની કરુણા સહિતની આશ્ચર્યમુદ્રા, ખરેખર અદભુત અને લાજવાબ હતી.

પછી રાધા કશું બોલી નહીં, બોલી શકી નહી અને રુક્મણિનું સ્વપ્ન પૂરું થયું.

**ૐ મા ૐ**

## (૨) "તીર્થરાજની શોધ"

[તા. ૨૭.૭.૨૦૨૧ ના રોજ રાધાની ખિડકી શ્રૃંખલામાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીએ શ્રધ્ધા કૂટિરમાં કહેલ પ્રસંગ.]


રાધા એટલે આધ્યાત્મિક પ્રેમનું પ્રતિક. પ્રેમની પવિત્રતાને જાળવનારી અવતારી સ્ત્રી. પૂજ્યશ્રીએ આ શ્રૃંખલાનું નામ રાધાની ખિડકી આપ્યું છે. ખિડકીનો અર્થ સમજવા જેવો છે. ખિડકીનો એક અર્થ છે બારી. જ્યારે તમે પ્રતીક્ષા કરતા હો ત્યારે નજર બારી તરફ હોય અને પ્રેમ એ પ્રતિક્ષાનો વિષય છે. ખિડકીનો બીજો અર્થ છે ખી=ખીલે, ડ=ડગ અને કિ= ક્રિષ્ણ. જેના પગ ક્રિષ્ણને જોઈને ખીલે, એની યાદમાં ખીલે.

રાધાના પ્રસંગો વર્ણવવા એટલે પ્રેમમાં ડૂબવું. આ કામ પ્રેમ પુરૂષોત્તમ શ્રીરાજયોગીજી જ કરી શકે. આ શ્રૃંખલામાં શ્રીરાજના અદભુત સ્નેહાળ અને પ્રેમમય સ્વરૂપોની ઝાંખી થશે.

પૂજ્યશ્રીએ આજે કહેલો પ્રસંગ...

રાધાકૃષ્ણ નામ ક્યાંથી પડ્યું? ગુગલ પણ આનો જવાબ નહીં આપે. દ્વારિકામાં તીર્થરાજ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. એ શ્રીકૃષ્ણનો પૂરેપૂરો ભક્ત. કૃષ્ણને નિ:સ્વાર્થ પ્રેમ કરે, કોઈ અપેક્ષા નહીં. આખો દિવસ કૃષ્ણભક્તિ કર્યા કરે. શ્રીકૃષ્ણ જ્યારે દ્વારિકામાં રાજા થયા, રાજગાદી

સંભાળી ત્યારે રુક્મણિ આ બ્રાહ્મણ તીર્થરાજને અનાજ વગેરે આપે અને બોલાવીને સીધું આપે. તીર્થરાજને કૃષ્ણ પર પ્રેમ વધારે, કૃષ્ણને મળે નહીં પણ આખો દિવસ કૃષ્ણ કૃષ્ણ કર્યા કરે.



આ તીર્થરાજને રાધાની ખબર હતી. એને ખબર હતી કે રાધા પણ કૃષ્ણને પ્રેમ કરે છે અને એમનો પ્રેમ આધ્યાત્મિક અને આત્મિક છે. એક દિવસ એણે વિચાર્યું કે શ્રીકૃષ્ણને વધારે પ્રેમ કોણ કરે છે? સત્યભામા, રુક્મણી કે રાધા? કોઈક પરીક્ષા કરીને તપાસ કરીએ. એણે દિમાગ લડાવ્યું.

હવે જ્યારે ઋક્મણિ અને સત્યભામાએ એમને ભિક્ષા લેવા બોલાવ્યા ત્યારે તીર્થરાજે વિનય સાથે પૂછ્યું કે તમે શ્રીકૃષ્ણને પ્રેમ કરો છો? બંને કહે હા. તીર્થરાજ કહે કે સાચો પ્રેમ કરો છો? બંને જણાએ હા પાડી. સમર્પણ છે? તો કહે, હા. તમે બંને શ્રીકૃષ્ણને શરણાગત છો? તો કહે હા. હવે તીર્થરાજ કહે કે જૂઓ મેં મારા હાથે આ શ્રીકૃષ્ણનું ચિત્ર બનાવ્યું છે. જો તમે શ્રીકૃષ્ણને સાચો પ્રેમ કરતા હો તો તમારા જમણા હાથની ટચલી આંગળી પર ચપ્પુ મારી તમારા લોહીના બે ટીપા આ ચિત્ર પર પાડો. બેય જણા આશ્ચર્યચકિત થઈ ગયા. કાઈ બોલી ન શક્યા આવું કેવી રીતે થાય? હવે ઋક્મણિએ ચતુરાઈ કરી કે અમને શ્રીકૃષ્ણ કહે તો કરીએ. એ કહે તો ટચલી આંગળી પર ચપ્પુ મારી લોહીનાં ટીપાં પાડીએ બાકી તમારા કહેવાથી ના કરીએ. આમ અહીં વાત પૂરી થઈ. બંનેના પ્રેમની કસોટી પૂરી થઈ ગઈ.



પૂજ્યશ્રી દ્વારા જમણા હાથની ટચલી આંગળી પર ચપ્પુ મારવાનું નિદર્શન અને મુખારવિંદના ભાવ અલૌકિક અને મનોરમ્ય. એટલા જોરથી અને જોશથી બોલ્યા કે જાણે તેઓ જ ચપ્પુ મારતાં હોય. પ્રસંગને દિપાવવાની આ કળા એટલે પૂજયશ્રીની આગવી લાક્ષણિકતા.

હવે તીર્થરાજ ફરતા ફરતા ગોકુળ ગયા છે. ગોકુળમાં રાધાજીને શોધી કાઢ્યા. રાધાજીને પ્રણામ કરીને મળ્યા. રાધા પાસે બેઠાં અને ખૂબ વાતો કરી. હવે તીર્થરાજ રહે કે રાધાજી મારે તમને કાઈક પૂછવું છે. રાધા કહે પૂછો. તીર્થરાજે પૂછ્યું કે તમે શ્રીકૃષ્ણને પ્રેમ કરો છો? રાધા કહે, હા. તમારો પ્રેમ આધ્યાત્મિક અને આત્મિક છે એ સાચું? રાધા કહે, હા. તમે કૃષ્ણ માટે બધું જ કરવા તૈયાર છો? રાધા કહે, હા, ભાઈ હા. રાધા કહે કે મેં મારું જીવન કૃષ્ણને ન્યોછાવર કર્યું છે. ચોવીસ કલાક હું કૃષ્ણ કૃષ્ણ કર્યા કરૂં છું. ને મારે કૃષ્ણ પાસેથી કશું જોઈતું નથી. આ પ્રેમ પાછળ મારો કોઈ સ્વાર્થ નથી.

હવે ભારે હૈયે તીર્થરાજે કહ્યું કે જુઓ મેં મારા હાથે આ શ્રીકૃષ્ણનું ચિત્ર બનાવ્યું છે. તમે જો શ્રીકૃષ્ણને નિ:સ્વાર્થ અને આત્મિક પ્રેમ કરતા હો તો તમારા જમણા હાથની ટચલી આંગળી પર ચપ્પુ મારી તમારા લોહીના બે ટીપાં આ ચિત્ર પર પાડો. એક ક્ષણના વિલંબ વગર રાધા ઉભી થઇ, ઘરમાંથી ચપ્પુ લાવી અને સટાક કરતાં જમણા હાથની ટચલી આંગળી

પર ઘા કર્યો. લોહીના ટીપાં આ ચિત્ર પર પડે છે. પણ રાધાના મુખ પર વેદનાને બદલે આનંદ છે. તીર્થરાજ આભો બની ગયો એને રાધાજીના સાચા પ્રેમની પ્રતીતિ થઈ ગઈ. તીર્થરાજે રાધાજીને પ્રણામ કર્યા અને ઉભા થઇને નાચવા માંડ્યા. કૃષ્ણ, કૃષ્ણ બોલતા જાય. રાધે, રાધે કહેતા જાય અને ખૂબ કૂદી કૂદીને નાચતા જાય. તીર્થરાજ ભાવવિભોર બની ગયા છે. રાધાજીને કહે કે હું તમને શું આપી શકું? શક્ય હોય તો તમે એક કલાક મારી સામે બેસો. હું તમારૂં ચિત્ર બનાવી દઉં તીર્થરાજે રાધાજીનું ખુબ સરસ ચિત્ર બનાવ્યું છે. રાધાને ખરા દિલથી આશીર્વાદ આપ્યા અને પછી ગોકુળ થી દ્વારિકા આવ્યાં.

દ્વારિકા આવ્યા પછી એમણે રાધાજી અને શ્રીકૃષ્ણને ભેગા કરીને નવેસરથી એક સરસ ચિત્ર બનાવ્યું. આ ચિત્ર બનાવ્યા પછી તેઓ સતત રાધાકૃષ્ણ, રાધાકૃષ્ણનું રટણ કરવા માંડ્યા. જ્યાં જાય ત્યાં રાધાકૃષ્ણ રાધાકૃષ્ણ જ કહ્યા કરે. આમ કરતાં કરતાં આખી દ્વારિકામાં રાધાકૃષ્ણ, બોલાતું થઈ ગયું.



એકવાર રાધાજી અને શ્રીકૃષ્ણ બેઠા છે. ત્યારે રાધાજીએ પૂછ્યું કે તમે શા માટે મારૂં નામ તમારા નામની આગળ મૂક્યું? શ્રીકૃષ્ણ કહે કે મને તો ખબર જ નથી કે કોણે મૂક્યું? કેમ મૂક્યું? તો રાધા કહે કે ના, તમે જ કર્યું છે.

બંને જણા વચ્ચે ચર્ચા ચાલતી હતી એટલામાં નારાયણ નારાયણ કરતા કરતા નારદજી આવી પહોંચ્યા. નારદજી પૂછે છે કે પ્રભુ શું ચાલે છે? શ્રીકૃષ્ણ કહે કે મીઠો ઝઘડો ચાલે છે. વાત એમ છે કે રાધાનું નામ મારી આગળ કોણે મૂકી દીધું?

કોઈએ રાધાનું નામ મૂકી દીધું છે. આ કોણે કર્યું, કેમ કર્યું તે ખબર નથી. આ સાંભળીને નારદજીએ તીર્થરાજની આખી વાર્તા કહી સંભળાવી. એમણે કહ્યું કે દ્વારિકામાં તીર્થરાજ નામનો બ્રાહ્મણ આપનો ભક્ત છે. રાતદિવસ આપનું નામ લીધા કરે છે. એણે સત્યભામા, રુક્મણિ અને રાધા એ ત્રણમાંથી તમને સાચો અને નિ:સ્વાર્થ પ્રેમ કોણ કરે છે તેની કસોટી કરી અને એમાં રાધાજીનો આત્મિક પ્રેમ જીતી ગયો એટલે એણે તમારા નામની આગળ રાધાનું નામ જોડી દીધું.

શ્રીકૃષ્ણ તો આ વાત સાંભળીને અવાક થઈ ગયા. તેઓ કહે કે મારે તીર્થરાજને શોધવો પડશે, એને મળવું પડશે. હવે નારદજી ગયા પણ શ્રીકૃષ્ણના મનમાંથી તીર્થરાજ જતા નથી. મારે ગમે તેમ કરીને દ્વારીકામાંથી તીર્થરાજને શોધવો જ પડશે. મારે એને મળવું છે. આખરે શ્રીકૃષ્ણે તીર્થરાજને શોધી કાઢ્યો. તીર્થરાજ તો રાધાકૃષ્ણ રાધાકૃષ્ણના જાપ કરે છે. શ્રીકૃષ્ણએ પૂછયું કે તમે આવું કેમ કર્યું?

તીર્થરાજે કહ્યું કે મારે જોવું હતું કે તમને નિ:સ્વાર્થ, અપેક્ષારહિત પ્રેમ કોણ કરે છે? તમને જે કોઈ સાચો પ્રેમ કરતું હોય, નિ:સ્વાર્થ પ્રેમ કરતું હોય, અપેક્ષા વગરનો પ્રેમ કરતું હોય એનું નામ તમારા નામની આગળ જોડવું હતું. સત્યભામા અને ઋક્મણિ તમને પ્રેમ કરે છે પણ તેઓ તમારી સાથે લગ્નગ્રંથિથી જોડાયેલા છે. સામાજિક બંધનથી બંધાયેલા છે એટલે ક્યાંક તો સ્વાર્થ આવે જ, જ્યારે રાધાને કોઈ સ્વાર્થ ન્હોતો. રાધા તો કૃષ્ણને મોરપિચ્છ મોકલતી હતી, કપડાં પણ મોકલતી હતી, અને રાધાએ કૃષ્ણ પાસે કશું માંગ્યું નથી. ખરેખર તો કૃષ્ણએ રાધાને કશું આપ્યું જ નથી રાધાનો પ્રેમ બહુ ઉચો છે. એટલે તો જયારે ઋક્મણિએ શ્રીકૃષ્ણને પોતાના ઘરેણાથી તોલવાનો પ્રયત્ન કર્યો ત્યારે બધાં જ આભૂષણો પુરા થયાં પણ શ્રીકૃષ્ણ ઉચકાયા નહીં અને રાધાએ માત્ર તુલસીનું પાન મુક્યું અને શ્રીકૃષ્ણ ઉચકાઈ ગયા. ઋક્મણિનું અભિમાન ઉતરી ગયું હતું.

આમ તીર્થરાજે રાધાજીના શ્રીકૃષ્ણ પ્રત્યેના સાચા અને નિ:સ્વાર્થ પ્રેમને ઓળખીને શ્રીકૃષ્ણના નામની આગળ રાધાનું નામ જોડી દીધું. 'રાધાકૃષ્ણ' શબ્દની શોધ તીર્થરાજે કરી.

બોલો રાધેકૃષ્ણ કી જય. તીર્થરાજ કી જય.

**ૐ મા ૐ**

## (૩) "રાધાની ધૂન"

[તા. ૩૧.૭.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીએ "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેલો પ્રસંગ.]

રાધાની ખિડકી એટલે રાધાના ત્યાગના પ્રસંગો. રાધાના નિ:સ્વાર્થ પ્રેમને વંદન કરવાની વાતો. રાધાના સમર્પણને સજાવતી ઘટનાઓનું શબ્દ ચિત્ર. રાધા અને કૃષ્ણના આત્મિક સંબંધોને શણગારતા પ્રસંગોની કથા.

પૂજ્યશ્રીના સ્વમુખે જ્યારે રાધાની વેદના અને સંવેદનાની વાતો સાંભળો ત્યારે રાધાને પ્રણામ થઈ જાય. પ્રેમની શુદ્ધતા, પ્રેમની પવિત્રતા અને પ્રેમમાંય પવિત્ર આચરણના દર્શન થાય. 'આઇ લવ યુ' કહેવાથી પ્રેમ થતો નથી. પ્રેમ એટલે સમજણ, સહન અને ક્ષમા. પૂજ્યશ્રીએ દાંપત્ય જીવનની આપેલી માસ્ટર-કી નો સંદર્ભ તમને રાધા કૃષ્ણના જીવનમાંથી મળે. પૂજ્યશ્રી માને છે કે ભલે કૃષ્ણએ ગમે તેટલા કામ કર્યા હોય પણ પડદા પાછળ રહીને રાધાએ ખૂબ મદદ કરી છે. સામાન્ય શબ્દોમાં "રાધા મેદાન મારી ગઈ છે." રાધાની ખિડકીના પ્રસંગો ભલે નાના હોય પણ આ દરેક પ્રસંગ અને પ્રસંગને વર્ણવતી પૂજ્યશ્રીની વાણી હૈયું હચમચાવી નાખે છે.

આજનો પ્રસંગ....

શ્રીકૃષ્ણ તો મથુરા ગયા છે. ગોકૂળ આખી સુનમુન થઈ ગઈ છે. બે દિવસ થયા પણ કોઈ બોલે નહીં, ચાલે નહીં, કોઈ આવે નહીં, કોઈ જાય નહીં. આખું ગામ સુમસામ થઇ ગયું છે. રાધા બે દિવસ પછી થોડી સ્વસ્થ થઇ છે. ગોકુળમાં ગોપ ગોપીઓને ખબર આપી છે અને કહ્યું છે કે આપણે બધા ગોપના ઓટલે ભેગા થઈએ.

હવે ગોપના ઓટલે બધા ભેગા થયા. અહીંયા પણ બધા ઉદાસ છે. રાધાએ કહ્યું છે કે કાનાની સ્મૃતિ રહે એવું કાઈંક કરીએ. રોજ કાનાને યાદ કરાય એવું કશુંક ગોઠવીએ. બધા વિચાર કરો કે એવું શું કરીએ કે રોજ કાનો આપણી પાસે લાગે.

ટણપાએ કહ્યું કે એક કામ કરીએ. રોજ સવારે સાડા પાંચ વાગે અહીં ભેગા થઈએ અને ધૂન બોલીએ અને ધૂન બોલતા બોલતા આપણાં ગામના મુખ્ય રસ્તાઓ પર ફરીએ અને ફરી પાછા અહીં આવીને છુટા પડીએ.

હવે પ્રશ્ન થયો કે ધૂનમાં શું બોલવું? બધા વિચાર કરે છે. રાધા કહે કે મને સમય આપો. કાલે હું વિચારીને ધૂનના શબ્દો શોધી લાવીશ. આ વાત કરીને બધા છુટા પડ્યા.

બીજે દિવસે સવારે બધાં ભેગા થયાં છે. ઘરેથી થાળી, ચમચી લાવ્યા છે. ઢોલ, મંજીરા તો મળે નહિ. માત્ર થાળી વગાડવાની અને ફરવાનું.

રાધા પણ આવી ગઈ છે. ટણપાએ રાધાને કહ્યું કે ધૂન બોલાવો. રાધાએ ધૂન શરૂ કરી.

**"હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ, હરે હરે."**

બધાને ધૂન ખુબ ગમી છે. ગોકુળની ગલી ગલીમાં પ્રભાતફેરી સ્વરૂપે, થાળી ચમચીના રણકાર સાથે ગોપ ગોપીઓ અને રાધા ફરે છે. ગામલોકો પણ જોવા ભેગા થાય છે.

આમ કાનાની સ્મૃતિ રહે એટલે રોજ સવારે આ ધૂન સાથે ગોકુળમાં પ્રભાતફેરીનો કાર્યક્રમ ચાલુ કરી દીધો.

પ્રભાતફેરી ફરીને ગોપના ઓટલે આવે અને બધા એકબીજાને શ્રીકૃષ્ણ કહીને છૂટા પડે.

આમ "હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ, હરે હરે." ધુનની રચના રાધાએ કરી હતી. શબ્દોથી કૃષ્ણને સદાય જીવંત રાખવાનું શ્રેય રાધાને છે.

**ૐ મા ૐ**

## (૪) "ખેતરનો રખેવાળ"

[તા. ૧.૮.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલો પ્રસંગ.]

"રાધાની ખિડકી" એટલે પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા કહેવાતી રાધાકૃષ્ણના આત્મિક પ્રેમની કથા. ગોપના ઓટલે ગોકુળમાં બનતા બનાવોની ચર્ચા તે જમાનામાં ગોકુળના લોકોની સુખાકારી માટે થયેલ નવી નવી શોધની નોંધ. રાધા અને ક્રિષ્ણના એકબીજાના સાથ અને સહયોગના પ્રસંગોનું વર્ણન. રાધાએ પોતાનું સમગ્ર જીવન કૃષ્ણ માટે સમર્પિત કરી દીધું હતું. સરસ કહેવાયું છે કે...

કોઈ પ્રીત નિભાવી જાય, કોઈ રીત નિભાવી જાય.

કોઈ સાથ નિભાવે તો કોઈ સંગાથ નિભાવી જાય

કરી દો જિંદગી કુરબાન એના પર

જે હર પળ તમારી લાગણીઓ નિભાવી જાય

કૃષ્ણએ રાધાની દરેક લાગણીઓનું સન્માન કર્યું છે. ગોપનો ઓટલો એટલે સામૂહિક સુખાકારી માટે ચર્ચાઓ થતી અને નવી નવી શોધ માટે પ્રોત્સાહિત કરતા.

આજનો પ્રસંગ.....

રાધા એક વાર ખેતરમાં ગયા છે. એણે જોયું કે બધા પક્ષીઓ અનાજ ખાઇ જાય છે, એથી અનાજ ઓછું થાય છે. એણે પક્ષીઓ ઉડાડી તો દીધા પણ પછી ઘરે આવીને વિચાર કરે છે કે આ પક્ષીઓને ઉડાડવા માટે કાંઈક શોધી કાઢવું પડે. કાંઈક કરવું પડે જેથી પક્ષીઓ ઉડી જાય. એણે ખૂબ વિચાર કર્યો પણ એના મગજમાં કાંઈ આવ્યું નહીં. એણે વિચાર કર્યો કે ગોપના ઓટલે બધાને ભેગા કરીએ અને પ્રસ્તાવ મુકીને પ્રશ્ન કરીએ કે પક્ષીઓને ઉડાડવાનો શું ઉપાય થઈ શકે? એણે બધાને ખબર આપી એટલે બધા ગોપના ઓટલે ભેગા થયા. રાધાએ પ્રસ્તાવ મૂક્યો કે ખેતરમાં આપણું અનાજ પાકે છે એને પક્ષીઓ ખાઈ જાય છે અને અનાજ ઓછું થાય છે. તો આ પક્ષીઓ ન આવે એવો કોઈ ઉપાય શોધી કાઢીએ.

તો ટણપો કહે કે મને એક દિવસનો સમય આપો. રાત્રે વિચાર કરીને કાલે સવારે ખબર આપું. તો બધાએ કહ્યું સારૂ. હવે ટણપાએ આખી રાત વિચાર કર્યો અને પછી શોધી કાઢ્યું. બીજા દિવસે ગોપના ઓટલે ટણપો કહે કે એવું કરવાનું કે બે મોટી લાકડીઓ લેવાની. એકને જમીનમાં ઉભી રોપવાની અને બીજીને આ ઉભી લાકડી પર આડી બાંધવાની. પછી એક ખમીસ લઈને એને પહેરાવી દેવાનું અને ખમીસની પાછળ કૃષ્ણ લખી દેવાનું. પવન આવશે એટલે ખમીસ હાલશે તથા બાયો ઉડશે એટલે એવું લાગશે કે કોઈ પક્ષીઓને ઉડાડે છે. આ જોઈને પક્ષીઓ આવશે નહીં.

બધાને વાત ગમી એટલે રાધાના ખેતરમાં જ અખતરો કર્યો. પાછળ કૃષ્ણ લખીને ખેતરમાં ઉભું કરી દીધું.

હવે પક્ષીઓ આવે, પણ પવનથી ખમીસ હાલે એટલે પક્ષીઓ ઉડી જાય અને ફરી આવે જ નહીં. ટણપાએ કહ્યું કે આમાં તો પૈસાનો ખર્ચ નથી એટલે નંદબાબાને મળવાનું નથી. આપણે રોડ, રસ્તા અને નીક બનાવવામાં કરેલા પૈસા ખર્ચ થયા એ પુછ્યું નથી પણ આમાં તો માત્ર બે લાકડા જ લેવાના છે. રાધાના ખેતરમાં એક અઠવાડિયું જોયું તો પક્ષીઓ આવે જ નહીં. આવે ખરા પણ પેલા ખમીસનું હલનચલન જૂએ એટલે ઉડી જાય.

પછી ગામના બધાયના ખેતરમાં આવું કરી નાખ્યું અને રાધાનો ધન્યવાદ માનીને એનું સન્માન કર્યું.

આને 'ચાડીયો' કહેતા. આમ ચાડીયાની શોધ પણ ગોકુળમાં થઇ અને રાધા એની નિમિત્ત બની.

**ૐ મા ૐ**

## (૫) "કૃષ્ણનું આગમન"

[તા. ૭.૮.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં "રાધાની ખિડકી" શ્રૃંખલામાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા કહેવાયેલ પ્રસંગ.]

રાધાની ખિડકી એટલે રાધાના મનોભાવનું દર્શન. રાધાની ખિડકી એટલે રાધાની મનોવૃત્તિને વંદન. રાધાની ખિડકી એટલે રાધા અને શ્રીકૃષ્ણના આત્મિક પ્રેમના પ્રસંગોને પ્રણામ કરવાની કથા.

રાધાની ખિડકીના પ્રસંગોને પૂજ્યશ્રીના સ્વરૂપે સાંભળો ત્યારે અતીતમાં ખોવાયેલા પૂજ્યશ્રીના મનને નિરખવાનું સૌભાગ્ય મળે. ભૂતકાળના પ્રસંગોને સજીવન કરવાની પૂજ્યશ્રીની નિપુણતાને માણવાનો આનંદ. પૂજ્યશ્રીના મુખારવિંદ, હસ્ત અને તનની ભાવમુદ્રાઓ સહજતાથી ભૂતકાળને સ્પર્શ કરે એની અનુભૂતિને નિરખવાની પુણ્યતા પ્રાપ્ત કરવાનો અવસર.

આ ભાવમુદ્રાઓ સાહજિક હોય પણ અલભ્ય હોય ભલે એને કેમેરામાં કેદ કરો પણ સજીવન ન કરી શકો.

રાધાની ખિડકી અને 'ગોપના ઓટલા' એ આપણને પૂજ્યશ્રીના અલૌકિક, અદભુત ભાવમુદ્રાઓનાં દર્શન કરાવ્યા છે.

આજનો પ્રસંગ....

ગોકુળમાં રોજ પ્રભાતફેરી ફરાય છે. બધા જ ગોપ-ગોપીઓ આમાં ભાગ લે છે અને આનંદ કરે છે. કાનાને યાદ કરે છે. ગામલોકો પણ આ પ્રભાતફેરી જોઇને ખુશ છે અને આનંદમાં છે કે પ્રભાતફેરી દ્વારા કાનાને યાદ કરે છે.

એક દિવસ રાધાએ કહ્યું કે આપણે બધા પ્રભાતફેરી ફરીને ગોપના ઓટલે બેસીએ. શાંતિથી બેસીને થોડી ચર્ચા વિચારણા કરીએ. બીજા દિવસે બધા પ્રભાતફેરી ફર્યા પછી ગોપના ઓટલે બેઠા છે. ટણપાએ રાધાને પૂછ્યું કે તારે કાંઈ કહેવું છે?

રાધાએ કહ્યું કે, આપણે ગોકુળ ગામના રહેવાસીઓ માટે કશું કરીએ.

ટણપો કહે કે આ ગામમાં જેટલા ઘર છે એ આપણે દરેક ગોપ ગોપીને વહેંચી દઈએ. દરેક ગોપ ગોપી એને આપેલા ઘરની મુલાકાત લે અને પૂછે કે આપને કોઈ તકલીફ છે, કોઈ મુશ્કેલી છે, આપના કોઈ સૂચન છે? અને પછી ગોપના ઓટલે એની ચર્ચા કરીને નિરાકરણ કરીએ. બધાને આ વાત ખૂબ ગમી અને આ પ્રમાણે કાર્ય શરૂ કર્યું.

બધા ઘરે ઘરે જવા માંડ્યા અને પૂછવા માંડ્યા. લોકોને આ સહકાર અને પ્રેમમય સહયોગ ખૂબ ગમ્યો. રોજ ગોપના ઓટલે ચર્ચા થાય અને પ્રશ્નનું નિરાકરણ થાય. ગામ લોકો ખૂબ ખુશ થયા અને આશીર્વાદ આપવા લાગ્યા. નંદબાબાએ પણ બધા ગોપ-ગોપીઓને ધન્યવાદ આપ્યા.

હવે મથુરામાં કૃષ્ણએ કંસનો વધ તો કરી નાખ્યો. પણ એને રાધા ખૂબ યાદ આવે. એ ટેરેસ પર જઇને એકલો એકલો રાધાને યાદ કરીને ખૂબ રડે. એને થયું કે મારે રાધા પાસે જવું પડશે એટલે એક દિવસ શ્રીકૃષ્ણ રાધા પાસે સ્વયં પ્રગટ થયા. રાધા તો કાનાને જોઈ સજ્જડ થઈ ગઈ. આશ્ચર્યચકિત થઈને કાનાને જોયા જ કરે. રાધાએ પૂછ્યું કાના તું આયો? તો કહે કે હા, હું છું. પછી બંનેને બેસીને ખૂબ ખૂબ વાતો કરી. શ્રીકૃષ્ણ નરમ થઈ ગયો. રાધા કહે કે તારાથી આમ ઢીલું થવાય નહીં. તારે તો હજુ ખૂબ કામો કરવાના છે. તું આમ નરમ થાય તો કેમ ચાલે? હવે કાનો કહે કે સાંભળ રાધા. મારે તને કાઇક કહેવું હોય કે તને કાઈક પૂછવું હોય તો હું તારો સંપર્ક કરીશ. તારા કાનમાં બીપ બીપ એવો અવાજ આવશે અને તું કહેજે કે હા હું તૈયાર છું એટલે પછી હું બોલીશ એ તને સંભળાશે અને પછી તું જવાબ આપજે મોઢેથી તે હું સાંભળી લઈશ. આમ બે વચ્ચે સમજૂતી થઈ ગઈ.

રાધા કહે કે તમે અહીં આવ્યા છો નંદબાબા અને યશોદાને મળતા જાવ. તો કાનો કહે કે ના રાધા, હું એમને મળવા નહીં જાઉં. કારણ કે એ લોકો બધાને વાત કરી દે કે કાનો અહીં આવ્યો હતો. એટલે શ્રીકૃષ્ણ નંદબાબા-યશોદાને મળવા ગયા નહીં. આમ કેટલાક છોકરાઓ મા બાપથી દૂર જતા રહે છે અથવા લગ્ન પછી મા-બાપથી અલગ થઈ જાય છે આવી મનોદશા કે મનોવૃત્તિની શરૂઆત કૃષ્ણના સમયથી થઇ.

કૃષ્ણએ એમ પણ કહ્યું કે જ્યારે હું યમુના નદીમાં કાળીનાગને નાથવા અંદર પડ્યો ત્યારે નંદબાબા અને યશોદા કિનારે ઉભા રહ્યા પણ મને બચાવવા યમુનામાં કુદયા નહીં. આને કારણે જ કેટલાકને ત્યાં પિતાની હયાતીમાં પુત્રનું અવસાન થાય છે. જો નંદબાબા યમુનામાં કુદયા હોત તો પિતાની હયાતીમાં પુત્રના અવસાનના પ્રસંગો બનત નહીં.

આમ તે જમાનામાં આત્મિક શક્તિથી સંપર્ક અને મળવાની પ્રક્રિયાની શરૂઆત થઈ. દૂર રહીને પણ વાતચીત કરી શકાય એની શોધ થઈ અને પિતાની હયાતીમાં પુત્રના અવસાનના પ્રસંગોની પણ શરૂઆત થઈ.

**ૐ મા ૐ**

## (૬) "રાજદ્વારી ભોજન"

[તા.૧૩.૮.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલ પ્રસંગ.]

"રાધાની ખિડકી" એટલે પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા રાધાના બુદ્ધિ ચાતુર્યની કહેવાતી ગાથા. પૂજ્યશ્રી દ્વારા રાધાજીની નિર્ણયશક્તિ ના કરાવાતાં દર્શન. રાધા દ્વારા કાનાને અપાતી સલાહ અને માર્ગદર્શનની પ્રસંગ કથા. રાધાની સલાહમાં શ્રીકૃષ્ણની અપાર શ્રદ્ધાની વાર્તા. રાધા અને શ્રીકૃષ્ણના પરસ્પર વિશ્વાસને વંદન કરવાનો ઉત્તમ અવસર.

રાધા એટલે સમજદારી, બહાદુરી અને શાણપણની જીવંત ગાથા. બુદ્ધિ માટે શિક્ષણ અનિવાર્ય નથી એનું ઉત્તમ દૃષ્ટાંત. રાધા એટલે નવી પ્રણાલી, નવા રિવાજો, નવી શોધની જન્મદાતા. રાધા એટલે ગોકુળમાં પરિવર્તનની પ્રણેતા. ગોકુળવાસીઓની સુખાકારી માટેના નવા નવા પ્રયત્નોનો પરિશ્રમ કરનારી કૃષ્ણની પૂજારણ.

પૂજ્યશ્રીએ કહેલ આજનો પ્રસંગ....

પ્રભાતફેરીમાં બધા ધૂન બોલાવતા બોલાવતા જાય છે. રાધાએ કહ્યું કે આપણે બધા પ્રભાતફેરી પછી ભેગા થઈએ. ત્યાં બેસીને કંઈક વાતો કરીએ. એટલે બધા પ્રભાતફેરી ફરીને આવ્યા પછી ગોપના ઓટલે ભેગા થયા છે. બધા બેઠા પછી રાધાએ કહ્યું કે આપણે જે કામ શરૂ કર્યું છે, તે

ખૂબ સારૂં છે. લોકોના ઘરનો સર્વે કર્યો છે તેથી લોકો ખૂબ ખુશ છે. રાધાએ કહ્યું કે આપણે બીજું એક કામ કરીએ. ગામના જે નાના નાના છોકરાઓ છે તેમને અક્ષરજ્ઞાન આપીએ. આપણા ગામમાં સો એક ઘર છે અને આપણે પંદરેક જણ છીએ તો દરેકને છ-છ કે સાત ઘર આવે. આપણે બધા બાળકોને એક ઘરે બોલાવીએ અને અક્ષરજ્ઞાન આપવાનું શરૂ કરીએ.

ટણપો કહે કે એવું નહીં. હું તમને બીજો વિચાર આપું. બધા જ છોકરાઓને અહીં ગોપના ઓટલે બોલાવીએ અને અહીં એક જ સભ્ય બધા ય છોકરાઓને ભણાવે. આપણે પંદર સભ્યો છીએ એટલે દરેકને મહિનાના બે દિવસ આવે. આમ આપણે નાના છોકરાઓને અક્ષરજ્ઞાન આપીએ. બધાને ટણપાની વાત ગમી અને આ જ પ્રમાણે કામ કરવાનું નક્કી કર્યું.

આખા ગામમાં જાહેરાત કરી દીધી કે સહુ પોતાના નાના બાળકોને સવારે ગોપના ઓટલે મૂકી જાય. હવે બધી માતાઓ સવારે પોતાના બાળકને ગોપના ઓટલે મૂકી જાય છે. અહીં બધાને એક બે કલાક અક્ષરજ્ઞાન આપવામાં આવે અને પછી વાલીઓ બાળકને પાછા લઈ જાય. આ કામથી ગામ લોકો ખૂબ ખુશ થઈ ગયા અને ગોપના ઓટલાના સભ્યોને ધન્યવાદ આપવા લાગ્યા. આમ ગામમાં જ અક્ષરજ્ઞાન આપવાની શરૂઆત રાધાજીએ કરાવી. રાધાજીને બધા આશીર્વાદ આપે છે. પહેલા દિવસનું અક્ષરજ્ઞાન કાર્ય પતાવી રાધાજી ઘરે ગયા છે.

રાધાજી ઘરે પહોંચ્યા ત્યાં જ એમના કાનમાં બીપ-બીપ અવાજ આવ્યો. રાધાજી ખુશ થઈ ગયા. આ તો મારા કાનાનો અવાજ. રાધાજીએ પૂછ્યું બોલો કાના, શું કહેવું છે, કાનો કહે કે મારે તને કાંઈક પુછવું છે. રાધાએ કહ્યું, બોલો શું પુછવું છે?

કાનાએ કહ્યું કે હું અહીં દુર્યોધન સાથે સંધિ કરવા આવ્યો છું. દુર્યોધને મને જમવાનું આમંત્રણ આપ્યું છે અને વિદુરજીએ પણ જમવાનું આમંત્રણ આપ્યું છે તો મારે ક્યાં જમવું? કઈ બાજુનું આમંત્રણ સ્વીકારવું? હું દુર્યોધનને ત્યાં જાઉં કે વિદુરજીને ત્યાં જાઉં? હું વિમાસણમાં છું અને મારે શું કરવું તે સમજાતું નથી. રાધા કહે કે મને વિચાર કરવા દો અને એક કલાક પછી હું કહીશ. એક કલાક પછી કાનાએ ફોન કર્યો એટલે રાધાએ કહ્યું કે તમે વિદુરજીને ત્યાં જાવ. દુર્યોધન ખેલાડી છે અને ભોજનમાં તમને કાંઈક આપી દે. રાધાજીની સલાહથી કૃષ્ણ વિદુરજીને ત્યાં ગયા અને દુર્યોધન ને ત્યાં જમ્યાં નહીં. આમ રાજદ્વારી ભોજન અથવા ભોજન ડિપ્લોમસીની શરૂઆત તે વખતે થઈ હતી.

**ૐ મા ૐ**

તા. ૧૬-૦૮-૨૧

હેમંત ઉપાધ્યાય

હું આવું ત્યારે ચહાનો કપ નહી તો ધાનશાક જમાડે
કૃષ્ણની કરીને વાતો, મારા હૃદયના ભાવને રમાડે
ખીડકી માંથી હું જોયા કરૂં ને મુખ મા કરૂં મચકોડયા કરૂં
આંખોથી ભલે તરછોડયા કરૂં પણ દિલથી વ્હાલ કર્યા કરૂં.
ધન્ય છે એ શાક, જે શ્રીરાજના હાથનો સ્વાદ પામે છે.
અને પરમ પવિત્ર છે એ મંત્ર, જેમાં માતનો નાદ ગાજે છે.
વ્હાલી છે મને એ ખીડકી, જ્યાં દિયરનો હર્ષનાદ રણકે છે
કૃષ્ણને કરી જયારે વાત, તો મિત્રભાવ નો ઉન્માદ જાગે છે.

## દિયર છે મને વ્હાલો

શ્રીકૃષ્ણ છે મનનો માણીગર ને શ્રીરાજ શબ્દનો જાદુગર
એક છે મધુર મોરલીવાળો, બીજો મધુર સ્વાદનો કારીગર
પ્રભાત ફેરીમાં એકનો નાદ ગાજે બીજો વિદેશના ફેરા ફરે.
એક ગોકૂળને હૈયે લગાડે, બીજો ગોધરાને દિલથી ના છોડે.
એક પીતાંબરથી કેવો સોહાય, બીજો પહેરણથી વખણાય
ઘેલી સદા રહી હું કાનાની, ને રાજ મારા દિલમાંથી ના જાય.

કાના એ દીધી કૌરવોને મુક્તિ ને શ્રીરાજ દેતા પ્રેતને શાંતિ
ચરણથી એક કાળી નાગ નાથે ને રાજ અંગુઠેથી ભૂમિ દબાવે
કાનો આનંદ રાસ રચાવે ને રાજ કદી રાસમાં ના થાકે
એક યશોદા નંદન કહેવાય ને રાજ માત-બાળથી સોહાય
આખા જગમાં કાના ના ચિત્ર પ્રેમથી રખાય
ને શ્રીરાજ જેવો મિત્ર, મારા નયનોથી ના જાય.

મુસ્કાન બેયની સહુને ઘેલી કરે, ને દર્શનથી આંખડી ઠરે
કાનો મને સદા આગળ ધરે, ને રાજ ચા નાં પ્યાલા ભરે
ગોપના ઓટલે હવે ઝૂલો ફરે, ખીડકીમાંથી રાધા જોયા કરે
બેય ના વિના સુનું ગોકૂળ, એમના પગલાંની રાહ જોયા કરે.

ભાવથી ભરેલી આ મિત્ર જોડી, મારા નયનોમાંથી ના જાય.
એકને ડીયર માનીને મ્હાલું, બીજાને દિયર કહીને હાથ ઝાલું
દિયર કહીને હાથ ઝાલું.

**ૐ મા ૐ**

## (૭) "રાધાની મૂંઝવણ"

[તા.૧૬.૮.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલ પ્રસંગ.]

રાધાની ખિડકી એટલે રાધાજીના જીવનની વાતો. રાધાની ખિડકી એટલે રાધા અને દિયરના સંવાદો. રાધાની ખિડકી એટલે રાધાજીની મૂંઝવણમાં દિયરનું માર્ગદર્શન. રાધાની ખિડકી એટલે રાધાને સ્પષ્ટ શબ્દોમાં તેની ભૂલનો અરીશો બતાવતા દિયરજીનો તટસ્થ અભિપ્રાય. રાધાની ખિડકી એટલે રાધા દ્વારા દિયર પાસે માંગવાના અધિકારની પ્રસંગ કથા.

રાધાની ખિડકી એટલે દિયર પ્રત્યે નિર્દોષ વહાલ અને સ્નેહની લાગણીના દર્શન. રાધાની ખિડકી એટલે પૂજ્ય ગુરુદેવના અતીતના સામર્થ્યની ઝાંખી. રાધાની ખિડકી એટલે આનંદ, ઉત્સવ, જ્ઞાન, મહોત્સવ અને મુઠ્ઠી ઊંચેરો સત્સંગ.

રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના ઉત્સાહ, વાણીમાં જોમ, તન-મન ના હરખ અને બાળ સહજ નિર્દોષતાના દર્શન. પૂજ્યશ્રીના બાળ સ્વરૂપની ઝાંખી અને મુક્ત હાસ્યને નિરખવાનો અવસર.

ગોપલો ઓટલો અને રાધાની ખિડકી એટલે શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા કરાતી કૃષ્ણ યુગની કથા સાંભળવાનું પ્રારબ્ધ. ભકતો આ પ્રસંગોને વીડિયોમાં જોવા અને વાંચવા માટે આતુર ભાવે પ્રતીક્ષા કરતા હોય.

આજનો પ્રસંગ.

કાના... ઓ... કાના... આવ ભાઈ, આવ. પૂજ્યશ્રીએ આજે રાધાની વાત સાંભળવા કાનાને બોલાવ્યો. કાનાને સાદ પાડવાની પૂજ્યશ્રીની રીત, વાણી, નયનો નો હરખ અને મિત્રભાવનો રણકો જોવો અને સાંભળવો એટલે અદભુત દર્શન.

કાનો આવ્યો. કાનો કહે કે કેમ બહુ દિવસે યાદ કર્યો? પૂજ્યશ્રીએ કહ્યું કે, આજે રાધા આવવાની છે. અમારે શું વાતચીત થાય છે કે તારે સાંભળવી હોય તો બેસ. પછી કહે કે, ના, તને જોઈને રાધા અચકાશે. તું મારા હીંચકાની પાછળ સંતાઈ જા. અને સાંભળ, પાછળ બેસીને શાંતિથી સાંભળજે. અમારી વાતોમાં કૂદી ના પડીશ અને ઉભો ના થઈ જતો. કાનો કહે સારૂ.

રાધા પ્રભાતફેરી ફરીને આવ્યા. બધા ઓટલા પર ભેગા થયા છે. રાધાએ કહ્યું કે, ગામમાં બધું ખૂબ સરસ ચાલે છે. બધા ખુબ ખુશ છે પણ એક કામ કરવાનું બાકી છે. બધા પૂછે હવે શું બાકી છે? રાધા કહે કે,

આપણા ગામમાં કોઈકને ઘરે શુભ કે અશુભ પ્રસંગ હોય તો આપણે બધાએ પહોંચી જવાનું. એમને બધાં જ પ્રકારની મદદ કરવાની. એમને ખબર આપવાની કે, અમે તમારી સાથે છીએ. આ બધી વાતોથી ગોપના ઓટલાના સભ્યો રાજી થયા અને રાધાની વાહ-વાહ કરવા લાગ્યા. આ બધું જોઇને કોઇક ઈર્ષ્યાળુને દુઃખ થયું, એને થયું કે રાધા આટલા સારા કામો કરે છે, રાધાને આટલું બધું માન મળે છે, રાધાની વાહવાહ થાય છે. ગામલોકો રાધાને મળવા જાય છે. એના સલાહ-સૂચન લેવા જાય છે. રાધા ખૂબ વખણાય છે. તો એને કશુંક કરવું જોઈએ.

એટલે પેલો ઈર્ષ્યાળુ રાત્રે બાર થી બે માં ઉભો થાય અને રાધાના ઘરના બારણા પાસે જઈને કાપેલા બે લીંબુ મૂકી આવે. કોઈક દિવસ મરચાં મૂકી આવે. કોઈક દિવસ કોળું કાપીને મૂકી આવે. કોઈક દિવસ લીંબુ પર કંકુ નાખીને મૂકી આવે. તો કોઈ દિવસ અડદના દાણા નાખી આવે. રાધાએ પંદર દિવસ જોયું કે આ બધું શું ચાલે છે? તે જરાય ગભરાઈ નથી. પંદર દિવસ પછી બધાને વાત કરી.

ટણપો કહે કે આજે આખી રાત આપણે બધા જાગીએ. એટલે રાત્રે બધા દંડા લઇને બેઠાં. કોઈ કહે ભૂત છે, કોઈ કહે પ્રેત છે એમ વાતો ચાલે. આમ રોજ ચાર જણા રાધાના ઘરની આગળ રાત્રે દંડા લઈને બેસે પણ કોઈ આવ્યું નહીં. ફક્ત એક બિલાડી દોડી અને એક ઉંદર દોડ્યો. કોઈ

આવ્યું નહીં. આ લોકો રોજ આખી રાત બેસે. આમ ચાર-પાંચ દિવસ કોઈ આવ્યું નહીં. એટલે બધાએ જાગવાનું બંધ કર્યું. આમ જાગવાનું બંધ થયું એટલે પાછું પેલું ચાલુ થઈ ગયું. રાધા વિચાર કરે કે, શું કરવું? ચાલો દિયરજી પાસે જઈને વાત કરૂં. એટલે રાધા દિયરજી પાસે શ્રધ્ધામાં આવી.

રાધાને આવકાર આપીને પૂજ્યશ્રીએ પૂછ્યું કે બધું બરાબર છે? અહીં આવવાનું કોઈ કારણ? રાધાએ કહ્યું કે, એક સમસ્યા છે. તમને નહીં લાગે પણ મારે મન આ મોટી તકલીફ છે. પૂજ્યશ્રીએ કહ્યું કે, તમને કોઈ તકલીફ હોય તો કાનાને કહો. આખું જગત એની પાસે તકલીફોના નિવારણ માટે જાય છે. તો રાધા કહે કે એને તો ઘણા કામ હોય છે. હમણાંથી એ ખૂબ કામ કરે છે એટલે કાનો તો જરાય નવરો પડતો જ નથી. પૂજ્યશ્રીએ સહજ ભાવે પૂછ્યું કે તો તમને એમ લાગે છે કે હું નવરો બેઠો છું?

પૂજ્યશ્રી જ્યારે આ શબ્દો બોલ્યા ત્યારે એમના હાવભાવ, એક સંદેશ આપતી મુખની મુસ્કાન અને રાધાને પણ આશ્ચર્ય થાય તેવી તનમુદ્રા પર ભક્તોએ સતત તાળીઓ પાડી. અદભુત દર્શન.

પૂજ્યશ્રીએ કહ્યું કે, હું પણ જરાય નવરો નથી. હું ચોવીસેય કલાક મારા ભક્તોનાં હિત માટે કાર્યરત રહું છું. ભક્તોએ ફરીથી ખુબ તાળીઓ પાડી. છતાંય હું તમારૂ સાંભળીશ. તમારે જે કાઈ કહેવું હોય, તે કહો.

એટલે રાધાએ આખી વાત કરી કે આમ થયું. આવું થાય છે- કોઈ બારણા આગળ રોજ નવી નવી વસ્તુ મૂકી જાય છે તો આનો ઉપાય શું? કોઈ કહે કે, ભૂત છે, કોઈ કહે કે, પ્રેત છે, કોઈ કહે કે આમ છે ને તેમ છે. બધા લોકો જાતજાતની વાતો કરે છે. એટલે પૂજ્યશ્રીએ કહ્યું કે એકદમ તો હું કશું કહી ના શકું. મારે મારા સેનાપતિ માતાજીને પૂછવું પડે. કારણ કે આ તો આખાય વિશ્વના તારણહાર એવા શ્રીકૃષ્ણના ઓળખાણવાળાનું કામ છે એટલે મોટું કામ છે. મારે પૂછીને કરવું પડે. એકદમ તાત્કાલિક કશું ના કરી શકું. પૂજ્યશ્રીએ કહ્યું કે, તમે થોડા દિવસ પછી આવો. હું માતાજી સાથે પરામર્શ કરી લઉં કે શું કરું. પછી આપણે વાત કરીએ.

માતાજી સાથે પરામર્શ કર્યો તો માતાજીએ કહ્યું કે ચોખા અને અડદનો લોટ અભિમંત્રિત કરીને આપી દે અને કહેજે કે આ બારણા પાસે આ લોટ પાથરી દે. અને થોડો વધારે આપજે એટલે ચાર-પાંચ દિવસ ચાલે. સવારે આ લોટ સાફ કરી નાખે. પૂજ્યશ્રીએ કહ્યું કે સારૂ. પૂજ્યશ્રીએ બધી વ્યવસ્થા કરી દીધી.

રાધાજી થોડા દિવસ પછી પાછા આવ્યા. એટલે રાધાજીને કહ્યું કે આ લોટ તમારા ઘરના બારણા પાસે પાથરી દેજો. બીજું કશું કરવાનું નથી. લોટને ભીનો પણ કરવાનો નથી. તમે બે ચાર દિવસ કરી જુઓ કે શું થાય છે? રાધાજી કહે કે આ લોટ પાથરવાથી શું થશે? પૂજ્યશ્રી કહે, કે મને

ખબર નથી. મને તો માતાજીએ કહ્યું અને માતાજીના આદેશ મુજબ તમને કહું છુ કે આટલું કરી દેજો. રાધા કહે કે સારૂ.

થોડી વાર પછી રાધા કહે કે દિયરજી, ચા તો પીવી પડશે. પૂજ્યશ્રી ખૂબ હસ્યા છે. કહ્યુ કે જાવ રસોડામાં અને બધું લઇ આવો, હું તમને મસાલો કરી આપું. પૂજ્યશ્રીએ પૂછ્યું કે એક કપ કે બે કપ? રાધાજીએ કહ્યું કે, ના, બે કપ. એટલે બે કપનું કરી આપ્યું. રાધાજીએ ચા પીધી અને પછી બીજી બધી ચર્ચાઓ ચાલી. ચર્ચાઓ કરતાં કરતાં રાધાજી કહે કે, તમારૂ કબાટ ખોલો અને તમારા કબાટમાંથી એક ઝભ્ભો મને આપો. પૂજ્યશ્રીએ પૂછ્યું કે તમારે કોને આપવો છે. રાધા કહે કે મારે કાનાને આપવો છે. પૂજ્યશ્રીએ કહ્યું કે આખા જગતને આપનારને મારે ઝભ્ભો આપવાનો? ના ભાઈ ના. મારાથી ન અપાય અને તેય મારો પહેરેલો ઝભ્ભો તો ના જ અપાય. રાધા કહે, ના ચાલે. બસ તમે ઝભ્ભો આપો જ. પૂજ્યશ્રીએ કહ્યું કે મારાથી ના અપાય. તમે એમ કરો કે મને પાંચ દિવસનો સમય આપો. હું નવું કાપડ લાવીને, ઝભ્ભો સીવડાવીને એને આપુ. તો કહે, કે ના. મારે તો આમાંથી જ જોઈએ. મારે તો તમારો પહેરેલો ઝભ્ભો જ જોઈએ. પૂજ્યશ્રીએ કહ્યું, ના ભાઈ ના, એને મારો પહેરેલો ઝભ્ભો ના અપાય. તો કહે કે અપાય અને એ પહેરે પણ ખરો. એ તો તમારો સખો છે એટલે પહેરેલું પહેરે. પૂજ્યશ્રીએ ફરી ના કહી તોય રાધાજીએ કબાટ ખોલીને અંદરથી કેસરી કલરનો ઝભ્ભો કાઢીને લઈ લીધો. પછી બીજો એક લાલ કલરનો ઝભ્ભો

કાઢ્યો. પૂજ્યશ્રીએ કહ્યું કે આ ઝભ્ભો કેમ કાઢ્યો? તો કહે કે મારા માટે. પૂજ્યશ્રીએ પૂછ્યું કે તમારે શું કરવું છે. તો કહે કે ના, હું પહેરીશ. હવે ફરી આવીશ ત્યારે ઝભ્ભો પહેરીને આવીશ. પછી બીજી બધી વાતો કરી.

પછી રાધાજી કહે કે આ ઝભ્ભો એટલે લઈ જાઉં છું કે આ વખતે એ આવ્યો ત્યારે એણે બધાનો સંહાર કરાવ્યો છે. બીજી વખતે આવે તો કોઈનો સંહાર ના કરે. પૂજ્યશ્રીએ કહ્યું કે આ સંહાર માટે એ એકલો જવાબદાર નથી. તું પણ જવાબદાર છે. (પૂજ્યશ્રીનો જુસ્સો, વાણીમાં પ્રભાવ, હાથ ઉંચા કરીને રાધા પર મુકાતો આરોપ અને આંખોમાં મક્કમતા જોવા મળ્યા.) પુજ્યશ્રીનું આ સ્વરૂપ નિહાળવું એટલે અતિશય આનંદમય અવસર. રાધાને પણ સ્પષ્ટ વાત કહેવાની હિંમતને વંદન થઈ જાય. તેઓશ્રી ઝૂલા પરથી અડધા ઊભા થઈ ગયા છે.

રાધા તો ઊભી થઈ ગઈ. ક્રોધમાં કહે છે કે, મારી પર આરોપ મુકો છો. તમે જ કહો કે મેં યુદ્ધ કરાવ્યું છે? યુધ્ધ તો કાનાએ કર્યું છે. મેં ક્યાં કરાવ્યું છે.

પૂજ્યશ્રીએ કહ્યું કે, શાંત થાવ, શાંત થાવ. ચર્ચાના ટેબલ પર ગુસ્સે ના થવાય. તમે બેસો, હું તમને સમજાવું કે તમે કેમ જવાબદાર છો. રાધા કહે કે સમજાવો મને કે હું જવાબદાર કઈ રીતે? રાધા થોડા શાંત થયા છે. પૂજ્યશ્રીએ કહ્યું કે યુદ્ધના મેદાનમાં અર્જુને શસ્ત્રો મૂકી દીધા અને કહ્યું કે

યુધ્ધ નથી કરવું. ત્યારે કૃષ્ણ વિચારમાં પડી ગયા કે હવે મારે શું કરવું? પછી કાનાએ તમારો સંપર્ક કર્યો અને કહ્યું કે અર્જુન તો યુદ્ધ કરવાની ના પાડે છે, હવે હું શું કરું? આ સમયે તમે કાનાને સલાહ આપી કે તમારૂ જ્ઞાન છે એ જ્ઞાનને વહેવડાવો અને અર્જુનને તૈયાર કરો જેથી તે યુદ્ધ કરવા રાજી થઈ જાય. આ સલાહ તમે આપી હતી. પણ એ વખતે તમે કાનાને સલાહ આપી હોત કે બિસ્તરા પોટલા લઈને ઘરે જતા રહો તો યુદ્ધ ના થાત. પણ તમે એને ઘરે જતા રહેવાનું ના કહ્યું પણ કહ્યું કે અર્જુનને તૈયાર કરો. એટલે જુઓ કે સલાહ અપાય પણ સલાહ આપતા પહેલા વિચાર કરવો પડે.

રાધા કહે કે તે વખતે મારી પાસે ટાઇમ નહોતો. યુદ્ધના મેદાનમાંથી કાનાએ એકદમ પૂછ્યું અને મારે તરત જવાબ આપવાનો હતો. પૂજ્યશ્રીએ કહ્યું કે સારું થયું કે એણે ગીતાનું જ્ઞાન બધાને આપ્યું અને એ રીતે ગીતા બહાર આવી ગઈ પણ જો મહાભારતનું યુદ્ધ ના થયું હોત તો અત્યારે જે ભાઈ ભાઈ વચ્ચે ઝગડા ચાલે છે અને મિલકત માટે કોર્ટમાં જાય છે એવા ઝઘડા ના થતા હોત તે વખતે ભાઈઓને મિલકત માટે અને સત્તા માટે ઝઘડા હતા એ બધા ઝઘડા બંધ થઈ ગયા હોત. એટલે તમે અડધા ગુનેગાર તો ખરા જ. રાધા અવાક થઈ ગયા અને બોલ્યા કે મારે કૃષ્ણને આ વાત કહેવી પડશે.

પૂજ્યશ્રીએ કહ્યું કે બીજી વાર આવો ત્યારે કૃષ્ણને સાથે લેતા આવજો. આપણે વાત કરીશું. પૂજ્યશ્રીએ કહ્યું કે મારે તો નિષ્પક્ષ થઈને મને જે ઠીક લાગે તે તમને બેયને કહેવાનું છે. હું તો તટસ્થ છું અને તને કહેવાનું કે કોઈને સલાહ આપીએ તો સાચી અને સારી સલાહ આપીએ.

કાનાને કહ્યું હોત કે બિસ્તરા પોટલા લઈને ઘરે જા તો આજે ચિત્ર જુદું હોત પણ તે તો કહ્યું કે તારા જ્ઞાનથી એને તૈયાર કર અને અર્જુન તૈયાર થઈ ગયો.

પછી રાધાજી વિદાય થયા.

**ૐ મા ૐ**

પૂજ્યશ્રીની વાત કહેવાની પ્રતિભા, રાધા અને કૃષ્ણને સાચું કહેવાની નીડરતાને વંદન કરવા રહ્યા. પૂજ્યશ્રીના પહેરેલા વસ્ત્ર કાનાને પહેરાવવાની રાધાજીની પ્રબળ ઈચ્છા બતાવે છે કે સદગુરુને જગદગુરુ પણ પ્રણામ કરે છે. કૃષ્ણ જગદગુરુ છે અને શ્રીરાજ સદગુરુ છે.

શ્રીરાજના મસાલા અદભૂત છે. મસાલાનો એક અર્થ છે

મ = મનને

સા = સાત્વિકતા તરફ વાળનારા

લો = લોકસેવક

પૂજ્યશ્રીના ચરણોમાં આપણા સહૂના સાષ્ટાંગ પ્રણામ.

**ૐ મા ૐ**

## (૮) "ગોકુળમાં હાહાકાર"

[તા. ૧૮.૮.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલ પ્રસંગ.]

રાધાની ખિડકી એટલે શ્રીકૃષ્ણ અને રાધા દ્વારા કૃષ્ણસખા એવા પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના સામર્થ્યનું સન્માન. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રી દ્વારા, રાધાજીની સમસ્યાઓનું નિવારણ. રાધાની ખિડકીમાં પુજ્યશ્રીની વિચારધારાના દર્શન થાય. પૂજ્યશ્રી દ્વારા શ્રીકૃષ્ણ અને રાધા પ્રત્યેના આદર, વિવેક અને વિનયને વંદન કરાય. રાધાની ખિડકી એટલે મિત્રતામાં પણ મર્યાદાના દર્શન. રાધાની ખિડકી એટલે તાંત્રિક પ્રયોગ ના મારણની સાત્વિક વિધિની સમજ. રાધાની ખિડકી એટલે સાત્વિક મંત્ર પ્રયોગની શક્તિ સામર્થ્યના અનુભવની વાતો. રાધાની ખિડકી એટલે ગોપમિત્રોના સંપ, સહકાર, સહયોગ અને સાથની ગાથા. રાધાની ખિડકી એટલે જ્ઞાન, અનુભવ અને સામૂહિક સભ્યતા, સમાજ વ્યવસ્થાની સમજણ.

રાધાની ખિડકી એટલે વાર્તાઓ દ્વારા જ્ઞાન, સમજણ અને અનુભવના આદાન પ્રદાનની ગાથા. રાધાની ખિડકી એટલે સંતની સભ્યતા, વિવેક અને મર્યાદાને શીખવાડતા પ્રસંગોનું વર્ણન.

આજનો પ્રસંગ....

એક દિવસ સવારે રાધા શ્રધ્ધામાં આવી પહોંચી અને કહેવા લાગી કે "ગજબ થઈ ગયો, ગજબ થઈ ગયો." પૂજ્યશ્રીએ પૂછ્યું કે શું થયું? રાધા કહે કે આખું ગોકુળ ઉપર-નીચે થઈ ગયું. પૂજ્યશ્રી કહે કે બન્યું શું? તો રાધા કહે કે તમે અહીંથી ચોખા અને અડદનો આપેલો લોટ લઈ ગઈ અને પછી ગોપના ઓટલે બધાને બોલાવ્યા અને કહ્યું કે, હું અમદાવાદથી આ લોટ લઈને આવી છું. અને શ્રીરાજે કહ્યું છે કે બારણા આગળ આ લોટ પાથરી દેજે. પેલો ઠુંઠીયો કહે કે લોટ પાથરવાથી શું થવાનું છે? આ લોટ તો પવન આવે એટલે ઉડી જાય. કાળિયો પણ કહે કે આ લોટથી કશું ના થાય. હવે ટણપો કહે કે આપણે કરવામાં શું વાંધો છે? આપણને કરવાનું કહ્યું એટલે બસ કરવાનું. આમ આવી વાતો કરીને બધા છુટા પડ્યા. રાત્રે દસ વાગ્યા પછી રાધાએ ઘરના બારણાની જાળી પાસે આ લોટ ભભરાવી દીધો. (પૂજ્યશ્રીએ ખુબ સુંદર ભાવમુદ્રા કરીને લોટ ભભરાવવાની પ્રક્રિયા બતાવી. પૂજ્યશ્રીના હાથની મુદ્રાઓ, લોટ ભભરાવવાની ઝડપ અને પછી હાથ ખંખેરવાની અદા ખુબ સરસ હતી.)

લોટ ભભરાવીને રાધા ઘરમાં જઈને સૂઈ ગઈ. હવે તે સવારે પ્રભાતફેરી ફરવા માટે ઉઠી અને બારણું ઉઘાડ્યું તો સજ્જડ થઈ ગઈ. (પૂજ્યશ્રી બન્ને હાથ પહોળા કરીને આંખોથી જે આશ્ચર્યમુદ્રાના દર્શન કરાવ્યા તે અદભુત દર્શન. આ મુદ્રાએ ભક્તોને રાજી કરી દીધા.)

રાધા એકદમ ગભરાઈ ગઈ કે આ શું? આવડો મોટો પહાડ જેવો માણસ બારણા પાસે ઉભો છે. (પૂજ્યશ્રીની આશ્ચર્યચકિત થવાની મુદ્રા લાજવાબ હતી.) આ વ્યક્તિના પગ ચોટી ગયેલા. એનાથી હલાય નહીં ને ચલાય નહીં. અને રાધાને પગે લાગે કે મને છોડાવો, મને છોડાવો. રાધા તો ગભરાઈ ગઈ અને બારણું બંધ કરી દીધું અને જાળીમાંથી જોયું. રાધાએ જોયું કે આ તો આપણા ગામનો જસ્બીન આહિર છે. પછી એણે નીચે જોયું તો એક બાજુ ઉંદર અને સામેની બાજુ બિલાડી ચોંટી ગયેલી. એ બેય ફિટ થઈ ગયેલા. ઉંદર બિલાડીને જોઈને ગભરાય; કે મને મારી નાખશે. આ બાજુ બિલાડી પણ ગભરાય. ત્રણેય જણા નીચે ચોટી ગયેલા. પછી હિંમત કરીને રાધાએ બારણું ખોલ્યું અને બિલાડી તથા ઉંદરને હચમચાવી જોયા પણ બેમાંથી એકેય હાલે નહીં.

પછી બધા સવારે પ્રભાતફેરી ફરવા આવ્યા, એમને કહ્યું આ લોકોએ પણ ખૂબ પ્રયત્ન કર્યો પણ હટે જ નહીં. ત્યાંથી છૂટે જ નહીં, છૂટે જ નહીં. હવે રાધાએ કહ્યું કે આપણે પ્રભાતફેરી ફરીને આવીએ પછી કાંઈક કરીએ. આહિર બિચારો રાતનો ઉભો હશે અને ચોટી ગયો. એનાથી જરા પણ હલાય નહીં. હવે બધા પ્રભાતફેરી ફરીને આવ્યા એટલે પેલા ઠુંઠીયાએ આહિરને બે ત્રણ તમાચા મારી દીધા. પેલા કાળિયાએ પણ આહિરને બે ચાર ઠોકી દીધી. ટણપો કહે કે એને મારશો નહિ. એને કશું કરશો નહીં. એના ખિસ્સા જોવા દો. તો એના પહેરણના એક ખિસામાંથી લીંબુ અને

ચપ્પુ નીકળ્યા અને બીજા ખિસામાંથી અડદના દાણા નીકળ્યા તો ટણપાએ કહ્યું કે તું આ કરવા આવતો હતો? આહિર તો બોલે નહિ, બસ રડ્યા કરે અને માફી માંગતા કહે કે મને છોડાવો, મને છોડાવો.

એટલામાં આહિરની બૈરી આવી. આહિરને જોઈને ગુસ્સામાં બોલવા લાગી કે અહીં શું લાડુ ખાવા આવ્યા હતા. અહીં ક્યાં લાડુ બનતા હતા કે તમે આવ્યા. ગુસ્સામાં તેણી ખૂબ બોલી. પણ એ ય શું કરે? લાચાર હતો બિચારો. માફી માંગે છે અને રડે છે કે મારી ભૂલ થઈ ગઈ, મને છોડાવો, મને છોડાવો. ધીમે ધીમે આખા ગામમાં વાત થઈ ગઈ અને આખું ગામ જોવા આવ્યું. બધા વિચારે કે આને છોડાવવો કઈ રીતે? કોઈ કહે કે એના પગ નીચે ખાડો ખોદી નાખો. કોઈ કહે કે ખાડો ખોદી નાખીએ પણ પગ તો ચોટેલા જ રહેને? પગ ના છૂટે તો, ક્યાંથી છુટે? બધું બહુ વિચાર્યું પણ કાંઈ થયું નહીં. કોઈ કહે કે કૃષ્ણને બોલાવી લાવો. એટલે કેટલાક મિત્રો છાનામાના જઈને કૃષ્ણને બોલાવી લાવ્યા.

કૃષ્ણએ આવીને બધું જોયું અને કહ્યું કે આમાં મારું કામ નથી. આ જેણે કરી આપ્યું છે એને જઈને પૂછો, બાકી આમાં મારાથી કશું નહીં થાય, કારણ કે મેં કાંઈ કર્યું નથી અને હું જાણતો નથી કે આ શું વસ્તુ છે, અને કેમ કર્યું છે. માટે હું કશું જ ના કરી શકું. રાધા કહે કે એમાં ચોખા અને અડદનો લોટ હતો. કાનો કહે કે એણે અભિમંત્રિત કર્યો હશે. એટલે મારાથી

કશું ના થાય. કાનો પાછો જતો રહ્યો. હવે રાધાએ ગામમાંથી જે કોઈ મદદ કરી શકે એવા હોય એ બધાને બોલાવ્યા પણ કોઈ કશું ના કરી શક્યું. આમને આમ ત્રણ દિવસ થઈ ગયા. પણ પેલો ઉભો ને ઉભો. એક જણ થાળી પકડે ને પેલો ખાય. પેલા ઉંદર બિલાડીને પણ લોકો ખાવાનું મુકે, દૂધ આપે પણ એ ચોટેલા ને ચોટેલા જ રહ્યા. પેલા આહિર જોડે બિચારા ઉંદર બિલાડી પણ ભોગ બન્યા. હવે છેવટે રાધા શ્રીરાજયોગીજી પાસે આવી. તે ખૂબ ગભરાયેલી હતી. પૂજ્યશ્રીએ પૂછ્યું કે શું થયું છે? તો કહે કે ગજબ થઇ ગયો. પછી તેણીએ પૂજ્યશ્રીને બધી વાત કરી. પૂજ્યશ્રીએ કહ્યું કે જોઈએ કે આમાં શું થાય. રાધા કહે કે તમે કોઈક ઈલાજ કરી આપો. પૂજ્યશ્રીએ કહ્યું કે મને મંદિરમાં જવા દો અને માતાજી જોડે પરામર્શ કરૂ કે આમાં કશું થાય ખરું? માતાજી મને કોઈક આદેશ આપે તો તમને કશુંક કરી આપું. આમ કહીને મંદિરે જતા પહેલાં પૂજ્યશ્રીએ રાધાજીને કહ્યું કે તમારી ચા તૈયાર છે અને આજે મેં બટાકાપોંઆ નો મસાલો કર્યો છે, તે પણ તમે ખાવ. આમ કહીને પૂજ્યશ્રી મંદિરમાં ગયા અને દસ પંદર મિનિટ પ્રાર્થના કરી. પૂજ્યશ્રીને માતાજીએ સંકેત આપ્યો કે અભિમંત્રિત કરીને જળ આપી દે. એ જળ છાંટશે એટલે છુટા થઇ જશે. પછી પૂજ્યશ્રી બહાર આવ્યા. રાધાજી ચા પીતા હતા અને નાસ્તો કરતા હતા. પૂજ્યશ્રીને કહે કે આ બટાકાપૌંઆમાં એટલો સરસ સ્વાદ છે કે આવા સ્વાદિષ્ટ બટાકાપૌંઆ મેં ક્યારેય ખાદા નથી. કોણે મસાલો કર્યો? તો પૂજ્યશ્રી કહે કે મેં મસાલો

કર્યો છે. રાધાજી કહે કે તમારે મને થોડા બટાકાપૌંઆ બાંધી આપવા પડશે. પૂજ્યશ્રીએ પૂછ્યું કેમ? તો રાધાજી કહે કે કાનાને આપવા માટે. પૂજ્યશ્રીએ કહ્યું કે બાંધી આપું પણ તમે રસ્તામાં ખાઈ તો નહીં જાવ ને? રાધા કહે કે ના, નહીં ખાઉં. પૂજ્યશ્રી કહે કે ખાવ તો બે-ત્રણ ચમચા ખાજો અને ખાઓ તો કાનાને કહી દેજો કે મેં આમાંથી બે-ત્રણ ચમચા ખાધા છે. નહીં તો સુદામા જેવી દશા થશે. રાધા કહે કે ના, નહીં ખાઉં. પછી પૂજ્યશ્રી અને રાધાજી બેઠા છે અને બીજી બધી વાતો ચાલી. એટલામાં બહારથી એક બિલાડી દોડતી દોડતી આવી અને રાધાના ખોળામાં બેસી ગઈ. રાધા કહે કે આ બિલાડી કોની છે? પૂજ્યશ્રી કહે છે મારી તો છે જ નહીં. મેં બિલાડી રાખી નથી અને પાળી પણ નથી. રાધા કહે કે આ બિલાડીને કાઢો. પૂજ્યશ્રી કહે કે હું કેવી રીતે કાઢું? તમારી પાસે આવીને બેઠી છે, મારી પાસે તો આવી નથી. એટલામાં બિલાડી રાધાજીના મસ્તકે ચઢી ગઈ. રાધાજીએ તો બૂમો પાડવા માંડી. દિયરજી તમે આ બિલાડીને કાઢો અને મને છોડાવો. પૂજ્યશ્રી કહે કે એ કશું કરતી નથી અને બેસી રહી છે. રાધા કહે કે ના, ના તમે બિલાડીને કાઢો. પૂજ્યશ્રી કહે કે હું કેવી રીતે કાઢું? પૂજ્યશ્રી એ મંગળને બૂમ પાડી કે મંગળ, લાકડી લઈને આવ. અને આ બિલાડીને કાઢ. એટલામાં બિલાડી કૂદીને જતી રહી. રાધાજી કહે કે તમારી બિલાડી તો ખરી છે. પૂજ્યશ્રી કહે કે મારી ક્યાં છે, તમારી સાથે આવી હશે.

હવે રાધાજી કહે કે મને માથામાં કંઈક થાય છે. માથું ખૂબ ભારે લાગે છે. પૂજ્યશ્રી કહે કે તો હું શું કરૂ? રાધાજી કહે કે તમારો હાથ મારા માથા પર મૂકી દો. પૂજ્યશ્રીએ કહ્યું કે ના, મારાથી હાથ ના મુકાય. કારણ કે શ્રીકૃષ્ણ તો જગદગુરૂ છે અને તમે તેના આત્મિક છો એટલે તમારૂ સ્થાન એકદમ ઉચું છે અને હું તો સંસારી માણસ છું. પૃથ્વીલોકનો માણસ છું. એટલે મારાથી તમારા મસ્તકે હાથ ના મુકાય. મારાથી હાથ મૂકી જ ના શકાય. રાધાએ ખુબ કહ્યું પણ પૂજ્યશ્રીએ ના પાડી. હવે પૂજ્યશ્રીએ કહ્યું કે મને કાનો કહે તો હાથ મૂકી આપું. રાધા કહે કે તમે હાથ મુકો તો મને શાંતિ થાય. ઘણી રકઝક કરી. પછી કહે કે હું કૃષ્ણને મારી રીતે પૂછું છું. રાધાએ કૃષ્ણને કહ્યું હશે કે હું અહીં આવી છું અને આવું આવું થયું છે. એ પછી કૃષ્ણએ પૂજ્યશ્રીને કહ્યું કે ભઈલા શું છે? પૂજ્યશ્રી કહે કે તમે બંને ખૂબ ઊંચી કક્ષાએ બેઠેલા છો અને મારાથી એમના માથે હાથ ના મુકાય. હું હાથ મૂકી જ ના શકું.

કૃષ્ણ કહે કે એ બધી વાત જવા દે. અત્યારે મારી પાસે સમય નથી. પણ યુધ્ધમાં જેમ અર્જુનને આદેશ આપ્યો હતો એમ અત્યારે મારો આદેશ છે કે તું હાથ મૂક. પૂજ્યશ્રીએ કહ્યું કે, હવે મારૂ કાંઈ ન ચાલે. પૂજ્યશ્રીએ રૂમાલ લઇને હાથ મૂકી આપ્યો.

રાધા કહે કે મને શાંતિ થઈ ગઈ, શાંતિ થઈ ગઈ. પછી રાધા કહે કે તમે મને અન્યાય કરો છો. મારા માથે હાથ મૂકવા તમે કૃષ્ણને પૂછાવ્યું અને તમારા ભક્તોને મસ્તકે હાથ મૂકો છો. પૂજ્યશ્રીએ કહ્યું કે તમે ઉચ્ચ કક્ષાએ બિરાજો છો. જ્યારે મારા ભક્તો તો દુન્યવી માણસો છે. પછી બીજી બધી વાતો કરી અને રાધા કહે કે હું જાઉં.

પૂજ્યશ્રીએ કહ્યું કે બીજી વાર આવો ત્યારે કહેજો કે આ અભિમંત્રિત જળ છાંટવાથી શું થયું.

**ૐ મા ૐ**

## (૯) "રાધાનો પ્રકોપ"

[તા.૧૮.૮.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલ પ્રસંગ.]

રાધાની ખિડકી એટલે પૂજ્ય રાજયોગીજીની રાધાજી સાથેની તત્વચિંતક વાતો. રાધાની ખિડકી એટલે રાધાજીના પૂજ્યશ્રીના દિયર સ્વરૂપ સાથેના મીઠા ઝઘડા. રાધાની ખિડકી એટલે રાધાના શ્રીકૃષ્ણ સાથેના દૈવી સંબંધના દર્શન. રાધાની ખિડકી એટલે શ્રીકૃષ્ણ, શ્રીરાજ અને શ્રીરાધાજી એમ ત્રિપુટીની સાત્વિક વાતોનો ખજાનો. રાધાની ખિડકી એટલે શ્રીરાજ પાસેથી હકથી માંગણી કરતા રાધાજીના સ્વરૂપની ઝાંખી. રાધાની ખિડકી એટલે સુદામાના પૌંઆ અને પૂજ્યશ્રીના બટાકાપૌંઆ પર શ્રીકૃષ્ણના અપાર સ્નેહની ગાથા. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રી અને શ્રીકૃષ્ણની મિત્રતાના અનેક સ્વરૂપની ઝાંખી. રાધાની ખિડકી એટલે પુજ્યશ્રી પહેરણ પહેરેલા શ્રીકૃષ્ણના દર્શન. રાધાની ખિડકી એટલે જ્ઞાન, અનુભવ અને પ્રસંગોની કથા. રાધાની ખિડકી એટલે દૈવી સંબંધ અને દુન્યવી સંબંધો વચ્ચેની મર્યાદાની લક્ષ્મણરેખાનું જ્ઞાન.

રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના વિવેક, વિનય, મર્યાદા અને આદર સત્કારનાં દર્શન. પૂજ્યશ્રીના મનોભાવ, તનમુદ્રાઓ અને ભાવમુદ્રાઓના સંપુટ ને પ્રણામ કરવાનો પ્રસંગ.

આજનો પ્રસંગ.....

સામેથી રાધાકૃષ્ણ બે ય આવતા દેખાય છે. પૂજ્યશ્રીની એમને દૂરથી જોવાની રીતમાં આદર, સ્નેહ, અને પ્રતીક્ષાના ભાવદર્શન થાય છે. બન્ને જણા ધીરે ધીરે આવે છે. પૂજ્યશ્રી કહે છે આવ, ભઈલા, આવ. ફરીથી સ્નેહથી કહે છે આવ, આવ બેસ મારી જોડે. પૂજ્યશ્રી ઝૂલા પર થોડાક ખસીને કાનાને બેસવાની જગ્યા કરે છે અને કાનો પુજ્યશ્રીની બાજુમાં બેસે છે. હવે રાધાજી રહ્યા. પૂજ્યશ્રીએ કહ્યું કે મનેષ રાધાજી માટે અહીં ખુરશી મૂકી દે.

ખુરશી મુકાઈ અને રાધાજી પૂજ્યશ્રીના ઝૂલા સામે ખુરશીમાં બેઠા. પૂજ્યશ્રીએ કાનાને કહ્યું કે આજે તમે બંને સાથે આવ્યા તે ખૂબ સારું કર્યું. કાનો કહે, (રાધા તરફ આંગળી કરીને) કે આ મને આજે પકડી લાવી છે. એ રાખડી બાંધવા આવી હતી તો કહે કે ચાલો દિયરજી પાસે જવાનું છે. ચાલો, મારે ના છૂટકે આવવું જ પડ્યું. મારે તો નહોતું આવવું પણ આની જિદ સામે આવવું જ પડ્યું.

પૂજ્યશ્રીએ કહ્યું ખૂબ સારું કર્યું. બેસ, ભઈલા, બેસ. એટલામાં રાધાજી મોટા અવાજે બોલ્યા. દિયરજી તમે મને અન્યાય કર્યો છે. પૂજ્યશ્રીએ પૂછ્યું કે મેં શું અન્યાય કર્યો? રાધાજી બોલ્યા કે હું તમને કહું. તમે કાનાને તમારી જોડે બેસાડ્યો અને મને દૂર બેસાડી. (પૂજ્યશ્રી અને ભક્તો ખૂબ

હસ્યા છે.) હવે પૂજ્યશ્રીએ કહ્યું કે આ હિંચકો નાનો છે અને એની પર પરાણે બે જ માણસ બેસે. ત્રણ જણાને બેસવામાં તકલીફ પડે અને વળી વાતોમાં તમારે કાનાની સામે જોવું હોય તો નીચા વળવું પડે અને સામે બેઠા હો તો કાનાને જોય શકો. (પૂજ્યશ્રીની નીચા વળવાની અદા અને રમુજ બંને ખૂબ મોહક હતાં.) પૂજ્યશ્રીએ કાનાને પૂછ્યું કે કાના, આ બરાબર છે ને ? કાનો કહે હા, બરાબર છે.

રાધાજી કહે કે તમે મને આજે બીજો પણ અન્યાય કર્યો છે. પૂજ્યશ્રીએ નમ્રતાથી પૂછ્યું કે બીજો કયો અન્યાય કર્યો? રાધાજી કહે કે મારી જીભ તમને દિયરજી દિયરજી કહેતાં થાકતી નથી. હું તમને આટલો સ્નેહ કરું છું. લાડ કરું છું અને તમે મને કોઈ દિવસ ભાભીજી કહ્યું નથી. (બધા ખૂબ હસ્યાં અને તાળીઓ પાડી છે.) પૂજ્યશ્રીએ કાનાને કહ્યું કે ભઈલા, તું જ આનો જવાબ આપ. કાનો કહે કે ના, આ તમારા બે નો મામલો છે. તમે જ જવાબ આપો. હું જવાબ નહિ આપું.

પૂજ્યશ્રીએ કહ્યું કે જુઓ રાધાજી, તમે અને શ્રીકૃષ્ણ બેય દૈવી આત્માઓ છો અને અમે સંસારી માણસો છીએ. તમે શ્રીકૃષ્ણ સાથે આત્મિક ઉચ્ચ પ્રેમથી જોડાયેલા છો અને તમારૂં કાના પર પ્રેમાક્રમણ એટલું છે કે તમારા વગર કાનો શ્વાસ લઈ શકતો નથી. એ તમારી સાથે એટલી હદે જોડાયેલો છે કે એની કલ્પના પણ ન થાય. (બધાએ ખૂબ તાળીઓ પાડી.

પૂજ્યશ્રીની ઉચા હાથ કરીને વિનમ્રભાવે કરેલી આ રજૂઆત અને સમજને પ્રણામ થઇ ગયાં.) રાધાજી કહે, હા, બરાબર છે. પૂજ્યશ્રી કહે કે તમે સંસારી નથી. સંસારની ગતિવિધિઓ સાથે તમે જોડાયાં નથી. માટે તમને સંસારી ભાષામાં હું ભાભીજી ના કહી શકું. તમને માત્ર રાધાજી જ કહી શકું. (ખૂબ તાળીઓ પડે છે.)

પૂજ્યશ્રી કહે કે, તમને મારા માટે લાગણી છે. મને પણ તમારા માટે લાગણી છે પણ હું તમને ભાભીજી ના કહી શકું. કૃષ્ણ કહે કે જોયું રાધાજી આ છે દિયરની વિચક્ષણ બુદ્ધી તમને સમજણનો કેવો તમાચો માર્યો? (અહીં પૂજ્યશ્રીની તમાચો મારવાની અદા અને મુખારવિંદના ભાવ અતિ સુંદર હતા. ખૂબ ખૂબ તાળીઓ પડી.) રાધાજી હસી પડ્યા છે અને કહે કે દિયરજીને લાડ પણ લડાવું અને એમનો વૈચારિક તમાચો પણ ખાવો પડે. અને આ તમાચો તો શીતળ ચાંદની જેવો છે. બધા જ હસી પડ્યા.)

હવે રાધાજી કહે છે કે, દિયરજી આ પહેરણ કેવું લાગે છે? જુઓ કાનાએ પણ તમારું કેસરી પહેરણ પહેર્યું છે. અને સાચું કહું તો આ પહેરણ પહેર્યા પછી માનસિક શાંતિ ખૂબ લાગે છે. કાનાને પણ આવી જ અનુભૂતિ થઈ છે. પૂજ્યશ્રી માત્ર હસ્યા. રાધા કહે છે હું બીજું પહેરણ પણ લઈ જઈશ. પૂજ્યશ્રીએ કહ્યું કે હું તમને નવું પહેરણ સીવડાવી આપીશ.

હવે રાધાજી કહે, સાંભળો દિયરજી, હું તમારી પર આરોપ મુકવા આવી છું. અને સંહારની વાતનો ફેંસલો કરવા આવી છું. તમે સંહાર કરો છો અને કરાવો છો. આ સાંભળી પૂજયશ્રી બોલ્યા હું સંહાર કરાવું છું? પૂજ્યશ્રીની આશ્ચર્યચકિત થવાની મુદ્રા લાજવાબ છે. જે રીતે તેઓશ્રીએ બંને હાથ ઉંચા કરીને એક એક શબ્દને પ્રભાવી બનાવ્યો તે ખરેખર માણવા લાયક હતું, હાથ, આંખ અને મુખની મુદ્રાઓનું સાયુજ્ય અદભુત છે. પૂજ્યશ્રી બંને હાથ જોડી નમનની મુદ્રા સાથે બોલી ઊઠ્યા.

મારી મા... મેં શું કર્યું? મેં કયો સંહાર કર્યો? મેં ક્યાં સંહાર કરાવ્યો?

પૂજ્યશ્રીની ડઘાઈ જવાની મુદ્રા એટલે એમનું અનોખું સ્વરૂપ. પૂજ્યશ્રી કહે કે મને બે મિનિટનો સમય આપો. મારે તમારા આરોપ પર વિચાર કરવો પડશે. પછી હું તમને જવાબ આપુ કે તમે કયા સંદર્ભમાં કહો છો. અને જો મારો ગુનો હશે તો કબુલ કરીશ અને છટકબારી નહીં શોધું. પૂજ્યશ્રીના ચહેરાની અને શબ્દોની મક્કમતા ને વંદન થઇ જાય. પૂજ્યશ્રીએ કહ્યું કે મારી ભૂલ હશે તો સ્વીકાર કરીશ.

હવે પૂજ્યશ્રી બે મિનિટ વિચાર કરે છે અને પછી બોલ્યા કે હું સમજી ગયો કે તમે શું કહેવા માંગો છો તમે એમ કહો છો કે હું લોકો પાસે નવસૂત્રના પાલન દ્વારા ષડરીપુઓનો સંહાર કરાવું છું આને તમે સંહાર

કહો છો? રાધાજી માત્ર મુસ્કુરાયા છે. પૂજ્યશ્રી કહે કે હું જે કરું છું અને કરાવું છું એને સંહાર ના કહેવાય. એને તો ષડરીપુઓથી મુક્તિ કહેવાય. આનાથી સમાજમાં વૈચારિક અને વ્યવહારિક સુધારો થાય બીજું કે તમે કદાચ પ્રેતાત્મા મુક્તિની વાત કરતા હશો. રાધાજી કહે, બિલકુલ બરાબર.

પૂજ્યશ્રી કહે કે હું પ્રેતાત્માને મુક્તિ આપું છું ત્યારે એ લોકો વર્તુળની બહાર બેસી જાય છે અને મુક્તિ માટે પ્રાર્થના કરતા હોય છે અને મારી પાસે તલવાર કે સુદર્શન ચક્ર જેવું કોઈ શસ્ત્ર નથી હોતું હું તો માત્ર મસ્તકે હાથ મુકું છું અને તેમને મુક્તિ મળી જાય છે. એમાં ક્યાંય લોહી વહેતું નથી, કોઈને ઈજા થતી નથી. એ લોકો તો રાજી થઈને જાય છે. હવે પૂજ્યશ્રીએ કાનાને કહ્યું કે, ભઈલા, તું જ કહે કે આ સંહાર કહેવાય? કૃષ્ણ એ 'ના'માં જવાબ આપ્યો. પૂજ્યશ્રી કહે કે, તું જ રાધાને કહી દે કે આ સંહાર ના કહેવાય. કાનાએ રાધાને કહ્યું કે આ સંહાર નથી.

રાધાજી કહે કે ચાલો સમજી ગઈ પણ હવે બીજી વાત કહું. ગઈ વખતે જે બટાકાપૌંઆ હું લઈ ગઈ હતી એમાંથી રસ્તામાં મેં ખાધા હતા. મેં કાનાને કહી દીધું હતું કે આમાંથી મેં ખાધા છે અને આ તમારા માટે લાવી છું. કાનાએ પણ ખાધા અને તમારા મસાલાના ખૂબ વખાણ કર્યા. કાનો કહે કે લોકો છપ્પન ભોગ ધરાવે છે પણ એમાં આવો સ્વાદ નથી આવતો. હવે કાનો કહે કે એકમાત્ર સુદામાના પૌંઆ હતા જે મને ખૂબ મીઠા લાગ્યા હતા.

અને બીજા તમારા બટાકાપૌંઆ એટલા જ સ્વાદિષ્ટ લાગ્યા. બધાએ ખૂબ તાળીઓ પાડી. પૂજ્યશ્રી કહે કે કાના આ તો મારી વાત થઈ. પણ રાધાજી શું સારૂં બનાવે છે એની વાત તો કર.

કાનો કહે કે, એ માખણ ઉત્તમ બનાવે છે. અને આજે તમારા માટે માખણ લઈને આવી છે. બધાએ ખૂબ તાળીઓ પાડી. આજે રાધા તમને માખણ ખવડાવશે. પૂજ્યશ્રીએ પૂછ્યું કે એ માખણ બનાવવામાં શું કરે છે? કાનો કહે કે દુનિયાદારીના લોકો મને માખણ ધરાવે છે પણ એ મને ફિક્કું લાગે છે. મને એ માખણ ભાવતું નથી. હું તો માત્ર રાધાજીએ બનાવેલું માખણ જ ખાઉં છું.

પૂજ્યશ્રીએ પૂછ્યું કે, રાધાજી માખણમાં શું નાંખે છે? તો કાનો કહે કહે કે રાધાજી જ્યારે વલોણું કરે છે ત્યારે વલોણામાં ખાંડ નાખે છે. પછી વલોણું કરે છે. પૂજ્યશ્રીની વલોણાં કરવાની મુદ્રા અને હાવભાવનું સ્વરૂપ ખૂબ આકર્ષક અને મોહક હતું. કાનો કહે કે રાધાજીએ બનાવેલ માખણ ખૂબ સરસ હોય છે. તમે જગતના માનવીઓને કહેજો કે મને માખણ ધરાવે તો વલોણાંમાં ખાંડ નાખીને પછી માખણ બનાવે અને તો જ મને ભાવે. બધાએ ફરીથી તાળીઓ પાડી.

હવે રાધાજી કહે છે કે, દિયરજી બીજી એક વાત સાંભળો. પૂજયશ્રી આશ્ચર્યચકિત. હવે કાંઈ છે? રાધાજી કહે કે આજે તમારે ચા પીવડાવવી

પડશે અને બટાકાપૌંઆ ખવડાવવા પડશે. આજે તો હું બે ત્રણ કપ ચા પીશ અને બટાકાપૌંઆ તો અમે બે ય જણા ખાશું અને ઘરે પણ બાંધીને લઈ જઈશું. પૂજ્યશ્રી કહે કે હું મસાલા કરીને જ આવ્યો છું તમે જેટલી ચા પીવી હોય એટલી પીજો. બટાકાપૌંઆ ખાજો અને તમને બાંધી પણ આપીશ. રાધાજી હસી પડ્યા છે.

હવે પૂજ્યશ્રીએ કહ્યું કે તમારી ખૂબ વાતો થઈ. પણ ગઈ વખતે તમે અહીંથી અભિમંત્રિત જળથી લઈને ગયા હતા તેનું શું થયું? તે તો કહો? પેલો બિચારો જસબીન આહીર ઉભો ને ઉભો જ છે કે છૂટ્યો? એની વાત તો કરો.

રાધાજી કહે, હું જળ લઇને ગઇ અને પછી બધાને ભેગા કરીને કહ્યું કે હું જળ લાવી છું એ આ બધા પર છાંટવાનું જેથી તેઓ છૂટી જશે. બધાએ નક્કી કર્યું કે સવારમાં પ્રભાતફેરી પછી આપણે આ કામ કરીએ.

હવે સવારે પ્રભાતફેરી પછી બધા ભેગા થયા અને નક્કી કર્યું કે પહેલુ જળ ઉંદર પર છાંટીએ નહીં તો બિલાડી કદાચ ઉંદરને ખાઈ જાય અથવા મારી નાખે. એટલે પહેલાં ઉંદર પર જળ છાટ્યું. ઉંદર છૂટી ગયો અને ભાગી ગયો. પછી બીલાડી પર જળ છાટ્યું એટલે બિલાડી પણ જતી રહી.

હવે પેલા જસબીન આહિર પર જળ છાંટવા જાય છે ત્યાં જ ટણપો બોલ્યો. રહેવા દો, રાધાજી એના પર નથી છાંટવાનું. રાધાજી કહે, કેમ?

અને પૂજ્યશ્રીએ આજની વાતનું સમાપન કરતાં કહ્યું કે જસબીન આહિરની વાત... આવતા અંકે.

**ૐ મા ૐ**

# (૧૦) "રાધાની અવળી ચાલ"

[તા.૩૦.૮.૨૦૨૧ ના જન્માષ્ટમીના દિવસે સવારે શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલ પ્રસંગ.]

રાધાની ખિડકી એટલે નંદ પધરામણી. રાધાની ખિડકી એટલે શ્રધ્ધામાં કાનાની આવન-જાવનનો આનંદ. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના કૃષ્ણ સખાભાવમાં ઉછળતાં હેત-સ્નેહના દર્શન. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના મનોબળ અને મનોવૃત્તિને પ્રણામ કરવાનો અવસર. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીની વિચક્ષણ બુદ્ધિને વંદન કરવાની તક. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના દિયર સ્વરૂપની ઝાંખી. રાધાની ખિડકી એટલે આ દિયર સ્વરૂપ સાથે રાધાજીની પ્રશ્નોત્તરીને સાંભળવાનો અને આરોપોના સચોટ જવાબ આપતા પૂજ્યશ્રીને જોવાનો અવસર. રાધાની ખિડકી એટલે રાધાની અદાલતમાં પૂજ્યશ્રીના સ્વભાવ, સાદગી અને ત્વરિત જવાબની અદભુત શક્તિને નિહાળવાનો પ્રસંગ.

રાધાની ખિડકી એટલે જ્ઞાન, આનંદ અને ઉત્સવનું સરનામું. રાધાની ખિડકી એટલે કાના અને શ્રીરાજની મિત્રતાની ઘનિષ્ઠતાને અનુભવવાના, માણવાના ઉત્સવનું આંગણું.

રાધાની ખિડકી એટલે માત્ર પ્રસંગ કથા નહીં પણ આધ્યાત્મિકતાનો સર્વશ્રેષ્ઠ સત્સંગ. અને રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના નિર્દોષ મનોભાવ, આનંદ મુદ્રાઓ, શબ્દ સામર્થ્ય અને અસ્ખલિત વિચારોને સરળ વાણીમાં પીરસવાની કળાને સાષ્ટાંગ પ્રણામ કરવાનું મંદિર.

રાધાની ખિડકી એટલે અદભૂત, અલૌકિક અને સામાન્ય રીતે ક્યારેય જોવા ના મળે એવા પૂજ્યશ્રીના વિવિધ સ્વરૂપોની ઝાંખી. પૂજ્યશ્રીને આપણા સહુના સાષ્ટાંગ પ્રણામ.

આજનો પ્રસંગ...

પૂજ્યશ્રી કહે છે કે સામેથી રાધા ને કૃષ્ણ આવતા દેખાય છે. આજે તો બંને સાથે આવે છે. આવ ભાઈ, આવ. તમારા બંનેનું સ્વાગત છે અને સત્કાર છે.

પૂજ્યશ્રીના મુખારવિંદ પર દૃશ્યમાન આતિથ્ય, સ્નેહ, સત્કાર અને સંસ્કારને વંદન.

પૂજ્યશ્રી કહે છે કે આવ કાના, ઝૂલા પર બેસ. પૂજ્યશ્રી ઝૂલા પર ખસીને કાના માટે જગ્યા કરે છે અને હસ્તમુદ્રાથી બેસવાનો ખૂબ વ્હાલભર્યો સંકેત કરે છે. પૂજ્યશ્રી રાધાજીને કહે છે કે તમે પણ કૂટિરમાં બેસી જાવ.

પૂજ્યશ્રી ખૂબ આનંદ સાથે કહે છે કે આજે આપણે આંગણે શુભ દિવસ છે કે આજે જન્માષ્ટમીના દિવસે, રાધા અને કૃષ્ણ અહીં પધાર્યા છે.

આજે સોનામાં સુગંધ ભળી છે. અત્યંત આનંદ અને હર્ષની લાગણીઓ સાથે પૂજ્યશ્રીએ તાળીઓ પાડીને મુક્ત કંઠે ગવડાવ્યું છે.

“શ્રધ્ધામાં આનંદ ભયો, જય કનૈયા લાલકી.”

ખૂબ મોટા અવાજે, ઝૂલા પરથી અડધા ઊભા થઈને, આનંદ સાથે, તાળીઓ પાડી, કૃષ્ણના આગમનને વધાવતા પૂજ્યશ્રીના દર્શન એટલે પૂજ્યશ્રીની આજ સુધીની શ્રેષ્ઠ ઝાંખી. એક અતિ આનંદિત સ્વરૂપના દર્શન. પૂજ્યશ્રીને કૃષ્ણ ભક્તિમાં આટલા બધા સ્નેહથી ઉછળતા હૈયા અને મલકતા મુખારવિંદ સાથે ક્યારેય જોયા નથી. મિત્રઘેલા પૂજ્યશ્રીના આ સ્વરૂપની ઝાંખી એટલે અલભ્ય અને અકલ્પ્ય મોહક સ્વરૂપના દર્શન. પૂજ્યશ્રીના ચરણોમાં કોટી કોટી પ્રણામ.

કાનો પણ રાજી થઈ ગયો છે. ખૂબ વ્હાલથી મિત્ર એવા શ્રીરાજને પૂછે છે કે આ શું? કાનો પણ પૂજ્યશ્રીના આ આતિથ્ય સત્કારને જોઈને ખૂબ ખુશ થયો છે. પૂજ્યશ્રી કહે કે આ તો તમારું સ્વાગત છે. તમે બંને આજે જન્માષ્ટમીના દિવસે આવ્યા તે ખૂબ ગમ્યું. બધાએ ખૂબ ખૂબ તાળીઓ પાડી છે.

હવે પૂજ્યશ્રી કહે કે રાધાજી, આજે તમારા માટે મેં જાતે સ્પેશ્યલ ચા, અને સૂકી ભાજી બનાવી છે. આજે મેં બટાકાપૌંઆ નથી બનાવ્યા અને તમારા જેવું માખણ બનાવવાનો પ્રયત્ન મનેષે કર્યો છે. આજે મનેષ

માખણ લાવ્યો છે. હવે જો તમને ભૂખ લાગી હોય તો અંદર જાવ અને નાસ્તો કરી આવો.

રાધાજી કહે છે અમારે તો ઉપવાસ નથી. અમારે તો બટાકાપૌંઆ ચાલત. પૂજ્યશ્રી આશ્ચર્ય સાથે કહે કે આખું જગત ઉપવાસ કરે અને તમે કહો કે અમારે ઉપવાસ નથી. તમારે ઉપવાસ નથી કરવાનો ! પૂજ્યશ્રી કહે કે આજે તમને લોકો ભાતભાતના પકવાન ધરાવે, સ્વાદિષ્ટ વાનગીઓ ધરાવે, આભૂષણો ધરાવે, મુકુટ પહેરાવે પણ મેં તો તમારા માટે સ્નેહથી સૂકીભાજી બનાવી છે. હજારો વર્ષ પહેલા કાનાએ વિદુરજીને ત્યાં ભાજી ખાધી હતી અને આજે અહીં સુકી ભાજી છે.

આજે તમે જાતજાતના પકવાન અને વાનગીઓ છોડીને અહીં સૂકીભાજી આરોગો. તમે બંને અંદર જઈને ચા પીવો અને સૂકીભાજી ખાઈને આવો એટલે આપણે ખૂબ વાતો કરીએ. આમ રાધા ને કૃષ્ણ અંદર ચા પીવા અને સૂકીભાજી ખાવા ગયા અને થોડીવાર પછી બંને જણાં બહાર આવ્યા.

હવે રાધાજી કહે કે દિયરજી, તમારો ઝભ્ભો ખૂબ સરસ છે આવો સરસ ઝભ્ભો તો તમારે કાનાને આપવો જોઈએ. આ ઝભ્ભો કાનાને ખુબ શોભે. પૂજ્યશ્રીએ કહ્યું કે કાનાને જોઈતો હોય તો મને વાંધો નથી. હું આપી દઈશ પણ તમે કહેલું એટલે તમારા માટે બે ઝભ્ભા સીવડાવીને રાખ્યા છે.

એક તમારો અને એક કાનાનો ઝભ્ભો. આમ બે ઝભ્ભા તૈયાર છે. રાધા કહે કે એ ઝભ્ભા તમે પહેર્યા છે? પૂજ્યશ્રી કહે કે, ના. રાધાજી કહે કે, ના, તમે ઝભ્ભા પહેર્યા હોય તો જ હું લઈ જાઉં. તમે બંને ઝભ્ભા એક એક વખત પહેરીને આપો. પૂજ્યશ્રી કહે કે તમે એમનેમ લઇ જાવ ને! રાધા કહે, ના, અમારે તો તમારા પહેરેલા ઝભ્ભા જ જોઈએ. પૂજ્યશ્રીએ પૂછ્યું કે આવું કેમ? તો રાધા કહે કે તમારા પહેરેલા ઝભ્ભા પહેરવાથી મનને ખૂબ શાંતિ મળે છે અને કાનો પણ સીધો ચાલે છે.

બધા ખૂબ હસ્યા છે અને તાળીઓ પાડી છે. પૂજ્યશ્રીના પહેરેલા વસ્ત્રોમાં વ્યાપ્ત પૂજ્યશ્રીના તપોબળના અંશ અને સામર્થ્યને પામવા ખુદ કાનો પણ ઝંખે છે એ આધ્યાત્મિકતાની શ્રેષ્ઠતા છે. જગદગુરૂ, આપણા સદગુરૂના પહેરેલા વસ્ત્રો પહેરવાની ઈચ્છા રાખે એ ગુરૂતત્વની સર્વોત્તમ પ્રસાદી છે. પૂજ્યશ્રીએ ખૂબ હસતાં હસતાં સાહજિક મિત્રતાથી પૂછ્યું કે સીધો ચાલે છે એટલે શું? રાધાજી હસી પડ્યા ને કહે કે પહેલા કાનો વારેઘડીએ વાતવાતમાં રિસાઈ જતો હતો અને તમારા પહેરેલા ઝભ્ભા પહેર્યા પછી હવે રીસાતો નથી. માટે હું એને તમારા ઝભ્ભા જ પહેરાવીશ. કાનો, પૂજ્યશ્રી અને રાધા ખૂબ હસ્યા છે. પૂજ્યશ્રી કાના સામે જુએ છે અને કાનો મંદ મંદ હસે છે. પૂજ્યશ્રી કહે કે સારૂં લઈ જજો. મને વાંધો નથી. રાધાજી ખૂબ રાજી થઈ ગયા છે.

હવે રાધાજી કહે કે મારે તમને એક પ્રશ્ન પૂછવો છે? પૂજ્યશ્રી કહે કે પહેલાં પૂછ્યા તો હતા, હવે શું પૂછવું છે? રાધાજી કહે કે ના મારે પૂછવું છે. પૂજ્યશ્રી કહે કે પૂછો.

રાધાજી કહે કે માતાજીએ તમને જે શક્તિ અને સામર્થ્ય આપ્યું એનો તમે કુદરત સામે દુરૂપયોગ કરી રહ્યા છો. કુદરતનો ગુનો કરી રહ્યા છો. પૂજ્યશ્રી ખૂબ અચંબામાં પડી ગયા અને સહજ બોલી ઉઠ્યા. અરે, હું દુરૂપયોગ કરૂં છું? પછી કાનાને કહે કે, ભઈલા, તું જવાબ આપ. કાનો કહે કે ના તું જવાબ આપ. હું જવાબ આપીશ તો એને લાગશે કે આપણે બે ય એક થઇ ગયા છે. પૂજ્યશ્રી કહે કે સારૂં.

રાધાજી કહે કે તમે સુનામી શમન કરો છો, ચક્રવાત શમન, હિમપ્રપાત શમન, ધરતીકંપ નિવારણ આ બધું કરીને તમે કુદરતના કાર્ય સામે બાથ ભીડો છો. કુદરતને એનું કાર્ય કરવા દેતા નથી અને કુદરતને અન્યાય કરો છો. પૂજ્યશ્રી કહે કે મેં તો ક્યારેય આવા અન્યાયનું વિચાર્યું નથી. મેં તો માત્ર માનવજાત માટે આ કાર્ય કર્યું છે એમાં મારું કોઈ સ્વાર્થ નથી કે મારે કોઈ પ્રતિષ્ઠા જોઈતી નથી. હું એનો પ્રચાર કરતો નથી. પૂજ્યશ્રીએ કાનાને પૂછ્યું કે બોલ કાના, બરાબર છે ને? કાનો કહે કે બરાબર છે.

હવે રાધાજી કહે કે મારે તમને બીજો એક પ્રશ્ન પૂછ્યો છે. પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યું કે આજે વણઝાર લઈને આવ્યા છો પ્રશ્નોની? રાધાજી પણ હસી પડ્યા.

હવે રાધાજી કહે કે તમે ગોધરાથી ભાગીને અમદાવાદ આવ્યા તો ગોકુળ કેમ ના આવ્યા? પૂજ્યશ્રી કહે કે ગોકુળ આવીને શું કરૂં? કાનો તો તારી જોડે રાસ રમવામાં મશગૂલ હતો. અમારી કોઈની જોડે આવતો નહોતો પછી ગોકુળ આવીને શું કરૂં? અને હું તો માતાજીના આદેશથી અમદાવાદ આવ્યો છુ? હું કોય ભીરૂ કે બીકણ નથી કે ગોધરાથી ભાગીને આવું. સિંહનું બચ્ચું પણ સિંહ હોય. સાવજ નાનો હોય કે મોટો પણ એ સાવજ જ રહેવાનો. એ કોઈથી ડરવાનો નથી કે ગભરાવાનો નથી. હાથી હંમેશા એની મસ્તીમાં જ ચાલવાનો. એ જતો હોય ત્યારે કુતરા ભસે કે કોઈ કાદવ ઉછાળે પણ હાથીની ચાલમાં કોઈ ફરક ના પડે એ એની મસ્તીમાં જ રહે. રાધાજી તો પૂજ્યશ્રી સામે જોઈ જ રહ્યા. એમને કલ્પના પણ નહોતી કે આવો જવાબ આપશે. રાધાજી બોલ્યા કે તમે આવો જવાબ આપ્યો એટલે મારે શું કરવું? રાધાજી ચૂપ થઈ ગયા. રાધાજી કહે કે મારે તમને એક આગળ પૂછવું છે, કે તમે ત્યાંથી (ગોધરાથી) આદેશ લઈને આવ્યા માતાજીનો તો એ આદેશનો કોઇ પુરાવો છે? પૂજ્યશ્રી આશ્ચર્યથી પૂછે કે આદેશનો સબૂત હોય? પૂજ્યશ્રી રાધાને પૂછે છે કે ગીતામાં કૃષ્ણની સહી કરાઈ છે? બધાએ ખૂબ તાળીઓ પાડી. પુજ્યશ્રીની દલીલ અને

રજૂઆત એટલા જોરદાર હતા કે રાધાજી બસ જોઈ જ રહ્યાં. કશું બોલી શક્યા નહીં.

પૂજ્યશ્રી કહે કે હવે હું તમને એક સવાલ પૂછું. રાધાજી તો રાજી થઈ ગયા અને કહ્યું કે પૂછો, પૂછો. પૂજ્યશ્રીએ પૂછ્યું કે તમે ગોકુળ કેવી રીતે આવ્યા? નંદબાબા ને કેવી રીતે મળ્યા? કાનાને ક્યારે મળ્યા? અને કાના પર આવો અધિકાર કેવી રીતે લઈ લીધો? આ બધું બતાવો. રાધાજી તો સજ્જડ થઈ ગયા. એમને કલ્પના પણ નહીં કે આવો પ્રશ્ન પુછશે. રાધાજીએ કાનાની સામે જોયું પણ કાનો ય ચૂપ છે. રાધાજી એકદમ ગભરાઈને બોલી ઉઠ્યા કે આ પ્રશ્નનો જવાબ હું નહીં આપી શકું. પૂજ્યશ્રી કહે કે હું પ્રશ્ન પૂછું એનો જવાબ નથી આપતા અને મારી પાસે સબૂત માંગો છો? પૂજ્યશ્રી કહે કે ચાલો આજે નહિ તો વિચારીને ફરીથી આનો જવાબ આપજો. રાધા કહે કે, ના, ભાઈ ના. આ પ્રશ્નનો જવાબ તો નહીં આપી શકું. પૂજ્યશ્રી કહે કે વાંધો નહીં.

હવે રાધા કહે કે, તમારો આજે પહેરેલો ઝભ્ભો મને ખુબ ગમી ગયો છે. તમે આ ઝભ્ભો હમણાં જ કાઢીને કાનાને આપી દો. પૂજ્યશ્રી કહે કે હમણાં તો ના કાઢી આપું પણ તમે બીજીવાર આવો ત્યારે ચોક્કસ આપી દઈશ. રાધા કહે, ભલે. બીજી વખત આવીએ ત્યારે આપજો.

હવે રાધા કહે કે ગઇ વખતે અમે પાછા જતા હતા અને તમારા બટાકાપૌંઆ લઈ ગયેલા એ બટાકાપૌંઆ ખાઈને કાનો તો ખૂબ રાજી રાજી થયો અને તમારી પર ખુબ ખુશ છે. કાનાએ મને કહ્યું કે હું એટલો ખુશ છું કે શ્રીરાજ મારી પાસે કાંઈપણ માંગે તે હું પ્રેમથી આપીશ. એટલે તમે કાના પાસે જે જોઈએ તે માંગી લ્યો. તમે જે માંગશો તે મળશે. પૂજ્યશ્રી કહે કે મારે તો કશું જોઈતું નથી. રાધા કહે કે, ના, ના, દિયરજી આજે તો માંગી જ લ્યો. રાધાએ ખૂબ આગ્રહ કર્યો એટલે પૂજ્યશ્રીએ વિચાર કરીને કહ્યું કે માંગુ? હું માંગુ તે આપશો ને? રાધા કહે હા, તમે નિશ્ચિંત રહીને માંગો. પૂજ્યશ્રી કહે કે મેં આજ સુધી કોઈ પાસે કશું માંગ્યું નથી અને તમે ખુબ આગ્રહ કરો છો એટલે જ માંગું છું.

રાધા કહે, બિલકુલ માંગો, માંગો.

પૂજ્યશ્રી કહે કે મને વિશ્વની શાંતિ આપી દો. રાધા તો અવાક થઈ ગઈ. કહે કે, દિયરજી, આના સિવાય બીજું કંઈ માંગો. પૂજ્યશ્રી કહે કે, ના, મારે તો આ જ જોઈએ. અને આના સિવાય બીજું કાંઈ નહીં. હું તો માનવબંધુઓ માટે બેઠો છું. મને વિશ્વની શાંતિ આપી દો. તો રાધા કહે કે, આપણે વિચારીશું.

હવે બધાં ગોકુળમાં પહોંચ્યા છે. પેલા જસબીન આહિરને ઉભો રાખ્યો હતો. ટણપાએ એક હજામને બોલાવ્યો અને ખુરશી પર હજામને ઊભો

રાખીને જસબીન આહિરના વાળ કાપી નાખીને માથે ટકોમુંડો કરી નાખ્યો. રાધા કહે કે, હવે આને શું કરવું છે? ટણપો કહે કે મારો એવો વિચાર છે કે ટકો તો કરી નાખ્યો. હવે કોલસો વાટીને એનું મોઢું કાળું કરવું અને પાછળ બોર્ડ મરવું કે હું મોટો ગધેડો છું. અને પછી ગધેડા પર ઉંધો બેસાડીને આખા ગામમાં ફેરવવો.

રાધા કહે કે, આપણાથી આવા ક્રૂર ન થવાય. આપણાથી આવું ના કરાય. રાધાએ કહ્યું કે આને છૂટો તો કરું ને? ટણપાએ હા પાડી એટલે રાધાએ એના પગ પાસે અભિમંત્રિત જળ છાંટ્યું. હવે જસબીન આહિર છૂટો થઈ ગયો અને રાધાના પગમાં પડીને માફી માંગવા લાગ્યો. રાધા કહે કે હવે એને સરઘસ કાઢીને ગામમાં ફેરવવીએ પણ ગધેડા પર બેસાડવાનું, એવું બધું નહીં. આહિરને આખા ગામમાં ફેરવીને બધા ગોપના ઓટલે આવ્યા છે. વધુ આવતા અંકે....

પૂજ્યશ્રીએ કહ્યું કે આજે જન્માષ્ટમીના દિવસે કાનો અહીં આવ્યો એનો ખૂબ આનંદ છે.

બોલો, જય જય શ્રીકૃષ્ણ વ્હાલા યશોદાનો લાલો...

શ્રધ્ધામાં ઉડે રે ગુલાલ, આવ્યો રે કનૈયો રે.

અને પછી તો બધા જ ભક્તો આનંદથી નૃત્ય કરવા લાગ્યા. ભાવનાબેન અને અંજલી બહેને સુંદર ગીતો ગાયા અને બધા ખૂબ કૂદયા,

નાચ્યા. અરે, ખુદ બહેનજી પણ ગરબે ફર્યા. બધાએ ખૂબ ખૂબ આનંદ કર્યો અને ખૂબ ગરબા રમ્યા. બપોરે બાર વાગે શ્રધ્ધામાં જન્માષ્ટમી ઉજવાઇ ગઈ.

પૂજ્યશ્રીના અનોખા, અનેરા, અદભુત અને અલૌકિક સ્વરૂપોની ઝાંખી સાથે કાનાની હાજરીમાં આજે શ્રધ્ધા કુટિરમાં આનંદ ઉત્સવ ઉજવાઈ ગયો.

**ૐ મા ૐ**

# "માંગો દિયરજી"

તા. ૧-૯-૨૧

માતાજીના આંગણિયે, રાધા થઈ ગઈ છે રાજીરાજી
આતિથ્ય હેતથી મારા દિયરે, જમાડી મને સૂકીભાજી

એકવાર કાનાએ પ્રેમથી ખાધી હતી વિદુરની ભાજી
આજે વ્હાલા સખાના દરબારે, આરોગી છે સૂકીભાજી

સ્વાદ સૂકીભાજીનો માણી કાનો પણ થયો દિવાનોજી
રાધાને કહે, માંગે તારો દિયર, એ આપશે કાનોજી

રાધા વિનવે દિયરજીને, માંગો જે કાઈ એ મળશેજી
ન માંગ્યું, કયાંય ને કયારેય, એ રાજ નહી માંગેજી

અવસર આવો ફરીફરી ના મળે, વિનવે છે રાધાજી
આગ્રહ તમારો સ્વીકારીને માંગું, વચન તમે પાળશોજી

આપવું હોય તો આપો કાનજી, વિશ્વશાંતિની ભેટજી

વાણીહીન બન્યા છે માંગણીથી, રાધાજી અને કાનજી

ના માંગ્યા સાધન, સંપતિ, સામર્થ્ય, માંગી વિશ્વ શાંતિજી

માનવતાનું આભુષણ માંગીને કરી સ્થિતિ અમારી કફોડીજી

માંગો બીજું કાંઈ, વિનવે રાધાજી, આ તો નહી આપીએજી

માંગ્યું મળે નહિ તો, મારે બીજું કાંઈ ના જોઈએજી

નમન છે આવું માંગનારને, જેના દિલે ધડકે માનવતાજી

વિશ્વ તને વંદન કરશે, વચન મારું છે કહે કૃષ્ણજી

હરખે છે શ્યામજી

**ૐ મા ૐ**

# “સવાલમયી રાધાજી”

તા. ૨-૯-૨૧

આવીને શ્રધ્ધામાં, મનડું મારૂં પૂછવા ચાહે સવાલજી,
વ્હાલા દિયરજી સંગ મારે ખેલવો પ્રશ્ન તણો રાસજી...

ગોધરાથી ભાગ્યા અમદાવાદ, તો કોનાથી ગભરાયજી,
દીધો આદેશ માવડીયે, તેથી આવ્યો અમદવાદજી...

ગોધરામાં હતું સર્વત્ર સુખ, ભાગવાનું નથી કોઈ કારણજી,
હોય જે સાવજ, એ કોઈનાથી નથી બીતો કે ડરતોજી..

માણ્યો આદેશ માતનો, તો આપો મને પુરાવોજી,
કૃષ્ણએ કહેલી ગીતામાં,  મને એની સહી બતાવોજી...

આવ્યા ક્યારે ગોકુળમાં, નંદબાબાને ક્યાંથી મળ્યાજી,
કાનો ક્યાંથી શોધ્યો તમે, અધિકાર કેવી રીતે બનાવ્યોજી...

પૂછો નહીં આવો સવાલ, તમે મને ના મુંઝાવોજી,
જવાબ નથી મારી પાસે, બસ મેળવ્યાનો આનંદજી...

કાના તું કેમ છે મૌન, કહેને કશું તારા સખાનેજી,
તમારી વાતો તમે જાણો, મને તો રાખો દૂરજી...

દિયરજી, તમારામાં સુમતિ ઘણી, વિચારનો તમાચો ભારેજી,
જુઓ, કાનો પણ થાય રાજી, જ્યારે તમે કરો મને ચૂપજી...

પૂછીને સવાલ, પસ્તાવું મારે, તમે કરો એવા હાલજી,
હવે આવીશ હેતથી, તાં સંગે, કંઈક નવું પામવાજી...

એક આખરી સવાલ, મારે તમને પુછવોજી,
કેમ તમે બંનેએ, અવતરવા પસંદ કરી આઠમજી...

મારી આઠમ તમે લીધી, તેથી તમ સંગ જોડાઈજી,
રાધા રૂપ ભક્તો તમારાં, ને મારા તમને પાયલાગણજી...

## (૧૧) "રાધાને શક્તિ પ્રદાન"

[તા.૩.૯.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલ પ્રસંગ.]

રાધાની ખિડકી એટલે રાધા અને કાનાની શ્રધ્ધાની મુલાકાતનો આનંદ. રાધાની ખિડકી એટલે રાધાના સવાલ અને શ્રીરાજના જવાબની મસ્તી. રાધાની ખિડકી એટલે રાધાની શંકાઓનું નિવારણ. રાધાની ખિડકી એટલે શ્રીરાજના પહેરેલા પહેરણની માંગણીના હક્ક. રાધાની ખિડકી એટલે શ્રીરાજની સૂકીભાજી માટે કાનાની દિવાનગી. રાધાની ખિડકી એટલે શ્રીરાજની મંત્રશક્તિનો પ્રભાવ. રાધાની ખિડકી એટલે શ્રીરાજના સ્વભાવનું દર્શન. રાધાની ખિડકી એટલે શ્રીરાજની શક્તિ સામર્થ્યને વંદન કરવાનો અવસર.

રાધાની ખિડકી એટલે રાધાની મૂંઝવણ અને શ્રીરાજના ઉકેલની રમઝટ. રાધાની ખિડકી એટલે કુટિરનો આનંદ અને ભક્તોની મસ્તી. રાધાની ખિડકી એટલે કાનાની મિત્રતાનો પ્રસાદ. રાધાની ખિડકી એટલે જ્ઞાન, આનંદ, શબ્દોની કરામત અને પૂજ્યશ્રીના ભાવદર્શનનું સ્વસ્તિક.

આજનો પ્રસંગ...

સામેથી રાધા અને શ્યામ સાથે આવતા દેખાય છે. પૂજ્યશ્રી વિચારે છે કે આજે કેમ સાથે આવ્યા? પૂજ્યશ્રી કહે છે કે આવ ભાઈલા આવ. બેસ ભાઈ બેસ. કાના માટે પૂજ્યશ્રી ઝૂલા પર જગ્યા કરે છે, અને બેસાડે છે. અને રાધાજીને કહે છે કે તમે અહીં ખુરશીમાં બિરાજમાન થાવ. રાધાજી ખુરશીમાં બેઠા.

પૂજ્યશ્રી પૂછે છે કે રાધાજી આજે કેમ એકદમ આવવાનું થયું? હમણાં ચાર પાંચ દિવસ પહેલા તો આવ્યા હતા. રાધા કહે, મારે ખાસ કામ છે એટલે આવી છું. પણ એ પછી કહું છું પણ પહેલા મારો એક પ્રશ્ન છે જે જૂનો છે અને ઘણા વખતથી મને મૂંઝવે છે એનો પહેલા જવાબ આપો. કાનાને એટલે જ ખાસ મારી સાથે લઈને આવી છું.

પૂજ્યશ્રીએ પૂછ્યું કે શું છે? રાધા કહે કે તમે મારી પર આરોપ મૂક્યો હતો કે મેં સંહાર કરાવ્યો છે અને હું સંહારમાં ભાગીદાર છું એ કેવી રીતે? તે મને સમજાવો.

પૂજ્યશ્રી કહે, ના ભાઈ, આ સંહારની વાત છે એટલે કાના તુ જ એને સમજાવ. કાનો કહે કે, ના, ભાઈ ના. તુજ એને સમજાવ. પૂજ્યશ્રી કહે કે, આ સંહારની વાતમાં મેં તો મારો અભિપ્રાય આપ્યો હતો પણ હવે તું તારી રીતે કહે.

કાનો કહે કે સર્જન અને વિસર્જન એ બેય પ્રક્રિયાઓ આદિ અનાદિ કાળથી ચાલતી આવે છે એ મુજબ આખી દુનિયામાં સંહાર ચાલે છે. સર્જન-વિસર્જન એક સિક્કાની બે બાજુ છે. એટલે જેને જે બાજુથી જોવું હોય તે બાજુથી જોઈ શકે. દુનિયામાં કોઈપણ વ્યક્તિ માટે સારૂ કહેવડાવવું હોય તો ખૂબ સમય લાગે છે. જ્યારે ખોટી વાત બહુ જલદીથી થાય છે. એટલે કાનાએ રાધાને કહ્યું કે તને જવાબ મળી ગયો? રાધા કાનાને કહે કે, તમે પહેલીવાર મારો પક્ષ લીધો. તમે અત્યાર સુધી મારો પક્ષ લીધો નથી. કાનો કહે કે, મેં પક્ષ લીધો નથી. મે તો તટસ્થ વાત કરી છે. અને સંહાર કોને કહેવાય? દા.ત. કોઈ એક માણસ બીજા માણસને મારી નાખે, તો એ સંહાર ના કહેવાય. પણ જ્યારે હજારો માણસો મરી જાય ત્યારે એને સંહાર કહેવાય. અને મારો ઈરાદો સંહાર કરવાનો કે કરાવવાનો નહોતો. મારી તો ઇચ્છા હતી કે, બંને પક્ષ વચ્ચે સંધી થાય અને શાંતિ થાય. પણ શાંતિ થઈ નહીં અને છેવટે યુધ્ધ આવી પડ્યું. યુદ્ધ ખેલાયું અને તે વખતે મારે આખી દુનિયાને ગીતા આપવી પડી. મેં ગીતા આપી દીધી છે એમાં મારો કોઈ દોષ નથી. યુધ્ધ તો સર્જન-વિસર્જનની પ્રક્રિયા પર ચાલ્યું છે.

હવે હું એક બીજી વાત કહું કે તમારું શરીર છે એ એક ઇમારત છે. આ હરતી-ફરતી ઈમારતનું તમે ભાડું ભરો છો. તમે આ શરીરને ખવડાવો છો, પીવડાવો છો. એ બધું તમે ભાડું ભરો છો. આ જીવ માટે તમે આ બધું ભાડું ભરો છો. જેમ તમે ઘરને સાફ રાખો છો. ઘરમાં કચરા-પોતા કરો છો

એમ તમે જ્યારે સ્નાન કરો છો ને સાબુ લગાડો છો. શરીરને ચોખું કરો છો એ કચરા-પોતા બરાબર છે. આ પણ એક જાતનું ભાડું ભર્યા બરાબર છે. આ શરીર એક ભાડાની ઈમારત છે. પણ લોકો એને મારું મારું કરીને ફરે છે. અને મૃત્યુ થાય ત્યારે જીવ ચાલ્યો જાય છે અને શરીર ભસ્મ થઈ જાય છે. આમ શરીરનું મૃત્યુ થાય એ પણ સંહાર ગણાય પણ એમાં મારો કે રાધાનો કોઈ દોષ નથી. રાધા ખુબ ખુશ થઇ ગઈ. અને બોલી ઊઠી, વાહ, વાહ.

પછી પૂજ્યશ્રીએ કહ્યું કે જુઓ મેં તમારા બે ઝભ્ભા અને કાનાના ત્રણ ઝભ્ભા રાખ્યા છે. જન્માષ્ટમી વખતે પહેરેલો ઝભ્ભો તમને ખૂબ ગમ્યો હતો એ પણ કાના માટે આમાં મુક્યો છે. એટલે તમે આ પાંચે ય ઝભ્ભા લ્યો. રાધા ખૂબ ખુશ થઇ ગઈ. અને કહેવા લાગી કે આજે કાનાએ જે ઝભ્ભો પહેર્યો છે એ રાત્રે ધોઈને, સુકવીને તૈયાર કર્યો અને પહેરાવ્યો છે. એટલે તમે આટલા ઝભ્ભા આપ્યા તે ખૂબ સારું કર્યું.

હવે પૂજ્યશ્રીએ કહ્યું કે, તમે બંને ખૂબ દૂરથી આવ્યા છો. થાક્યા હશો. મેં તમારા માટે ચા અને બટાકા-પૌંઆ તૈયાર રાખ્યા છે. તે તમે અંદર જઈને નાસ્તો કરી આવો. રાધા કહે કે ગઇ વખતે તમે જે સૂકીભાજી ખવડાવી હતી એ તો કાનને ખૂબ ભાવી હતી. કાનો કહે કે શ્રીરાજની સૂકીભાજી દાઢે વળગી છે. અને મને કહે કે, રાધા તું આવી સૂકીભાજી

બનાવ. રાધા કહે કે મારે દિયરજીને પૂછવું પડશે કે તમે કેવી રીતે બનાવો છો? અને એમાં શું નાખો છો? ઘી તો નાખ્યું છે પણ મારે પૂછવું પડશે કે બીજું શું શું નાખ્યું છે. તમે નહીં માનો, પણ કાનો તમારી સૂકીભાજીના ખૂબ વખાણ કરે છે.

હવે કાનો ને રાધા અંદર ગયા અને નાસ્તો કરીને બહાર આવ્યા. બંને બેઠા છે. પૂજ્યશ્રીએ કહ્યું કે તે દિવસે મેં તમને ઝભ્ભા ન્હોતા આપ્યા પણ આ કાનાના જન્મદિવસની ભેટ છે. મારા તરફથી તમને અને કાનાને આ ભેટ છે. પછી રાધા કહે કે, મારે તમને એક સવાલ પૂછવો છે.

પૂજ્યશ્રી હસતાં હસતાં પૂછે કે કેટલા સવાલ છે? રાધા હસી પડી. અને કહ્યું કે ચાર દિવસ પછી તમારો જન્મદિવસ આવે છે અને તમને ૯૦-મુ વર્ષ બેસશે. તો આ ઉમરે પણ તમે આટલા મલાઈદાર કેવી રીતે દેખાવ છો? બધા એ ખૂબ તાળીઓ પાડી. રાધા પૂછે કે તમે શું ખાવ છો? આ ઉમરે પણ તમે આટલા સુંદર અને મોહક કેવી રીતે લાગો છો? પૂજ્યશ્રી તો સજ્જડ થઈ ગયા અને કહે કે તમે તો ખરો સવાલ પૂછી નાખ્યો.

પૂજ્યશ્રીએ રાધાજીને કહ્યું કે હું એક મિનિટ વિચાર કરીને કહું. થોડીવાર પછી પૂજ્યશ્રીએ કહ્યું કે મારા શરીરમાં વિશ્વજનેતાનું દૂધ વહે છે. આ દૂધને લીધે હું આવો તાજો-તરોજો રહી શકું છું. બીજા ઘણા કારણો

હોઈ શકે પણ માતાજીએ મારા જન્મથી જ મારી કાળજી લઈ લીધી છે. અને આજ સુધી ઉછેર્યો છે. અને એમની મરજી મુજબ ઘડ્યો છે. પૂજ્યશ્રી કહે કે મારે પણ બે મા કહેવાય. એક જગતજનની અને બીજી પરસન બા. જેણે મને જન્મ આપ્યો અને ઉછેર્યો. માતાજીએ પાછલા બારણે રહીને મને દરેક ક્ષેત્રમાં આગળ કર્યો. મારી ઇચ્છા ડોક્ટર થવાની હતી. એ પૂરી ના થઇ. પછી મારે એક્ટર થવાની ઇચ્છા હતી, એ પણ ના થઇ શક્યો. પણ માતાજી મને આ ક્ષેત્રમાં લાવ્યા અને મને ડોક્ટર પણ બનાવી દીધો અને એક્ટર પણ બનાવી દીધો. માતાજીએ મારી બંને ઈચ્છાઓ પૂરી કરી દીધી. ખૂબ તાળીઓ પડી છે. રાધાજી કહે કે, આ તો અમને ખબર જ નથી. પૂજયશ્રી કહે કે, કાનાને પૂછો ને. કાનાને બધી ખબર છે. એ તમને કહેશે. કાનો કહે કે હું તમને મારા સખાની બધી વાતો કહીશ.

હવે રાધા કહે છે કે ગઇ વખતે હું ગોકુળ ગઈ ત્યારે પેલા જસબીન આહિરનું સરઘસ કાઢીને કર્યા પછી બધા ગોપના ઓટલે બેઠા. પછી મેં ઉભા થઈને કહ્યું કે આ જસબીને જે ગુનો કર્યો હતો એની સજા એને મળી ગઈ છે. માટે આપણે બધા એને માફ કરી દઈએ. હું ઇચ્છું છું કે તમે બધા એને માફ કરી દો. રાધાએ જસબીનને કહ્યું કે તું હવે બધા ગુનામાંથી મુક્ત છું. અને ફરીથી ભવિષ્યમાં આવું કરીશ નહીં. અમે એને મુક્ત કરી દીધો. જસબીન મુક્ત થઈને જવા જાય છે ત્યાં એનું જમણો હાથ ખભેથી નેવું અંશના ખૂણે અધ્ધર થઈ ગયો. હાલે જ નહીં. અને ઉપર-નીચે થાય જ

નહીં. સજ્જડ થઇ ગયો. બધા લોકોએ ખૂબ મહેનત કરી પણ હાથ નીચો થાય જ નહીં. રાધા કહે કે મેં પણ મહેનત કરી જોઈ પણ કાઈ થયું નહીં. બે ત્રણ દિવસ થયા એટલે પેલો આહીર કહે કે રાધાજી તમે અમદાવાદ જઈને પેલા ભાઈને મળો અને મારા માટે કાંઈક શોધી લાવો. આહીરને મદદ કરવા માટે તાત્કાલિક આ ચાર દિવસમાં આવવું પડ્યું. તમે મને કાંઈક મદદ કરો અને રસ્તો બતાવો એટલે પેલા આહીરને મદદ કરી શકું.

પૂજ્યશ્રીએ વિચાર કરીને કહ્યું કે, જુઓ હું તમને મારી શક્તિ આપું છું. પણ તે માત્ર બે દિવસ માટે. તમે જઈને તમારો હાથ એના હાથ પર ફેરવજો. એટલે એને સારું થઈ જશે.

હવે પૂજ્યશ્રીએ કાનાને પૂછ્યું કે, કાના આને શક્તિ આપું? એનો હાથ પકડુ? કાનો કહે કે હા, એને શક્તિ આપ અને એનો હાથ પકડ. એમાં કાઈ વાંધો નથી. એટલે રાધા પાસે આવી. પૂજ્યશ્રીએ રાધાનો હાથ પકડીને શક્તિપ્રદાન કરીને ફરીથી કહ્યું કે, આ શક્તિ માત્ર બે દિવસ માટે છે. પછી શક્તિ જતી રહેશે. તમે બે દિવસમાં જ ત્યાં જઈને એ જસબીન આહિરના હાથ પર તમારો હાથ ફેરવજો. એટલે બધું સરખું થઈ જશે.

રાધા કહે કે, હાથ ફેરવવાથી બધું સરખું તો થઈ જશે ને? પૂજ્યશ્રી કહે કે, તમે સંદેહ કેમ કરો છો? થાય છે કે નથી થતું એ જોજો અને પછી મને કહેજો. અત્યારે શંકા કેમ રાખો છો? પછી પૂજ્યશ્રીએ કહ્યું કે પેલું

અભિમંત્રિત જળ વધ્યું હોય તો નદીમાં પધરાવી દેજો અને પેલો ચોખાનો તથા અડદના લોટને જમીનમાં ખાડો ખોદીને દાટી દેજો. એ બહાર રાખશો તો કોઈનો પગ ચોટી જશે. અને ફરી આવો ત્યારે કહેજો કે, હાથ ફેરવવાથી શું થયું.

**ૐ મા ૐ**

## (૧૨) "રાધાકૃષ્ણ બાગમાં"

[તા. ૧૦.૯.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેલ પ્રસંગ.]

રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રી અને રાધાના મીઠા સંવાદોની આનંદમય કથા. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના નિર્દોષ હાસ્યનાં દર્શન. રાધાની ખિડકી એટલે રાધાના સવાલ અને પૂજ્યશ્રીના વિચક્ષણ બુદ્ધિના જવાબ. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રી અને કાનાના જીવનની સામ્યતાને પ્રણામ કરવાનો અવસર. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રી અને કાનાની મિત્રતાને નિહાળવાની તક. રાધાની ખિડકી એટલે રાધા અને કાના સાથે પૂજ્યશ્રીની રમુજના પ્રસંગોનું વર્ણન.

રાધાની ખિડકી એટલે રાધાના માધ્યમથી કાનાને શ્રદ્ધામાં વારંવાર આવકારવાની રમત. રાધાની ખિડકી એટલે શ્રદ્ધામાં આનંદનો અવસર. રાધાની ખિડકી એટલે કુટીર ભક્તો જેની આતુરતાથી રાહ જોતા હોય એવી પ્રસંગકથા.

આજનો પ્રસંગ.

રાધાજી આવતા દેખાય છે. આજે કૃષ્ણ સાથે નથી. રાધાજી એકલા દેખાય છે. પૂજ્યશ્રી કહે. આવો રાધાજી, આપનું સ્વાગત છે. આપ આસન ગ્રહણ કરો. પછી રાધાજી કહે કે, "ગજબ થઇ ગયો, ગજબ થઇ ગયો,

ગજબ થઇ ગયો." પૂજ્યશ્રીએ બે હાથ પહોળા કરીને ખૂબ સુંદર મુખમુદ્રા અને નયનમુદ્રા સાથે ભાવ પ્રદર્શિત કરે છે. એક કલાકારની અદાથી એક્ટિંગ કરી છે કે બસ તમે જોતા જ રહો.

પૂજ્યશ્રી પૂછે છે કે શું થયું? કઈક કહો તો ખરા. રાધાજી ખૂબ ઉદાસ ચહેરે બોલ્યા કે, તમને શું કહું દિયરજી. અમે ગઈ વખતે અહીંથી નીકળીને જતા હતા. તમને ખબર હશે કે ગોકુલ અને મથુરા વચ્ચે એક બગીચો આવે છે એટલે મેં કાનાને કહ્યું કે આ બગીચો ખૂબ સુંદર છે, આપણે અહીં બેસીએ અને બટાકાપૌંઆનો નાસ્તો લાવ્યા છીએ તે નાસ્તો કરીએ. કાનાએ કહ્યું, ભલે.

રાધા અને કાનો બેઠા. બાજુમાં અહીંથી લઈ ગયેલા ઝભ્ભાની પોટલી મૂકી અને નાસ્તો કરતા હતા એટલામાં વાંદરો આવ્યો અને પોટલી લઈને જતો રહ્યો. બધા ઝભ્ભા જતા રહ્યા.

આ વાત કહેતી વખતે પૂજ્યશ્રીનું ખડખડાટ મુક્ત હાસ્ય એટલે તેઓશ્રીના અદભુત સ્વરૂપની ઝાંખી. બંને હાથથી બધું જતું રહ્યું એમ કહેવાની તેમની એક્શનને ભક્તોને ખૂબ હસાવ્યા. બધું જતું રહ્યું કહેવાની અને બતાવવાની મુદ્રા એટલે પૂજ્યશ્રીમા એક બાળકના દર્શન. એવી સરસ મુદ્રાઓ હતી કે જાણે હમણાં જ, તમારી સામે જ વાંદરો પોટલી લઈને નાઠો. આખું દૃશ્ય તમારી સામે તાદશ્ય થઈ જાય. બધા ખૂબ ખૂબ હસ્યા.

પૂજ્યશ્રી હસતા જાય અને વાત કહેતા જાય એવું આ સુંદર સ્વરૂપ, ક્યારેક જ જોવા મળે. બધા ખૂબ ખૂબ હસ્યા છે. વાંદરાની નાસી જવાની પ્રક્રિયાને પૂજ્યશ્રીએ હાથ દ્વારા બતાવી, એ પણ અતિ મોહક હતી.

રાધા વાંદરા પાછળ દોડે છે. અને કાનો હસતાં હસતાં કહે છે કે દોડીશ નહીં, હવે વાંદરો તારા હાથમાં નહિ આવે. રાધા ખૂબ નિરાશ થઈ છે. બટાકાપૌંઆ ખાવાનો આનંદ જતો રહ્યો. કાનાને કહે કે, દિયરજી પાસે માંગીને લાવી ઝભ્ભા આ રીતે જતા રહ્યા. હવે કરવાનું શું?

કાનો કહે કે, દિયરજીને કહેજે, બીજા સીવડાવી આપે. પૂજ્યશ્રી ખૂબ હસ્યા છે. કેટલો સરળ ઉપાય બતાવ્યો કાનાએ. પૂજ્યશ્રી અને ભક્તો ખૂબ ખૂબ હસ્યા. પૂજ્યશ્રીએ કહ્યું કે, સારું, તપાસ કરીશું. અને બીજા સીવડાવી રાખીશું. તમે બીજી વાર આવો ત્યારે કંઈક વ્યવસ્થા કરી દઈશું પણ તમે થાકીને આવ્યા છો, તમારે માટે ચા અને બટાકાપૌંઆ તૈયાર છે, જાવ જઈને નાસ્તો કરી આવો.

રાધાજી કહે, ભલે નાસ્તો કરી આવું પણ આ વખતે તો બટાકાપૌંઆ વધારે બાંધી જવાના છે જેથી બે-ત્રણ દિવસ ચાલે. પૂજ્યશ્રી હસતાં હસતાં કહે કે, એટલા બધા બનાવ્યા નથી પણ તમે બીજી વાર આવો ત્યારે જોઈશું. તમે અત્યારે ચા નાસ્તો કરી આવો. થોડીવાર પછી, રાધાજી ચા-નાસ્તો કરીને બહાર આવ્યા.

હવે રાધાજી કહે કે તે દિવસે હું તમારી પાસેથી શક્તિ લઈને ગઈ હતી, તે ગોકુળ પહોંચી ત્યારે પેલો જસબીન આહિર મારા ઘરે બેઠેલો જ હતો કે રાધાજી મારા માટે જરૂરથી કોઈક ઉપાય લઈને આવશે. રાધાજી કહે કે, મેં એના હાથ પર હાથ ફેરવ્યો અને તરત જ હાથ સીધો થઇ ગયો. બધાએ ખૂબ તાળીઓ પાડી. થોડીવારમાં તો આખા ગોકુળમાં વાત પ્રસરી ગઈ. એટલે કોઈકને કંઈક થાય તો મારી પાસે આવે. પૂજ્યશ્રી કહે કે, મેં તો શક્તિ બે દિવસ માટે જ આપી હતી, તો રાધા કહે કે, હા, પણ તે બે દિવસમાં તો કેટલાય લોકો આવી ગયા. બધાને હાથ ફેરવું અને સાજા થઇ જાય. હવે ત્રીજા દિવસે મારે શું કરવું?

પૂજ્યશ્રી કહે કે, હવે મારી પાસે કશું નથી. મેં તો માત્ર બે દિવસ માટે શક્તિ આપી હતી. બધા કહે છે કે રાધાજી, તમે કંઈક કરો નહીં તો પાછા અમદાવાદ જાવ અને ફરીથી શક્તિ લઈ આવો.

પૂજ્યશ્રી કહે કે, હવે મારાથી તમને વધારે શક્તિ આપી શકાય નહીં. પણ કાનાની પાસે શક્તિ છે, એ શક્તિમાન છે, એ તમને શક્તિ આપી શકે, માટે તમે કાના પાસે શક્તિની માંગણી કરજો.

પછી રાધાજી કહે કે, તમને બીજી એક વાત કહું. પૂજયશ્રી કહે કે, બોલો. રાધાજી કહે કે, તમે એવું કરોને કે તમે જ ગોકુળમાં આવી જાવને? બધા ખૂબ હસ્યા અને તાળીઓ પાડી. પૂજ્યશ્રી કહે કે રાધાજી, મને તો

અમદાવાદનો જ હુકમ મળેલો છે એટલે મારાથી તો અમદાવાદ છોડીને જવાય નહીં અને પછી હસતાં હસતાં કહે કે, તમે કાનાને ગોકુળમાંથી કાઢયો અને મને ગોકુળ લઈ જવો છે? ખૂબ તાળીઓ પડી છે. પૂજ્યશ્રીની સવાલ પૂછવાની અદા અને આશ્ચર્યમુદ્રા ખરેખર અદભુત હતી.

રાધાજી તો ડઘાઈ જ ગયા. આવા શાબ્દિક હુમલાની એમને ધારણા જ નહોતી એટલે કહે કે, ના, ના, આ તો ગોકુળના લોકો માંગણી કરે છે. અને કહે છે કે, એમને અહીં લઈ આવો. પૂજયશ્રી કહે કે, ના, ના હું તો ગોકુલ નહીં આવું. હું તો આવી શકીશ પણ નહીં. તો રાધા કહે કે, હવે મારે શું કરવાનું? પૂજ્યશ્રી કહે કે, તમારે કાના પાસે જવાનું અને કહેવાનું કે, મને શક્તિ આપ. તું શક્તિ આપે તો હું કંઈક કામ કરૂં એટલે કાનાને કહેજો અને પછી એ શું કહે છે અને શું કરે છે તે મને કહેજો.

હવે રાધાજી કહે કે, દિયરજી, તમને બીજો એક સવાલ પૂછું? પૂજ્યશ્રી કહે અરે પૂછોને? હસતાં હસતાં કહે કે તમારે કેટલા સવાલ પૂછવાના છે? રાધા કહે કે આ તો પૂછવું જ છે. રાધા કહે કે, તમે ગોધરા છોડી અમદાવાદ આવ્યા ત્યારે તમારા મનની પરિસ્થિતિ કેવી હતી? તમે કેવી યાતના કે વેદનામાંથી પસાર થયા હતા એનું મને વર્ણન કરો. મને કાનાએ તમારી બધી વાતો કરી છે. અમેં પાછા જતા હતાં, ત્યારે રસ્તામાં

કાનાએ તમારી ને તમારી જ વાતો કરી. મને ખૂબ રસ પડ્યો એટલે મારે તમારી તે વખતની માનસિક પરિસ્થિતિનું વર્ણન સાંભળવું છે.

પૂજ્યશ્રીના માનસપટ પર એ દિવસની સ્મૃતિઓ તાજી થઈ ગઈ. ખૂબ ધીમા સ્વરે બોલ્યા કે જૂઓ, એ જે યાતના કે માનસિક દર્દ વેઠયું એનું વર્ણન ન હોઈ શકે. એ પરિસ્થિતિને શબ્દોથી કહી ન શકાય. પણ હું તમને બીજી એક વાત કહું કે, જ્યારે કાનો ગોકૂળ છોડીને મથુરા ગયો ત્યારે તેની મનોદશા કેવી હતી? એની વેદના કેવી હતી એ તમે કાનાને પૂછી જોજો. એની જે સ્થિતિ હતી, એ જ સ્થિતિ મારી હતી. તમે બીજીવાર અહીં આવો ત્યારે મને બે વાત કહેજો. એક તો તમે કાના પાસે શક્તિ માંગી તો કાનાએ શું કહ્યું અને ગોકૂળ છોડતી વખતે કાનાની માનસિક વેદના, યાતના વગેરેનું વર્ણન એની પાસેથી સાંભળી લાવજો.

રાધા હસતાં હસતાં કહે કે, વાહ દિયરજી તમે તો મારા જ ગળામાં ગાળિયો નાખી દીધો. બધા ખૂબ હસ્યાં છે. પૂજ્યશ્રી કહે કે મેં શું ખોટું કહ્યું છે? કારણકે હું તો વર્ણન નથી કરી શકતો તો તમને શું કહું?

હવે રાધા કહે કે દિયરજી, હવે આપણે પેલા ઝભ્ભાનું શું કરીશું? જે ઝભ્ભા ગયા એ તો પાછા ન આવી શકે એટલે તમારે કઈક કરવું પડે.

પૂજ્યશ્રી કહે કે ચાલો, આપણે એ જ ઝભ્ભાને પાછા લાવી દઈએ. રાધાજી કહે એ કેવી રીતે બને. એ જ ઝભ્ભા તો પાછા ન મળે. પૂજ્યશ્રી

કહે કે તમે સંશય કેમ કરો છો? હવે તમે બીજી વાર આવો ત્યારે એ જ ઝભ્ભા હું મંગાવી રાખીશ.

રાધાજી કહે કે, તમે એવા જ ઝભ્ભા સીવડાવી રાખો અને કહો કે પેલા ઝભ્ભા આવી ગયા. તો?

પૂજ્યશ્રી કહે કે તમે શંકા કરવાનું છોડી દો. તમે બીજી વાર આવો ત્યારે જોઈ લેજો. રાધાજી કહે કે મારે તો એવા ઝભ્ભા જ જોઈએ. કાના માટે કેટલા આનંદથી પસંદ કર્યા હતા.

પૂજયશ્રી કહે કે તમે બીજી વાર આવો ત્યારે જોઈ લેજો અને હવે આવો ત્યારે બે વાત યાદ રાખજો. એક તો કાના પાસે શક્તિ માંગી તો કાનાએ શું કહ્યું? અને કાનાએ ગોકુલ છોડ્યું ત્યારે એની માનસિક વેદનાનું વર્ણન.

રાધાજી કહે ચોક્કસ. પણ તમે મારા ઝભ્ભાનું ભૂલતા નહિ.

**ૐ મા ૐ**

# “રાધાની કહાની”

એક આઠમનો છે કાનો, ને એક આઠમના દિયરજી

એકે મને આગળ બેસાડી, ને બીજાને તો હું મનાવુંજી

એક પૂછે ના કોઈ સવાલ, બીજો પ્રશ્ન તમાચો મારેજી.

એક ની મોરલી મને રડાવે, બીજાનું પહેરણ હું માંગુજી

કાનો મને બસ રાસ રમાડે, દિયરજી આપે મને શક્તિજી

એક ગોકુળ છોડીને છે દુઃખી, બીજો ગોકુળ ના આવેજી.

સખા સુદામાના પૌંઆથી, કાનો થઇ જાતો રાજીરાજી.

શ્રી રાજના બટાકાપૌંઆ, હું તો માંગી માંગીને ખાતીજી.

રાજમહેલના પકવાન છોડી, કૃષ્ણ આરોગે વિદુરની ભાજીજી

છપ્પન ભોગ છોડીને હવે, કાનો માંગે શ્રીરાજની સૂકીભાજી.

જન્માષ્ટમી હોય કે રાધાષ્ટમી, બેયમાં રાજી છે માતાજી.

બે માતના બાળ બંને, મયુરપિચ્છથી બેય શોભેજી

શ્રદ્ધા બની ગયું છે ગોકુળ, જ્યાં આવે કાનોને રાધાજી.

ગોપના ઓટલેથી જઈ પહોંચ્યા અમે રાધાની ખીડકીજી

## (૧૩) "હનુમાનજીનું આગમન"

[તા. ૧૪.૯.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલ પ્રસંગ.]

રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રી દ્વારા પીરસાતું પંચામૃત. અહી પૂજ્યશ્રીનું કથામૃત, વાર્તામૃત, ભાવામૃત, મુદ્રામૃત અને હાસ્યમૃતનું પંચામૃત ભક્તોને આનંદ આપે, જ્ઞાન આપે, સત્સંગનું પુણ્ય આપે અને આધ્યાત્મિક સંસ્કૃતિ, સંસ્કાર પ્રદાન કરે. રાધાની ખિડકી એટલે કાના અને રાધાને માધ્યમ બનાવી પૂજ્યશ્રી દ્વારા આપવામાં આવતી જ્ઞાનપ્રસાદી. વાર્તા ભલે કાલ્પનિક હોય પણ આ વાર્તા દ્વારા મર્યાદાનું પાલન, આતિથ્યની ભાવનાં, મિત્રતામય માન સન્માન અને વ્યવહારની શુધ્ધતા પૂજ્યશ્રી શીખવાડે. વાણી પર સંયમ અને સ્વભાવ પર નિયંત્રણના પાઠ પૂજ્યશ્રી એવી સરસ રીતે વર્ણવે કે આ વાર્તા સત્સંગ, સદગુરૂ સાનિધ્યનું વળગણ બની જાય. ભક્તો રાધાની ખિડકી ના પ્રસંગો પ્રત્યક્ષ સાંભળવા આતુર હોય. નોકરી, વ્યવસાયનો સમય એડજેસ્ટ કરે પણ કુટિરમાં સ્વયં હાજર રહેવાનું પસંદ કરે.

રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીની ભાવમુદ્રા, હસ્તમુદ્રા, મુખમુદ્રા, નયનમુદ્રા અને તનમુદ્રાને નિહાળવાનું, નીરખવાનું ઉત્તમ માધ્યમ. રાધાની ખિડકી એટલે આનંદ, જ્ઞાન, ગમ્મત અને હાસ્યનું પવિત્ર ઝરણું. જેમાં

સતત સ્નાન કરવાનું મન થાય. પૂજ્યશ્રીનો સર્વોત્તમ પ્રેમપ્રસાદ એટલે ખિડકીમાંથી રાધાજીના દર્શન.


આજનો પ્રસંગ.....

પૂજ્યશ્રીએ કહ્યું કે, ગઈ વખતે આપણે રાધાજીને કહ્યું હતું કે હું તમારા પહેરણ, જે વાંદરો લઈ ગયો હતો તે પાછા લાવી આપીશ. તો પૂજ્યશ્રીએ વિચાર કર્યો કે, આ ઝભ્ભા કેવી રીતે મંગાવવા? કેવી રીતે લાવવા? શું કરવું? પૂજ્યશ્રી વિચારે કે મારે માતાજીને તો તકલીફ આપવી નથી અને કહેવું નથી, એટલે શું કરવું, તેનો વિચાર કરે છે. એટલામાં એમને હનુમાનજી યાદ આવ્યા અને વિચાર્યું કે હનુમાનદાદાને બોલાવું. પૂજ્યશ્રીએ હનુમાનદાદાને પ્રાર્થના કરી, એટલે હનુમાનદાદા આવ્યા. પૂજ્યશ્રીને પગે લાગ્યાં. પૂજ્યશ્રી કહે કે તમારે મને પગે લાગવાનું ના હોય, તમે તો મહાન છો. પૂજ્યશ્રીએ એમને વંદન કર્યા. હનુમાનજી પૂછે છે કે બોલો, મારું શું કામ પડ્યું? હું શું સેવા કરું? પૂજ્યશ્રી કહે કે, કોઈ સેવા કરવાની નથી પણ કાનાના ઝભ્ભા વાંદરો લઈ ગયો છે તે પાછા લાવી આપવાના છે. જો તમારાથી લવાય, તો આટલું કામ કરી આપો. પૂજ્યશ્રી કહે કે, મથુરા અને ગોકુળની વચ્ચે બગીચો છે. ત્યાં કાનો અને રાધા બેઠાં હતા અને ત્યાંથી વાંદરો ઝભ્ભાની પોટલી લઈ ગયો છે. તે કાલ સુધીમાં

પાછા લાવી આપો તો સારું. હનુમાનજી કહે કે, હું જાઉં છું અને બનતી કોશિશ કરું છું.



હનુમાનજી તો ઉપડ્યા. બગીચો શોધી કાઢ્યો. એમાં બેઠા અને બધા વાંદરાઓને ભેગા કર્યા. હનુમાનજી કહે કે, રાધાકૃષ્ણ અહીં બેઠા હતા અને તેમના ઝભ્ભાની એક પોટલી કોઈ એક વાંદરૂ લઈ ગયું છે. જો તમારામાંથી કોઈ લઈ ગયું હોય, તો કહો.



એક વાંદરો આગળ આવ્યો અને કહ્યું કે હું લઈ ગયો હતો અને પેલા ઝાડ પર લટકાવી રાખી છે. બધા ખૂબ હસ્યા છે. હનુમાનજી કહે કે, જાવ લઇ આવો. એટલે વાંદરો ઝાડ પરથી પોટલી લઈ આવ્યો અને

હનુમાનજીને આપી દીધી. હનુમાનજી તો પોટલી લઈને શ્રધ્ધામાં આવી ગયા અને પૂજ્યશ્રીને પોટલી આપી દીધી. પૂજ્યશ્રીએ હનુમાનજીનો આભાર માન્યો અને પોટલી પોતાની પાસે રાખી લીધી. આ વાત આપણે રાધાજીને કહેવી નથી. પૂજ્યશ્રી આજે એ ઝભ્ભાની પોટલી લઈને આવ્યા છે. રાધાજી આવશે એટલે આપશે.

આજે રાધાજી અને કૃષ્ણ સાથે આવતા દેખાય છે. પૂજ્યશ્રી કહે કે, આવો, આવો, તમારું સ્વાગત છે. તમે બંને બેસો. હવે પૂજ્યશ્રી કહે કે, તમે બંને ખૂબ દૂરથી આવ્યા છો. થાક્યા હશો, માટે અંદર જઈને ચા નાસ્તો કરી આવો. આપના માટે ચા અને બટાકાપૌંઆ તૈયાર રાખ્યા છે. એટલે પહેલા નાસ્તો કરી લ્યો. રાધાજી કહે કે, આજે હું તો વધારે બાંધી જવાની છું. એટલે વધારે રાખ્યા છે ને? પૂજ્યશ્રી કહે કે, આજે વધારે બનાવ્યા છે જેટલા જોઈએ એટલા બાંધી જજો. બંને જણા ઘરમાં ચા નાસ્તો કરવા ગયા અને થોડી વારમાં નાસ્તો કરીને આવ્યા.

પૂજ્યશ્રી કહે કે, જુઓ. તમારા દુપટ્ટા સાથે તમારા ઝભ્ભા પાછા આવી ગયા છે. રાધાજી તો ઝભ્ભા જોઈને સજ્જડ થઈ ગયા. દિયરજી આ તમે કેવી રીતે પાછા લાવ્યા? મારા દુપટ્ટા સાથે બધુ પાછું લાવ્યા તો તમે શું જાદુ કર્યું? રાધાજી પુછે છે કે તમે જાદુગર છો? પૂજ્યશ્રી કહે કે, હું કોઈ જાદુગર નથી અને જાદુ કરતો જ નથી. હું તો સેવા કરવા બેઠો છું. અને

સેવા કરું છું. મારી પાસે સેવા સિવાય બીજું કશું છે જ નહીં. રાધાજી કહે કે, તમે મને કહો કે, આ ઝભ્ભા તમે પાછા કેવી રીતે લાવ્યા? પૂજ્યશ્રી કહે કે, એ તો હું તમને નહીં કહું પણ તમે કાનાને પૂછજો. કાનો તમને જવાબ આપશે. એટલે વાત અહીં પતી ગઈ.

પછી રાધાજી કહે કે, હું આજે કાનાને લઈને આવી છું તો તમે કાનાને કહો કે, મને શક્તિ આપે. પૂજ્યશ્રી કહે કે, મારે કહેવાનું હોય, કે તમારે કહેવાનું હોય. રાધાજી કહે કે, મેં તો કાનાને કહ્યું પણ કાનો મને શક્તિ આપતો નથી. મારું માનતો નથી. રાધાજી તો ઉભા થઈ ગયા અને ખુલ્લી હથેળી રાખી, હાથ લાંબો કરીને કહેવા લાગ્યા કે, કાના મને શક્તિ આપ, કાના મને શક્તિ આપ. પણ કાનો કશું બોલે જ નહીં અને શક્તિ આપે જ નહીં. રાધાજી ઉભા જ રહ્યાં, ઉભા જ રહ્યાં. એમને એમ પાંચ, દસ, પંદર મિનિટ થઈ ગઈ પણ કાનો મુસ્કુરાયા કરે, પણ શક્તિ આપે નહીં. હવે પૂજ્યશ્રીએ કાના સામે જોયું ત્યાંરે કાનો બોલ્યો કે, "સમય સમય બલવાન હૈ, નહીં પુરૂષ બલવાન." પૂજ્યશ્રી કહે કે હું તો સમજી ગયો કે કાનો શું કહેવા માંગે છે, પણ રાધાજી સમજ્યા કે નહીં તે ખબર ના પડી. પછી કાનો કહે કે, મારા હજારો મંદિરો બંધાયા છે અને લાખો ભક્તો મને પગે લાગવા આવે છે પણ એમાંથી સીતેર ટકા લોકો, પૈસાની માંગણી માટે અથવા ભૌતિક માંગણી માટે આવે છે. મારા માટે કોઈ આવતું નથી. મારા માટે તો માત્ર બે ટકા જ આવે છે. બીજા બધા તો માંગણીઓ કરવા આવે

છે. અને પછી કહ્યું કે, હે રાધે, આજે તું પણ તારા સ્વાર્થ માટે મારી પાસે માંગણી લઇને આવી છું એટલે હું તને શક્તિ ના આપી શકું. આમાં તારો સ્વાર્થ છે એટલે તને શક્તિ આપી ન શકાય.

રાધાજી હસતાં હસતાં કહે કે, જૂઓ દિયરજી, તમે મને શક્તિ આપી દીધી હતી અને આ કાનો માનતો નથી. પૂજ્યશ્રી કહે કે, હું કાનાને કશું કહી ના શકું પણ કાનાએ કહ્યું કે, “સમય સમય બલવાન હૈ, નહીં પુરૂષ બલવાન.” એટલે સમય આવશે ત્યારે કાનો આપશે, અને ના આપે તો માંગવાની નહીં.

હવે બીજી વાત થઈ હતી કાનાના વિરહની કે વિરહ કેવો હોય? રાધાએ કાનાને કહ્યું કે, તમે ગોકુળ છોડીને મથુરા ગયા ત્યારે તમને કેવી લાગણીઓ થઇ હતી? તમારી મનોદશા કેવી હતી? તમારી માનસિક સ્થિતિ કેવી હતી, તે કહો. કાનો કહે છે કે એ હું નહીં કહું અથવા કહી નહીં શકું. મારાથી એ સ્થિતિનું વર્ણન નહિ કરી શકાય. પણ હું તને છોડીને ગયો હતો ત્યારે તને કેવું થયું હતું તેનું વર્ણન તું કર. રાધાજી ખૂબ હસ્યા છે અને કહે કે હું તો ભરાઈ પડી. એ વેદનાનું વર્ણન તો મારાથી પણ નહીં કરી શકાય. પછી રાધાજી પૂજ્યશ્રી સામે જુએ છે. પૂજ્યશ્રીએ કહ્યું કે, આમાં હું કશું ના બોલું. તમે બે જણા સમાધાન કરી લ્યો. રાધાજી કહે કે, આ કાનો

તો માનતો જ નથી. આવા જવાબો જ આપે છે. પૂજ્યશ્રી કહે કે, એમાં મારું કામ નહીં. હું કાનાને કશું કહી ના શકું.

પછી થોડી વાર રહીને રાધાજી કહે, દિયરજી, દિયરજી, તમને એક પ્રશ્ન પૂછું? પૂજ્યશ્રી કહે કે, પૂછો. પછી હસતાં હસતાં કહે કે, પ્રશ્નોની કેટલી વણઝાર છે? રાધાજી કહે કે ના, આ પ્રશ્ન તો પૂછવો જ પડે. પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યુ કે, "બધા સવાલોના જવાબ નથી હોતા, અને હોય છે એ સધ્ધર નથી હોતા." રાધાજી કહે કે, તમે મને કહો કે, યુવાનીમાં તમે કોઈને પ્રેમ કર્યો છે? અત્યારે તમે કોઈને પ્રેમ કરો છો? પૂજ્યશ્રી કહે કે, આવો સવાલ મેં તમને પરોક્ષ રીતે પૂછયો હતો અને એનો જવાબ તમે ઉડાડી દીધો હતો. પણ હું છટકબારી નહીં શોધું. મારી તો ખુલ્લી કિતાબ છે.

પૂજ્યશ્રીએ કહ્યું કે મારા જીવનમાં એવું બન્યું કે હું જ્યારે પાંચ વર્ષનો હતો ત્યારે અમારા ઘરે કાશીથી એક પંડિત આવેલા. જ્યોતિષના ખૂબ સારા જાણકાર હતા અને મારા પિતાજીના મિત્ર થાય. એમણે મારી કુંડળી જોઈને મારા પિતાજીને કહ્યું હતું કે, આ છોકરાના જેમ બને તેમ જલ્દી લગ્ન કરાવજો. જો એની ઉંમર વીસ, બાવીસની થઈ ગઈ તો પછી આ છોકરો લગ્ન નહીં કરે માટે એને વહેલો પરણાવજો. એટલે મારા પિતાજીએ મગજમાં આ વિચાર રાખી મુકેલો. હું જ્યારે યુવાનીમાં પા પા પગલી માંડતો હતો યુવાનીની કળી હજુ ખીલી નહોતી, કળી ખીલીને ફુલ થયું

નહોતું, ત્યાં જ સત્તર વર્ષની ઉંમરે મારું લગ્ન થઈ ગયું હતું. એટલે મારે પ્રેમ કરવાનો કોઈ પ્રશ્ન આવ્યો જ નથી. અને અત્યારે આખું વિશ્વ મને પ્રેમ કરે છે. હું આખા વિશ્વને પ્રેમ કરું છું.

પૂજ્યશ્રી કહે કે, હું તમને બીજી વાત કહું કે તમારા કરતાં હું કાનાને વધારે પ્રેમ કરું છું. પૂજ્યશ્રીના હાવભાવ ખુબ સરસ હતા. રાધાજી તો અચંબામાં પડી ગયા. કહે, ખોટી વાત. આવું બને જ કેવી રીતે? પૂજ્યશ્રી કહે કે, કાનાને પૂછો. રાધાજી કહે કે, ના, હું જ વધારે પ્રેમ કરું છું. તમારો નહીં પણ મારો જ પ્રેમ કાના માટે વધારે છે. પૂજ્યશ્રી કહે કે, ના, મારો પ્રેમ વધારે છે. રાધાજી કહે કે, હું એક શરત મુકું. તમે એ પ્રમાણે કરો તો પ્રેમના પારખા થઈ જાય. પૂજ્યશ્રી કહે કે, બોલો શું કરવું છે?

રાધાજી કહે કે, હું કાનાને ફ્લાઈંગ કિસ આપું અને એના જમણા હાથે હથેળીના પાછળ બે આંગળી અડકાડું. જો કંકુના બે ચાંદલા થઈ જાય તો મારો પ્રેમ વધારે. અને તમે ફ્લાઇંગ કિસ કરીને કાનાના ડાબા હાથની હથેળીની પાછળ બે આંગળી અડકાડો. જો કંકુના ચાંદલા થઈ જાય તો તમારો પ્રેમ વધારે. પૂજ્યશ્રી કહે કે, મને મંજુર છે. રાધાજી કહે કે પહેલા કોણ કરે? પૂજ્યશ્રી કહે કે, તમે કરો.

રાધાજી તો હરખભેર ઉભા થયા. કાનાને ફ્લાઇંગ કિસ આપી અને જમણા હાથની હથેળી પાછળ બે આંગળી અડકાડી પણ કંકુના ચાંદલા

થયા નહીં. રાધાજી ઉદાસ થઈ ગયા. હવે પૂજ્યશ્રીએ કાનાને ફ્લાઈંગ કિસ આપી. અને ડાબા હાથની હથેળી પાછળ જ્યાં બે આંગળી અડાડી ત્યાં બે ચાંદલા થઈ ગયા. રાધાજી નિરાશ થયા અને બુમો પાડવા માંડ્યા કે, તમે જાદુ કર્યો, જાદુ કર્યો. પૂજ્યશ્રી કહે કે, મારી પાસે કોઇ જાદુ નથી. તમે મહેરબાની કરી જાદુની વાત ના કરો. પણ રાધાજી માને જ નહીં અને કહે કે, તમે દિયરજી જાદુ જ કર્યો છે. પછી રાધાજી કહે કે, દિયરજી મને તમારી આંગળીઓ જોવા દો. રાધાજીએ આંગળીઓ જોઈ પછી કહે કે, મારા હાથની હથેળી પાછળ તમારી બે આંગળી મૂકો.

પૂજ્યશ્રી કહે કે એ ના મુકાય. આપણી શરત કાનાના હાથની હતી. પછી રાધાજીએ પૂજ્યશ્રીની આંગળીઓ જોઈ કે એના પર કશું લગાડ્યું તો નથી ને? પૂજ્યશ્રી કહે કે, હું તો અહીં જ બેઠો હતો. મેં શું લગાડ્યું હોય? રાધાજી કહે કે, આ તો મારી હાર થઈ ગઈ. હવે કાનાનું શું કરવાનું?

પૂજ્યશ્રી કહે કે, કાનો તમારો જ છે. તમે જ રાખો અને એ તમારી પાસે જ રહેશે. પણ મારો પ્રેમ પણ કાના માટે એટલો જ છે. મારે કાનો રાખવો નથી, હું બોલાવું ત્યારે દ્વારિકાથી દોડતો આવે છે એ પ્રેમ જ છે. રાધાજી કહે કે, દિયરજી આજે તમે મને બધી રીતે હરાવી દીધી. પૂજ્યશ્રી કહે કે, હું તમને હરાવવા નથી માંગતો. તમે બંને તો મહાન છો. મારાથી તમને ના હરાવાય. રાધાજી કહે કે, દિયરજી તમે કશુંક કરો છો. પૂજ્યશ્રી

કહે કે, જાદુ તો હાથની કરામત છે. મારી પાસે કશું નથી. હું તો માત્ર સેવા કરું છું. મારી પાસે બીજી કોઈ શક્તિ નથી. કાનો રાધા સામે જોઈને મંદ મંદ મુસ્કુરાયા કરે છે.

**ૐ મા ૐ**

# રાધા કેવી?

તા.૨૨-૯-૨૦૨૧

રમતી રાધા
રડતી રાધા
હસતી રાધા
હારતી રાધા
કાના અને દિયર વચ્ચે અટવાતી રાધા.

ચાની ચાહમાં દોડતી રાધા.
બટાકાપૌંઆની દીવાની રાધા.
ગોકુળથી અમદાવાદ આવન-જાવન કરતી રાધા.
પ્રભાતફેરી ફરતી રાધા.
ખેતરની રખેવાળ રાધા.
મદમસ્તીમાં ઝૂમતી રાધા.
અક્ષરજ્ઞાન દેતી રાધા.
ગોકુળમાં સહુની પ્યારી છે રાધા.

નીડર છે રાધા
લોક સેવક છે રાધા
વિરહમાં ઝૂરતી રાધા
કાનાની દિવાની છે રાધા

દિયરજીને વ્હાલ કરતી રાધા.

ઝભ્ભા માંગનારી રાધા.
પહેરણ પહેરનારી રાધા.
ભક્તિ ગાનારી રાધા.
શક્તિ માંગનારી રાધા.

આરોપો કરનારી રાધા
અવળી ચાલ ચાલતી રાધા.
પોતાના જ શબ્દોમાં ફસાતી રાધા.

સવાલો કરનારી રાધા
શબ્દોમાં ફસાતી રાધા.
કાનાની આત્મિક શક્તિ રાધા.
સંહારની જવાબદાર રાધા.
તોય કૃષ્ણની પ્યારી છે રાધા.

શ્રદ્ધામાં ડૂબનારી રાધા.
દિયરજીને મનાવતી રાધા.
સૂકીભાજીથી ધરાતી રાધા.
કાનાને સાથે લાવનારી રાધા.

હવે અમારી આતુરતા રાધા.
પૂજ્યશ્રીની ભાવસરિતા રાધા.
કુટિરની છે સોગાત રાધા.
ખીડકીમાં આવનારી રાધા.

અમે સહૂ જપીએ હવે
રાધા રાધા રાધા
રા- રાજને
ધા-ધારણ કરનાર
શ્રીરાજનો દરેક શિષ્ય રાધા સમાન છે.

# (૧૪) "નંદબાબાને તાવ"

[તા. ૨૩.૯.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલ પ્રસંગ.]

રાધાની ખિડકી એટલે રાધાજીના ભાવ, પ્રભાવ અને સ્વભાવનું દર્શન. રાધાની ખિડકી એટલે રાધાજીનો શ્રધ્ધામાં અને શ્રીરાજમાં વિશ્વાસની અનુભૂતિ. શ્રધ્ધાના અંગ્રેજીના સ્પેલિંગમાં જ રાધા છુપાયેલી છે. એની પ્રતીતિ 'SHRADDHA'. રાધાની ખિડકી એટલે કાનાને અને રાધાને શ્રીરાજની જરૂરિયાત છે એનો અહેસાસ. રાધાની ખિડકી એટલે શ્રીરાજની સહજ રમૂજનો આનંદ. રાધાની ખિડકી એટલે ગોકુળ અને ગોધરાનું સામીપ્ય. રાધાની ખિડકી એટલે ગોકુળવાસીઓ અને ગોધરાવાસીના સ્નેહ તંતુઓના દર્શન. રાધાની ખિડકી એટલે શ્રીરાજની આન, બાન, શાન અને જ્ઞાનના સ્વસ્તિકને વંદન કરવાનો અવસર.

રાધાની ખિડકી એટલે શ્રીરાજના શક્તિ, સામર્થ્ય અને સિદ્ધિઓનો પરિચય. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રી દ્વારા પ્રાપ્ત દરેક સફળતાને માતાજીના ચરણોમા અર્પણ કરવાની મનોવૃત્તિને સ્વીકારવાની, અપનાવવાની શ્રેષ્ઠ તક. રાધાની ખિડકી એટલે વાત, વાર્તા અને વિચાર દ્વારા અપાતું જ્ઞાન. રાધાની ખિડકી એટલે ભોજનનો આસ્વાદ અને વૈચારિક ક્રાંતિનું સોપાન.

રાધાની ખિડકી એટલે માત્ર આનંદ, હાસ્ય અને મજાક નહીં પણ સત્સંગ, સાનિધ્ય અને સંતવાણી દ્વારા પીરસાતું સર્વશ્રેષ્ઠ આધ્યાત્મિક ભોજન.

રાધાની ખિડકી માટે ભક્તોની પ્રતીક્ષા, પરીક્ષા અને તિતિક્ષાનો સંગમ. રાધાની ખિડકી એટલે શ્રધ્ધા અને ગોકુળને જોડતો આનંદ સેતુ.

આજનો પ્રસંગ...

રાધાજી અને કાનો રાધાષ્ટમીએ શ્રધ્ધામાં પધાર્યા હતા અને પાછા જતી વખતે ઘણા બટાકાપૌંઆ બાંધીને લઈ ગયા હતા. પાંચ પહેરણ પણ સાથે લીધા હતા. આ પહેરણ અને બટાકાપૌંઆને એક પોટલીમાં બાંધ્યા હતા. આ પોટલી સાથે અહીંથી વિદાય થયા અને ફરતા-ફરતા નડિયાદ સુધી પહોંચ્યા. નડિયાદના બજારમાં થઈને જતા હતા ત્યાં આ પોટલી પર એક ગઠીયાની નજર પડી. એને થયું કે, આ ડબ્બો દેખાય છે એમાં દાગીના લાગે છે અને પોટલામાં પૈસા લાગે છે એટલે મારે આ ઉઠાવવો જ જોઈએ. ગઠિયાએ આ પોટલા પર નજર રાખી અને જ્યાં ભીડ આવી એટલે કાપીને ગઠીયો પોટલી લઈને ભાગી ગયો. જ્યારે ગઠીયો દોડ્યો એટલે રાધાને ખબર પડી. રાધાએ બુમો પાડી. કાનો પૂછે કે શું થયું? રાધા કહે કે ગઠીયો પોટલી લઈને ભાગી ગયો. કાનો કહે કે એ તો ગયો. પાછું ના મળે. રાધા કહે કે, દિયરજીએ આપણને પહેરણ વાંદરા પાસેથી લાવી

આપ્યા. નાસ્તો આપ્યો તે બધું જ જતું રહ્યું. આપણે બટાકાપૌંઆ પણ વધારે બાંધી લાવ્યા હતા. જે રસ્તામાં ખાવાના હતા અને ઘરે જઈ નંદબાબા, યશોદા માતાને ખવડાવવાના હતા પણ આ તો બધું ય જતું રહ્યું. હવે આપણે શું કરીશું? કાનો કહે કે, એ તો ગયું હવે પાછું ના આવે. રાધાજી કહે કે હવે આપણે દિયરજીને વાત કેવી રીતે કરવી? મારી તો હિંમત નથી. હું નહીં કહું. કાનો કહે કે, હું પણ ના કહું અને હું કહું પણ શું કરવા? તારી પાસેથી ગયું છે એટલે તારે જ કહેવાનું. આમ નિરાશ થયેલા બંને વાતો કરતા કરતા પહોંચ્યા છે ગોકુળ.

ગોકુળ પહોંચ્યા અને જોયું તો નંદબાબાને તાવ આવ્યો હતો. આઠેક દિવસથી ખૂબ તાવ આવે અને ઊતરવાનું નામ જ ન લે. દવા કરી અને બીજું ત્રીજું કર્યું પણ તાવ ઊતરે જ નહીં. પછી રાધાએ કાનાને કહ્યું કે, કાના હવે તું જ કાંઈક કર. ત્યાંરે કાનો કહે કે, આમાં મારું કામ નહીં. આ કામ તારા દિયરજીનું છે. મારું કામ તો રાક્ષસોને હણવાનું છે. એટલે તાવ ઉતારવાનું કામ, મારાથી નહીં થાય. રાધા કહે કે, દિયરજી તો અમદાવાદ બેઠા છે. તો કાનો કહે કે જા, એમને જઇને લઈ આવ. રાધા કહે કે ના હું તો ના જાઉં. કાનો કહે કે તું જા અને જઇને દિયરજીને કહેજે કે, કાનાએ કહ્યું છે કે તમે ગોકુળ આવો. રાધા કહે કે, એ મારું માનશે ખરા? કાનો કહે કે, તું જા તો ખરી અને કહેજે કે કાનો બોલાવે છે તો આવશે. એટલે એ વાત

થઈ. આ બાજુ નંદબાબાને તાવ ઉતરે જ નહીં. એટલે રાધા દોડતી દોડતી અહીં શ્રધ્ધામાં આવે છે.

પૂજ્યશ્રીએ રાધાજીનું સ્વાગત કરતા કહ્યું કે, આવો, આવો રાધાજી બેસો. રાધાજી કહે કે બેસવાનો ટાઈમ નથી ઉતાવળમાં છું. અને ખાસ ઉતાવળમાં આવી છું. પૂજ્યશ્રીએ પૂછ્યું કે, શું થયું છે? તો રાધાજી કહે કે નંદબાબાને તાવ આવ્યો છે અને તાવ ઉતરતો જ નથી. ખૂબ તાવ છે. દોરાધાગા કર્યા, દવાઓ કરી. પણ તાવ ઉતરતો જ નથી. માટે કાનાએ કહ્યું છે કે, તુ જા અને દિયરજીને લઈ આવ. પૂજ્યશ્રી કહે કે, કાનો કહે જ નહીં. ત્યારે રાધાજીએ કહ્યું કે તમે વિશ્વાસ રાખો. કાનાએ કહ્યું જ છે. પૂજ્યશ્રીએ કહ્યું કે આવું હોય તો વિચારીએ. પણ તમારા માટે ચા અને બટાકાપૌંઆ તૈયાર છે એનો નાસ્તો કરી આવો. રાધાજી ખૂબ ઝડપથી ગયા અને જલ્દી જલ્દી ચા નાસ્તો કરીને પાછા આવ્યા.

રાધાજી કહે કે, તમે મારી સાથે જ ચાલો અને જોઈએ તો હું તમને પાછા મૂકી જઇશ. પૂ. બહેનજી કહે કે, ચાલો હું પણ જોડે આવું છું. રાધાજી કહે કે, ના, હું જેવા લઈ જાઉં છું એવા જ પાછા મૂકી જઇશ. તમે ચિંતા ના કરતા. એટલે બહેનજીએ કહ્યું કે, લાલુભાઈને એમની જોડે મોકલીએ એટલે રાધાજીએ કહ્યું કે, ના, હું એમને એકલાને લઈ જાવ છું. અને વિશ્વાસ રાખજો, એમને હું સહીસલામત પાછા મૂકી જઇશ. આખરે પૂજ્યશ્રીએ

ગોકુળ આવવાની હા કહી કે આજનો દિવસ આવું છું. ફરી પાછો આવીશ નહીં. હવે પૂજ્યશ્રી અને રાધાજી શ્રધ્ધામાંથી નીકળ્યા અને ગોકુલ પહોંચ્યા.

નંદબાબા અને યશોદા માતાને ખબર પડી કે, પૂજ્યશ્રી આવ્યા છે. એટલે યશોદા માતા દોડતા દોડતા બહાર આવ્યા અને પૂજ્યશ્રીને ભેટી પડ્યા. આવો, આવો કહેતા એમની આંખોમાંથી આંસુ ટપકી પડ્યા. પૂજ્યશ્રી પણ ભાવવિભોર થઈ ગયા છે. પછી પૂજ્યશ્રી નંદબાબા પાસે ગયા છે. પૂજ્યશ્રીએ નંદબાબાનો હાથ પકડ્યો ત્યાં નંદબાબાની આંખોમાંથી આંસુ સરી પડ્યા. પૂજ્યશ્રી નંદબાબાની પાસે બેઠા. કાનો પણ ત્યાં જ બેઠો હતો. પૂજ્યશ્રી બધાને પગે લાગ્યા છે. કાનાએ પૂજ્યશ્રીને કહ્યું, કેમ છે તું? તું અહીં આવ્યો તે ખૂબ સારું કર્યું. કાનો કહે કે હવે બાબા માટે તું જ કાંઈક કર. પૂજ્યશ્રીએ જોયું કે, નંદબાબાના હાથ પર, કોણી નજીક અને ગળામાં જાતજાતના દોરાધાગા બાંધેલા છે. પૂજ્યશ્રી કહે કે, કાતર લાવો અને પૂજ્યશ્રીએ કાતરથી બધા દોરાધાગા કાપી નાખ્યા. નંદબાબા કહે કે બેટા, ના કાપીશ પણ પૂજ્યશ્રીએ કહ્યું કે, તમે જરાય ચિંતા ના કરો. તમને કે મને કશું જ થવાનું નથી. હું બેઠો છું. તમે જરાય ફિકર ના કરશો. પૂજ્યશ્રીએ બધા જ દોરાધાગા કાપી નાખ્યા. પછી અહીંથી પૂનમનું જળ લઇ ગયા હતા એ તેમના શરીર પર ચોપડ્યુ અને થોડું જળ પીવડાવ્યું. પૂજ્યશ્રીએ નંદબાબાના મસ્તકે હાથ ફેરવ્યો અને પછી આખા શરીરે હાથ

ફેરવ્યો. હવે પૂજ્યશ્રી નંદબાબા પાસે ફરીથી બેઠા. અડધા કલાક પછી જોયું તો નંદબાબાનો તાવ બિલકુલ ઉતરી ગયો હતો. કુટિરમાં બધાએ ખૂબ તાળીઓ પાડી. હવે નંદબાબા પથારીમાંથી બેઠા થઇ ગયા અને પૂજ્યશ્રીને અતિશય વ્હાલથી ભેટી પડ્યા છે. બહુ જ ખુશ થઈને પૂજ્યશ્રીને પૂછ્યું કે તમે શું કર્યું? પૂજ્યશ્રી કહે કે, મેં તો કશુ જ કર્યું નથી. તમે કાનાને પૂછી જૂઓ. કાનાએ બધું જ જોયું છે. નંદબાબા તો ખૂબ આનંદમાં આવી ગયા અને બોલવા લાગ્યા કે, જૂઓ, મારો તાવ ઉતરી ગયો. આ કેવી રીતે થયું મને ખબર નથી પણ હું સાજો થઈ ગયો.

થોડીવારમાં તો આખા ગોકુળમાં વાત પ્રસરી ગઈ કે અમદાવાદથી દિયરજી આવ્યા. દોરાધાગા કાપી નાખ્યા અને પૂનમના જળનો છંટકાવ કર્યો કે તરત જ નંદબાબાનો તાવ ઉતરી ગયો. પૂજ્યશ્રીના દર્શન માટે નંદબાબાના ઘરની બહાર બધા ભેગા થવા માંડ્યા. ઘરની અંદર કોઈ આવ્યુ નથી પણ પૂજ્યશ્રીને બહાર આવવા વિનંતી કરે છે. હવે બધા ભેગા થયા હતા એમાંથી બે જણા આગળ આવ્યા જેમણે દોરા ધાગા બાંધ્યા હતા. તેઓ મોટે મોટેથી બોલતા હતા કે, કોણે અમારા બાંધેલા દોરા ધાગા તોડ્યા છે. અમેં એને જોઈ લઈશું જેણે આવી હિંમત કરી છે. એની ખેર નથી. તેમને કહેવામાં આવ્યું કે, તમે બહાર બેસો. જેમણે આ દોરા કાપ્યા છે તે હમણાં બહાર આવશે અને તમારી સાથે વાત કરશે.

હવે રાધાજી કહે કે મેં બટાકાપૌંઆ અને સૂકીભાજી માટે બધું તૈયાર રાખ્યું છે એટલે તમે મસાલા કરી દો. કુટિરમાં બધા ખૂબ હસ્યા છે અને તાળીઓ પાડી છે. રાધાજી કહે, જુઓ દિયરજી, મેં બધાને માટે વધારે કવોન્ટીટી બનાવી છે. પૂજ્યશ્રી કહે કે, હું મસાલા વગેરે કરું છું જે તમે જોઈ લ્યો. જેથી તમે બનાવી શકો. પૂજ્યશ્રીએ બટાકાપૌંઆ અને સૂકીભાજીમાં મસાલા કરી આપ્યા.

હવે રાધાજી કહે કે, દિયરજી તમે શું જમશો? પૂજ્યશ્રી કહે કે, હું તો કાંઈ જમતો નથી અને મને જમાડવો હોય તો વઘારેલી ખીચડી બનાવી દો. રાધાજીને આશ્ચર્ય થયું કે વઘારેલી ખીચડી? એ તો અમને ખબર જ નથી. એટલે પૂજ્યશ્રીએ રાધાજીને લખીને આપ્યું કે આટલા મસાલા અને આટલી વસ્તુઓ તૈયાર રાખો અને પછી મને બોલાવો.

રાધાજીએ બધી સામગ્રી તૈયાર કરી અને પૂજ્યશ્રીને બોલાવ્યા. પૂજ્યશ્રીએ ખિચડી વઘારી દિધી. રાધાજીને મસાલા બતાવ્યા અને કહ્યું કે, જુઓ આ રીત. પછી બધા જમવા બેઠા. પૂજ્યશ્રી, કાનો, નંદબાબા, યશોદામૈયા, રાધા એમ બધાય પંગતમાં જમીન પર પલાઠી વાળીને બેઠા છે. કાનો કહે કે, ખીચડી તો ખૂબ સરસ થઈ છે. આવી ખીચડી તો આજસુધી મને મારા કોઈ ભક્તએ જમાડી નથી. આજે તો ભાજી કરતાય મારે તો ખીચડી જ ખાવી છે. પૂજ્યશ્રી કહે કે, મેં રાધાજીને મસાલા અને

ખીચડી બનાવવાની રીત બતાવો દીધી છે. તારે જ્યારે ખાવી હોય ત્યારે રાધાજીને કહેજે. એટલે બનાવી દેશે.

જમીને બેઠા પછી પેલા બે જણાને બોલાવ્યા જેમણે નંદબાબાને દોરા ધાગા બાંધ્યા હતા. તેમણે અંદર આવીને પૂછવા માંડ્યુ કે કોણે અમારા દોરા કાપ્યા છે. જેણે કાપ્યા છે એણે બહુ મોટી ભૂલ કરી છે. તમારું મોત અહીં લખેલ છે. તમે અહીંથી પાછા જીવતા જવાના નથી. પૂજ્યશ્રી કહે કે, મેં દોરા કાપ્યા છે. પેલો કહે, કેમ કાપ્યા છે? પૂજ્યશ્રી કહે કે, હું દોરાધાગામાં માનતો નથી. તમારે જે કરવું હોય તે કરો હું અહીં જ બેઠો છું. કાનો તો પૂજ્યશ્રી સામે જોઈ જ રહ્યો. પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યુ કે, એનાથી કશું નહીં થાય. એ કશું જ કરી નહીં શકે. પૂજ્યશ્રી કહે કે, તમારે જે કરવું હોય તે કરો.

પેલાએ થોડા દાણા લઈને ફૂપ, ફૂપ કર્યું. મંત્રો બોલ્યા. પણ પૂજ્યશ્રીને કશું જ થયું નહીં. પેલાએ ખૂબ મહેનત કરી અને અંતે થાકી ગયો. પોતાના બધા જ દાવ નિષ્ફળ જતા પૂજ્યશ્રીને પગે પડી ગયો અને માફી માંગીને કહેવા લાગ્યો કે હું હારી ગયો. હવે બીજો આવ્યો અને એ પણ હારી ગયો.

આ જોઈને કાનો પૂજ્યશ્રી પાસે આવ્યો અને ભેટી પડ્યો. કાનો કહે કે ભઈલા, તે તો કમાલ કરી નાખી. પૂજ્યશ્રી કહે કે, મેં કશું કર્યું નથી. આ તો માતાજી કરે છે. મેં તો કશું જ કર્યું નથી.

હવે બહાર જે ગામલોકો ભેગા થઇ ગયા હતા એમને મળવા પૂજયશ્રી બહાર ગયા. પૂજ્યશ્રીએ કહ્યું કે હું બધાને હાથ કરું છું. મારી પાસે કોઈ આવે નહીં. પૂજ્યશ્રીએ બહાર જઈને બધાનું અભિવાદન સ્વીકાર્યું. અને બધા સામે હાથ હલાવ્યો.

**ૐ મા ૐ**

## (૧૫) "કાનાની લીલા"

[તા. ૩.૧૦.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલ પ્રસંગ.]

રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રી અને કાનાની રાજરમત.

રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના સામર્થ્યના દર્શન અને કાનાને અપાતો યશ.

રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીને ગોકુળ લઈ જવા માટે કાનાની લીલા. રાધાની ખિડકી એટલે એટલે તાંત્રિકોને સાત્વિકતા તરફ ગતિ કરાવવાનો પ્રયાસ.

રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીને ગોકુળમાં જ રહી જવાની આજીજી. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીની ગોકુળમાં સેવાની શરૂઆત.

રાધાની ખિડકી એટલે યશોદામાતા અને નંદબાબાનો પૂજ્યશ્રી પ્રત્યે અપાર સ્નેહના દર્શન.

રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રી દ્વારા માતાજીની અમદાવાદ જવાની આજ્ઞાનું ઉલ્લંઘન નહીં કરવાના મનોબળને પ્રણામ.

રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રી માટે ગોકુળવાસીઓના અપાર સ્નેહના દર્શન.

રાધાની ખિડકી એટલે ગોકુળવાસીઓમાં પૂજ્યશ્રીની વિદાયથી વિરહની વેદનાની અનુભૂતિ.

રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રી અને કાના વચ્ચેના સખાભાવને પ્રણામ કરવાનો અવસર.રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીનું કામ અને કાનાનું નામનો આનંદ. રાધાની ખિડકી એટલે સખાભાવમાં સ્નેહ, આદર અને વિવેકને નીરખવાની તક. રાધાની ખિડકી એટલે રાધાના સવાલની શ્રૃંખલાનો પરિચય. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના જાતિ, સ્મૃતિ, જ્ઞાનનો પરિચય અને રાધાની ખિડકી એટલે કૂટિર ભક્તોની પ્રતિક્ષા. કૂટિર ભક્તોનો આનંદ અને પૂજ્યશ્રીના વિવિધ મનોરમ્ય, મનોહર અને મોહક સ્વરૂપોની ઝાંખી કરવાની સર્વોત્તમ તક.

રાધાની ખિડકી એટલે આનંદ, આનંદ અને આનંદ.

આજનો પ્રસંગ.......

ગોકુળમાં નંદબાબાને ત્યાં જમી કરીને બધા શાંતિથી બેઠા છે. પૂજ્યશ્રીએ નંદબાબાને પ્રણામ કરી, પ્રેમપૂર્વક ગોકુળમાંથી જવાની આજ્ઞા માંગી છે. નંદબાબા કહે છે કે થોડી વાર બેસો. આપણે વાતો કરીએ. પછી જવાની રજા આપીશ. એટલામાં બહારથી ખબર આવી કે એક માલણ ગુલાબનો હાર લઈને આવી છે. આ માલણને પૂજ્યશ્રીને મળવું છે.

પૂજ્યશ્રીએ કહ્યું કે બોલાવો. માલણ અંદર આવી ત્યારે દરવાજામાંથી નાચતી નાચતી આવી. એ સુંદર ગીત ગાતી હતી.

"મેરા નામ હે ચમેલી, મેં હું માલણ અલબેલી.

મેં આઈ હું બિકાનેર સે."

આમ ગાતી ગાતી આવીને પૂજ્યશ્રીને નમસ્કાર કરીને બેસી ગઈ. પછી માલણ કહે કે "સાહેબ". પૂજ્યશ્રીએ કહ્યું કે, મને સાહેબ ના કહેશો. મને ભાઈ કહો. માલણ કહે કે, સારૂં. પૂજ્યશ્રીએ પૂછ્યું કે, બોલો શું તકલીફ છે? માલણ કહે કે, મારો ડાબો હાથ ખૂબ દુ:ખે છે. હવે તો દુ:ખ સહન થતું નથી. પૂજ્યશ્રીએ પોતાનો હાથ માલણના હાથ પર ફેરવી આપ્યો અને તરત જ દુખાવો બંધ થઈ ગયો. માલણ ખૂબ રાજી થઈ ગઈ. પૂજ્યશ્રીએ નંદબાબાને વિનંતી કરી કે એને આ રૂમમાં બેસાડી દો અને બહાર જવા ના દેશો. મારા અહીંથી ગયા પછી જ એને બહાર જવા દેજો. માલણને રૂમમાં બેસાડી દીધી.

હવે પેલા બે તાંત્રિકો, જેમણે દોરા ધાગા કર્યા હતા તેમણે કહેવડાવ્યું કે અમારે પૂજ્યશ્રીને મળવું છે. નંદબાબાએ કહ્યું કે એમને મળવા આવવા દઈએ. પૂજ્યશ્રી કહે કે મારે એમનું કશું કામ નથી અને મારે એમને મળવાની જરૂર નથી. નંદબાબા કહે કે આ ગામના છે અને કશો વાંધો નથી. તમે મળી લ્યો તો સારૂં. પૂજ્યશ્રીએ સંમતિ આપી એટલે એમને

બોલાવ્યા. તેઓ બંને આવ્યા અને ચૂપચાપ બેઠા. થોડી વાતચીત કરી અને પછી તેમાંનો એક કહે કે, “મૈ આપકો કુછ દિખાઉ.” પૂજ્યશ્રી કહે કે, “મુઝે કુછ દેખના નહિ. આપકે પાસ જો કુછ સિધ્ધી હૈ વો આપકે પાસ રખો. મુજે સિદ્ધિ ચાહિયે ભી નહીં ઔર મુઝે દેખના ભી નહિ હૈ.” પેલો કહે કે, “મુઝે દિખાને તો દો.” નંદબાબા કહે કે, એમને બતાવવું હોય તો બતાવવા દો. એ કશું કરશે નહીં. પૂજ્યશ્રી કશું બોલ્યા નહીં.

પેલા તાંત્રિકે એક ન્યુઝપેપર લીધું. અને એક ખૂણામાંથી ફાડીને સળગાવ્યું. ન્યુઝપેપર સળગી ગયું એટલે ત્યાં ઘઉંની ઢગલી થઈ ગઈ. કાનો આ જોયા કરે અને મંદમંદ હસ્યા કરે. પૂજ્યશ્રીએ કહ્યું કે કાના તું મારી પાસે આવી જા. એટલે કાનો પૂજ્યશ્રી પાસે જઈને બેસી ગયો. હવે પૂજ્યશ્રીએ કહ્યું કે “મૈ ભી આપકો કુછ દીખાઉં”. પેલો કહે, “આપકે પાસ ક્યાં હૈ?” પૂજ્યશ્રી કહે કે “મેરે પાસ તો કુછ નહીં હૈ લેકિન જો હોગા, આપ દેખતે જાઈએ.” પછી પૂજ્યશ્રીએ કહ્યું કે “આપને જો ન્યુઝપેપર કાટા થા ઉસકા બચા હુઆ ભાગ મુઝે દે દીજીએ.” પૂજ્યશ્રીએ પેપર હાથમાં લીધું અને અભિમંત્રિત કર્યું અને પછી પેપર હવામાં ઉછાડ્યું. જેવું પેપર હવામાં ઉછડ્યું કે તરત જ બંને તાંત્રિકો હવામાં ઉડવા લાગ્યાં. બંને જણા પક્ષી ઉડતા હોય તેમ નંદબાબાના ઘરમાં હવામાં ઉડયા કરે. બંને હવામાં તરતા હોય એમ ફર્યા કરે અને બુમો પાડે કે અમને નીચે ઉતારો. પૂજ્યશ્રી કહે કે જે પેપરનો ટુકડો હવામા ફરે છે એને પકડી લ્યો એટલે નીચે આવી

જવાશે. પણ પેપરનું પાનું હાથમાં આવે નહીં અને બંને જણા ફર્યા કરે. નંદબાબા, યશોદામૈયા, કાનો અને રાધા ખૂબ હસે છે. કાનો પણ પેટ પકડીને હસે છે. બધા જ હસે છે એટલે તાંત્રિકો ખૂબ શરમાય છે.

હવે નંદબાબાએ પૂજ્યશ્રીને કહ્યું કે, ગમે તેમ કરીને આ બંનેને નીચે ઉતારો. પૂજ્યશ્રીએ હાથ ઊંચો કર્યો એટલે પેપરનો ટુકડો પૂજ્યશ્રીના હાથમાં આવી ગયો અને બંને જણા નીચે આવી ગયા. હવે બંને જણા શરમાઈને પૂજ્યશ્રીના ચરણો પાસે બેસી ગયા. થોડીવાર થાક ખાધા પછી, બેમાંથી એક જણે પૂજ્યશ્રીને વિનંતી કરી કે મારે તમને મારા ગુરૂ બનાવવા છે. પૂજ્યશ્રી કહે કે, મને ગુરૂ બનાવીને શું કરશો? આપણા બંનેના રસ્તા અલગ છે. તમે બંને તાંત્રિક છો, અને હું સાત્વિક છુ એટલે હું તમારો ગુરૂ બની જ ના શકુ અને છતાંય મને જો ગુરૂ કરવો હોય તો તમારી પ્રવૃત્તિ છોડી દો અને ત્રણ વરસ માટે પરમશક્તિ મંત્ર "ૐમાૐ" ના જાપ કરો. ત્રણ વર્ષ પછી જો કાનો એમ કહે કે તમે ત્રણ વર્ષ જપ કર્યા છે તો હું તમારા ગુરૂ બનવાનું સ્વીકારૂં.

હવે પેલો કહે કે "કૃપા કરકે આપ હમે બતાઈએ કે આપને ક્યાં કિયા ઔર કૈસે કિયા." પૂજ્યશ્રી કહે કે "મૈને તો કુછ કિયા હી નહીં. ન્યુઝપેપર તો આપકા હી થા." તો પેલો કહે કે "યે સબ કૈસે હુઆ યે બતાઈએ." પૂજ્યશ્રી

કહે કે, "મુઝે કુછ પતા નહીં. જો હુઆ આપને દેખા હૈ ઔર કાના કો પૂછો કી યહ સબ કૈસે હુઆ." કાનો મંદ મંદ હસ્યા કરે છે.

હવે પૂજ્યશ્રીએ ફરીથી જવાની આજ્ઞા માંગી એટલે નંદબાબા કહે કે, મારા સ્વજનોના દસ પંદર માણસો આપને મળવા માંગે છે. પૂજ્યશ્રી કહે કે, બોલાવો. બધાને બોલાવ્યા અને તેઓ અંદર આવીને બેસી ગયા. કોઈકને હાથ દુખે, કોઈકને માથું દુખે. કોઈકને બીજી કોઈ તકલીફ. પૂજ્યશ્રીએ બધાને હાથ ફેરવી આપ્યો એટલે બધાને સારૂં થઇ ગયું. પૂજ્યશ્રી કહે કે, આ બધાને તમારી રૂમમાં બેસાડી દો અને હું જાઉં નહી ત્યાં સુધી બહાર આવવા ના દેશો.

કાનો કહે કે મારા ગોપ મિત્રો તને મળવા માંગે છે. લગભગ અગિયાર છે. એમને બોલાવવા પડશે. હવે બધા ગોપ આવ્યા છે. તેઓ પૂજ્યશ્રીને પ્રણામ કરીને બેઠા છે. એમને કોઈ તકલીફ નથી એટલે કશું કરવાનું હતું નહીં. હવે ટણપો કહે કે તમે આવ્યા છો અને કાનો જવાનો છે એટલે તમે અહીં જ રોકાઇ જાવ. પૂજ્યશ્રી કહે કે મારાથી તો રોકાવાય નહીં અને હું તો રહી શકું નહીં. હવે ટણપો કહે કે તમે રોકાતા નથી તો અમને કોઈ એવી વસ્તુ બનાવી આપો જેથી અમે તમારા વતી કામ કરી શકીએ. પૂજ્યશ્રી ખૂબ હસ્યા છે અને હસતાં હસતાં કહે કે મારી પાસે એવો કોઇ

જાદુ નથી. તમે કાનાને કહો એ શક્તિશાળી છે. એ તમને કશુંક બનાવી આપે. આમ ગોપમિત્રોની વાત પતી.

પછી રાધાજી કહે કે મારી ગોપ સખીઓને આપને મળવું છે. પૂજ્યશ્રીએ કહ્યું કે બોલાવો એટલે દસ અગિયાર ગોપીઓ આવી અને બધી પૂજ્યશ્રીને પ્રણામ કરીને પૂજ્યશ્રીની ફરતે ગોળાકારમાં બેસી ગઈ. બધી જ ગોપીઓએ પૂજ્યશ્રીને ખૂબ ખૂબ આગ્રહ અને વિનંતી કરી કે તમે અહીં જ રોકાઇ જાવ. પૂજ્યશ્રી મૌન રહ્યા.

નંદબાબા કહે કે હું તમને એક વાત કહું. પૂજ્યશ્રી કહે કે બોલો બાબા, નંદબાબા કહે કે મારી પાસે જમીન છે એમાં તમે કહો એવું મકાન બનાવી દઈએ. કાનો અહીં રહેતો નથી એટલે બધું સુમસામ થઇ ગયું છે. રાધા કામ તો ખૂબ કરે છે અને સારૂં કામ કરે છે પણ તમે અહીં આવી જાવ તો ખૂબ સારૂં. અમને બધાને ગમશે. પૂજ્યશ્રી કહે કે તમારા પ્રેમનો સ્વીકાર છે પણ મારાથી અવાય નહીં કારણ કે મારા માટે માતાજીનો આદેશ અમદાવાદનો છે. અમેરિકા, લંડન, મુંબઈ વગેરે સ્થળોએથી ભક્તોએ આવી વિનંતી કરી જ હતી પણ મેં સ્વીકારી નથી. હું આપને નારાજ નથી કરતો પણ હું નહીં આવી શકું. આપને જરૂર હોય તો આપ મને ખબર આપજો એટલે હું કાંઇક કરીશ પણ મારાથી અહીં રહી શકાશે નહીં. અને

મારે જવું જ પડશે. પછી પૂજ્યશ્રીએ રાધાજીને કહ્યું કે મને પાણી પીવડાવી દો, પછી આપણે જઈએ.

રાધાજી કહે કે નંદબાબાએ તો ભાંગ તૈયાર કરાવી છે એટલે ભાંગ પીવાની છે. કૂટિરમાં બધા ખૂબ હસ્યા છે. પૂજ્યશ્રી પણ ખૂબ હસ્યા છે અને નંદબાબાને કહ્યું કે હું તો ભાંગ પીતો નથી. મેં ક્યારેય ભાંગ પીધી જ નથી. અને મારે તો અમદાવાદ જવાનું. ભાંગ પીને જાઉ અને ઉંઘ આવે અથવા બીજું કાંઈક થાય તો મને તકલીફ પડે. મેં ભાંગ તો પીધી જ નથી, ક્યારેક મસાલો પીધો હશે. નંદબાબા કહે કે, અહી અમે બધા તો ચાર વાગે ભાંગ પીએ છીએ. એટલે અમારે તો ભાંગનો ટાઈમ થયો છે. પૂજ્યશ્રી કહે કે માફ કરજો, મારે તો ભાંગ પીવી નથી. હું તો પાણી જ પીશ.

નંદબાબા એ પૂજ્યશ્રીને ખૂબ ખૂબ આગ્રહ કર્યો કે રોકાઈ જાવ. પણ પૂજ્યશ્રીએ પ્રેમથી ના પાડી દીધી કે મારે રહેવું નથી અને હું જાઉં છું. જવાનો ટાઈમ થયો અને બહાર જોયું તો બહાર તો ભરચક માણસો ભેગા થયા છે એટલે ટણપો બહાર ગયો અને બધાને કહ્યું કે, તેઓ આવે છે. આપણે બધા સરઘસ કાઢીએ અને પાછળ તેઓ આવે.

આમ સરઘસ કાઢ્યું અને બધા ગોકુળ ગામના પાદર સુધી આવ્યા. કેટલાયના ચહેરા ઉદાસ અને કેટલાય તો રડે. વિષાદનું વાતાવરણ જોઈને હૃદય દ્રવી જાય. પાદર આવ્યું એટલે નંદબાબા પૂજ્યશ્રીને ભેટ્યા. યશોદા

મૈયાએ ભેટીને માથે હાથ ફેરવ્યો. કાનો ભેટયો નહીં પણ ખૂબ ઉદાસ હતો. પૂજ્યશ્રીએ હાથ જોડીને બધાને કહ્યું કે હવે આપ બધા પાછા જાવ. રાધાજી મને મૂકી જશે. કાનો કહે કે, હું અહીં જ રોકાઉં છું.

હવે રાધાજી મને મુકવા આવ્યા. અને ગામ લોકો પાછા જતા રહ્યા. હવે પૂજ્યશ્રી અને રાધાજી અમદાવાદ આવવા નીકળ્યા. રાધાજી પૂજ્યશ્રીને કહે કે, મારે તમને એક સવાલ પૂછવો છે. કૂટિરમાં બધા ખૂબ હસ્યા છે. પૂજ્યશ્રીએ પણ હસીને કહ્યું કે પૂછો, શું પૂછવું છે? રાધાજીએ પૂછ્યું કે ગોકુળના આટલા બધા લોકો તમારી પાછળ પાગલ થઇને તમને મુકવા કેમ આવ્યા? કાનો ગયો ત્યારે બધા આવ્યા હતા. કાનાને તો આખું ગામ ઓળખતું હતું પણ તમને તો કોઈ ઓળખતું નથી તો પછી બધા કેમ આવ્યા?

રાધા એ આગળ બીજો સવાલ કર્યો કે તમે પહેલા બે તાંત્રિકને કેવી રીતે ઉડાડ્યા? હું તો સજ્જડ થઈ ગઈ. તમે આ બધું કેવી રીતે કર્યું? તમે શું જાદુ કર્યો?

પૂજ્યશ્રી કહે કે, મેં તો કશું જ કર્યું નથી. રાધા કહે કે, હું માનતી નથી. પૂજ્યશ્રી કહે કે, જુઓ, આ બધી કાનાની લીલા છે. એણે જ આ બધું કર્યું છે. મેં કશું જ કર્યું નથી. રાધાજી કહે કે, આવું કેવી રીતે બને?

પૂજ્યશ્રી કહે કે, જૂઓ કાનો નંદબાબાને તાવ લાવ્યો. તાવ લાવીને મને અહીં બોલાવ્યો, એટલે હું અહીં આવ્યો અને પછી બધું જે બન્યું એ બધી કાનાની લીલા છે. જે કાંઈ થયું તે બધું જ કાનાએ કર્યું. હું કાંઈ જાણતો જ નથી. કાનો તો ખૂબ શક્તિશાળી છે. હું તો કાંઈ જ નથી. કાનો ધારે તે કરી શકે છે. રાધાજી કહે કે, સાચે સાચ એવું છે?

પૂજ્યશ્રી કહે કે, તમે કાનાને પૂછી જોજો. આમ વાતો કરતાં-કરતાં અમે અમદાવાદ આવી પહોંચ્યા. પૂજ્યશ્રી કહે કે, જૂઓ આજે તો મેં કશું જ બનાવ્યું નથી. આપ અંદર જઈને પાણી પીઓ.

રાધાજી અંદર જઈને પાણી પીને બહાર આવ્યા અને કહ્યું ચાલો દિયરજી, હું ગોકુળ જાઉં. રાધાજી ગોકુળ જવા રવાના થયા.

**ૐ મા ૐ**

## (૧૬) "રાધાની ફરિયાદ"

[તા. ૭.૧૦.૨૦૨૧ ને આસો નવરાત્રિના પ્રથમ દિવસે શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલ પ્રસંગ.]

રાધાની ખિડકી એટલે રાધાજીનું શ્રદ્ધામાં આગમન. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના પરાક્રમની ગાથા. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીની વિજયપતાકાની કથા. રાધાની ખિડકી એટલે રાધા અને કાનાના મીઠા ઝઘડાની સાંસારિક કથની. રાધાની ખિડકી એટલે પહેરણ ખોવાયાની બીના પર રાધાની ચૂપકીદી. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના સખાપણામાં શ્રેષ્ઠતાના, વિવેકના અને આદરના દર્શન. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના પરોપકારી સ્વભાવને નમન. રાધાની ખિડકી એટલે કલેક્ટરને પોતાની ભૂલનો અહેસાસ. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના સાત્વિક સ્વમાન ને સન્માનને પ્રણામ.

આજનો પ્રસંગ....

રાધાજી સામેથી આવતા દેખાય છે. ધીરે-ધીરે રાધાજી આવી રહ્યા છે. પૂજ્યશ્રી કહે છે, આવો, આવો રાધાજી, આપનું સ્વાગત છે આપ બેસો.

આપ દૂરથી આવ્યા છો. તો ભૂખ્યા અને તરસ્યા હશો. આપને માટે ચા અને બટાકાપૌંઆ તૈયાર છે. તો અંદર જઈ ચા નાસ્તો કરી આવો.

રાધાજી કહે ના, ના, આજે તો હું બહુ ફરિયાદો લઇને આવી છું. પૂજ્યશ્રી કહે, ભલે, ભલે. પણ હમણાં તો અંદર જઈને ચા-નાસ્તો કરી આવો. રાધાજી કહે કે, આજે કાનો નથી આવ્યો. એટલે એના માટે લઇ જવા પડશે. પૂજ્યશ્રી કહે કે, અંદર જેટલું હોય એટલું લઈ જજો. રાધાજી અંદર જઈને ચા નાસ્તો કરી આવ્યા અને બટાકાપૌંઆ લઈ જવા માટે બાંધી લાવ્યા.

હવે રાધાજી કહે કે, જુઓ દિયરજી, આજે તો મારે કાનાની જ ફરિયાદ કરવાની છે. પૂજ્યશ્રીએ આશ્ચર્યથી પૂછ્યું કે, કાનાની ફરિયાદ? એ તો કશું કરતો નથી. રાધાજી કહે કે, ના, ના, દિયરજી, તમને કશું ખબર નથી. કાનો મારી કોઈ વાત સાંભળતો નથી. હું કહું તે પ્રમાણે કશું કરતો નથી. બીજું બધું ઘણું કરે છે પણ એ શું કરે છે એ મને કહેતો નથી.

બોલો, તમે જ મને કહેલું કે આ બધાં ખેલ કાનો કરે છે અને કરાવે છે. પણ એણે મને કશું જ કહ્યું નથી. તમે જ કહો, એણે મને વાત ના કરવી જોઈએ. અને બીજું કે હું કદાચ રીસાઉં તો મને મનાવવા પણ ન આવે. પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યું કે, એને ખ્યાલ હશે કે તમે ખોટા ખોટા રીસાવ છો. રાધાજી ઉદાસ થઈ ગયા.

પૂજ્યશ્રી કહે કે જુઓ. હું કાનાને કશું કહી ના શકું. ભલે એને હું "તું" કરીને બોલાવતો હોઉં, પણ એ મારાથી મોટા છે. એટલે મારાથી એને કોઈ સલાહ સૂચન અપાય નહીં. મારે શિસ્ત અને મર્યાદામાં રહેવું પડે. અને એટલે જ હું એને કશું કહી ના શકું. અને તમારી જે ફરિયાદ છે એ એટલી મોટી નથી એટલે તમે બંને અંદરોઅંદર પતાવો. તમારે કંઈ વહેંચવાનું નથી. મારું સાંભળતો નથી કે, મારું કહેલું કરતો નથી એ કાંઈ ઝઘડો ના કહેવાય. માટે તમે બંને બેસીને વાત કરો અને તમે એમ માનતા હો કે હું ચીલાચાલુ પેપર છું કે તમારા બંનેની ખબર એકબીજાને આપું તો તમારી ભૂલ છે. એટલે તમે જ કાનાને સમજાવો. જુઓ, હું કાનાને કશું જ કહેવાનો નથી. રાધાજી કહે કે, દિયરજી તમે મારાથી નારાજ છો? પૂજ્યશ્રી કહે કે ના હું નારાજ નથી પણ હું કાનાને કશું કહેવાનો નથી.

રાધાજી કહે કે, ભલે. હવે બીજી ફરિયાદ સાંભળો, તમે જ્યારે ગોકુળ આવ્યા હતા ત્યારે સરસ કામો કર્યા પણ તમે અમારા બે માણસોને હવામાં તરતાં કરી દીધા. અને બીજું કે આખા ગામને તમે ગાંડુ કર્યું, તમારી પાછળ ઘેલું કર્યું. આ બધું શું કરવા કર્યું અને કેવી રીતે કર્યું. પૂજ્યશ્રી કહે કે, આ બધું મેં કર્યું જ નથી. મેં તમને પહેલા પણ કહ્યું હતું કે, આ બધું જ કાનો કરે છે. એટલે આમાં પણ તમારે કાનાને જ પૂછવું પડે. રાધાજી કહે, ભલે.

હવે બીજી વાત. કાનાએ મને તમારા બધા પરાક્રમોની વાત કરી છે. તમે મને કહો કે, તમે ગોધરાના કલેક્ટર પાસે શું પરાક્રમ કર્યું હતું? કલેક્ટરે તમને જેલમાં પૂરી દેવાની ધમકી કેમ આપવી પડી? પૂજ્યશ્રી કહે કે, આ વાત બરાબર છે. પણ તમને ખબર છે કે, એકવાર ગોવાલણોએ કાનાને માખણની ચોરી કરતાં પકડેલો. ગોવાલણો કાનાને પકડીને યશોદામૈયા પાસે લાવી. અને યશોદામાને કહ્યું કે જુઓ મૈયા, આજે તો કાનાને ચોરી કરતા પકડ્યો છે. એના મોઢામાં માખણ છે. એ અમારે ત્યાંથી માખણ ખાઈ જાય છે. અને યશોદા માતાએ કાનાનો કાન પકડીને કહ્યું કે, તારું મોઢું ખોલ. કાનાએ જ્યારે મોઢું ખોલ્યું ત્યારે મૈયાને બ્રહ્માંડના દર્શન થયા. એટલે મારું પણ આવું જ છે.

આ મારું પરાક્રમ નહીં, પણ વિજય પતાકા હતી. હું કલેક્ટર પાસે પેપર અને પેન લઈને ગયો હતો અને મને પહેલાં NOC મળ્યું હતું. એની કોપી મને મળવી જોઈએ એટલી જ વિનંતી લઈને ગયો હતો. અમે વાતચીત કરતા હતા. એટલામાં કલેક્ટર ગુસ્સે થઈ ગયા. અને બોલી ગયા કે હું તમને જેલમાં પુરી દઈશ. પૂજ્યશ્રીએ ખૂબ ધીરજ અને શાંતિથી કહ્યું કે, તમારે મને જેલમાં પૂરવો હોય તો, શું શું પ્રોસિજર કરવી પડે. અને કેવું કેવું કરવું પડે. પૂજ્યશ્રીએ કહ્યું કે, મારી પાસે હાથમાં કાગળ અને પેન જ છે. બીજું કશું જ નથી. એટલે તમે મારી પર કોઈ એક્શન ના લઈ શકો. પૂજ્યશ્રીએ કહ્યું કે, હું તમને એક વાત કરી દઉં કે જો મારે તમારી પર

એક્શન લેવું હોય તો હું લઈ શકું. હું તો તમારી પાસે વિનંતી લઈને આવ્યો હતો. અને તમે મને જેલમાં પૂરી દેવાની ધમકી આપો છો. આ ધમકી માટે પણ હું તમારી સામે FIR કરી શકું. કલેક્ટર તો સજ્જડ થઈ ગયા. પછી પૂજ્યશ્રીને થયું કે, આમની સામે બોલવાનો અર્થ નથી એટલે તેઓ શાંતિથી ઓફિસ છોડી ગયા.

પૂજ્યશ્રી જ્યારે બહાર નીકળતા હતા ત્યારે કલેક્ટરનો આસિસ્ટન્ટ બોલતો હતો કે, સારૂં થયું સાહેબ, કે તમે એને ટૈડકાવ્યો. એના મગજમાં ખૂબ રાઈ ભરેલી છે. પૂજ્યશ્રીએ મનોમન વિચાર્યું કે, મારા મગજમાં તો કોઈ રાઈ નથી, પણ તમે મારા વિરુદ્ધ કલેક્ટરના મગજમાં જે રાઈ ભરી હતી તે રાઈ મેં આજે કાઢી નાખી. પછી કલેક્ટરે એ અધિકારીને કહ્યું કે, ગમે તેમ હોય પણ આ છોકરો હોશિયાર અને જાણકાર છે. એ એક સારો એડમિનિસ્ટ્રેટર થાય તેવું લાગે છે. પેલા અધિકારી કાંઈ બોલ્યા નહીં અને ચાલ્યા ગયા.

હવે કલેક્ટરને મનોમન થયું કે, આજે ખોટું થઈ ગયું. એમણે વિચાર્યું કે જો ભૂલેચૂકે એ મારી સામે FIR કરે તો ભલે મને કશું થાય નહીં, પણ મારા પદ અને પ્રતિષ્ઠાને ખૂબ મોટું નુકસાન થાય.

પછી અમારે ત્યાં વી.સી. માંકડ કરીને ડેપ્યુટી કલેક્ટર હતા એમને બોલાવ્યા. માંકડને પૂછ્યું કે, આ દવે કેવો છે? તેની હિસ્ટ્રી શું છે? તેનું કામ કેવું છે? વગેરે, વગેરે.

માંકડે તો પૂજ્યશ્રી માટે એટલો સરસ અભિપ્રાય આપ્યો અને એમના કામના એટલા બધા વખાણ કર્યા કે કલેક્ટર તો સજ્જડ થઈ ગયા. કલેક્ટરને મનથી થયું કે, આ તો મારાથી ખોટું થઈ ગયું. કલેક્ટરે માંકડને બધી વાત કરી, ત્યારે માંકડે કહ્યું કે, દવે ખૂબ સીધો છે. અને કોઈને હેરાન કરે તેવો નથી. માટે એ FIR નહીં કરે. આપણી ઓફિસમાં હું એને છ-સાત વર્ષોથી ઓળખું છું. એ કદી કોઈને હેરાન કરતો નથી.

કલેક્ટરે માંકડને કહ્યું કે, તમે એને બોલાવજો અને કહેજો કે, મને ફરીથી મળે. પૂજ્યશ્રીએ વિચાર્યું કે, એમને મળીને શું કરવાનું? મને NOC ની કોપી આપવાની ના પાડી, મારે જો કોપી જોઈતી જ હોત, તો મારા કલીગને કહેત તો કોપી લાવી આપત. મારે તો કોપી જ લાવવાની હતી. એટલે પૂજ્યશ્રીએ વિચાર્યું કે હવે મારે કોપી જોઈતી જ નથી.

પછી તો કલેક્ટરે બે-ત્રણ વખત ખબર મોકલાવી. પણ પૂજ્યશ્રી મળવા ગયા જ નહીં. તેઓ ગોધરાથી છૂટીને અહીં આવ્યા. ત્યારે પણ મળવાનું કહેવડાવ્યું. પણ પૂજ્યશ્રી તેમને મળવા ગયા નહીં. આ પૂજ્યશ્રીની વિજય પતાકા હતી. એટલે આ પરાક્રમ નહીં પણ વિજય હતો.

રાધાજી કહે કે, આ બધું થયું ત્યારે તમને ખૂબ તકલીફ પડી હશે. પૂજ્યશ્રી કહે કે, મને તકલીફ પડી જ નથી. હું તકલીફ માનતો જ નથી.

રાધાજી કહે કે, તમે કાનાને શું કહેશો? પૂજ્યશ્રી કહે કે, હું કશું જ કહીશ નહિ. મારાથી કાનાને કહેવાય જ નહીં.

પૂજ્યશ્રીએ વાત બદલતા કહ્યું કે, તમે એકનું એક પહેરણ કેમ પહેરો છો? રાધાજી કહે કે, હું કાનાને પૂછીને કહીશ.

**ૐ મા ૐ**

# (૧૭) "રાધાની મુંઝવણ"

[તા. ૧૪.૧૦.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલ પ્રસંગ.]

રાધાની ખિડકી એટલે આનંદોત્સવ. રાધાની ખિડકી એટલે રાધા-કાનો અને પૂજ્યશ્રીની ત્રિપુટીના જ્ઞાન સભર સંવાદો. રાધાની ખિડકી એટલે કાનાની ચતુરાઈ-ચાલાકીની પ્રસંગ કથા. રાધાની ખિડકી એટલે ગીતાનું જ્ઞાન. રાધાની ખિડકી એટલે કર્મફળ અને કર્મબંધનની સમજ. રાધાની ખિડકી એટલે સમજપૂર્વકના મૌનની ગાથા. રાધાની ખિડકી એટલે જીવવાની કળાનું જ્ઞાન. રાધાની ખિડકી એટલે કાનાનું મરક મરક હાસ્ય. રાધાની ખિડકી એટલે રાધાજી, કૃષ્ણ અને પૂજ્યશ્રીના સ્નેહ સંબંધોના દર્શન. રાધાની ખિડકી એટલે કાના દ્વારા પૂજ્યશ્રીને અપાતા માન-સન્માનની કથા. રાધાની ખિડકી એટલે મિત્રધર્મ અને મિત્રસ્નેહને વંદન કરવાનો અવસર.

રાધાની ખિડકી એટલે શ્રદ્ધાની પાઠશાળા. રાધાની ખિડકી એટલે રાધા અને કાનાના શબ્દ દર્શન. રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના નિર્દોષ, બાળ સહજ હાસ્યની ઝાખી. રાધાની ખિડકી એટલે પ્રસંગો, વિચારો અને દિવ્ય દૃષ્ટિને પ્રણામ કરવાનું અવસર. રાધાની ખિડકી એટલે સ્નેહ અને સમજનો સરવાળો.

આજનો પ્રસંગ-

સામેથી રાધા અને કાનો આવતા દેખાય છે. આવો આવો ભાઈ, આપનું સ્વાગત છે, બેસો બેસો. એક સ્નેહ અધિકાર અને પોતાનાપણાના દર્શન કરાવતાં રાધાજી કહે કે અમે અંદર જઈને ચા-નાસ્તો કરી આવીએ. રાધાજીએ દિવ્ય અને દિયરજીના અધિકાર સાથે પૂછ્યું કે આજે શું બનાવ્યું છે? પૂજ્યશ્રી કહે કે બટાકાપૌંઆ. રાધાજી કહે કે દિયરજી, આજે તો સૂકીભાજી ખાવી હતી. પૂજ્યશ્રી કહે કે મેં તમને તો શીખવાડી છે, રાધાજી કહે કે ના, અમારે તો તમારા હાથની બનાવેલી ખાવી છે. પૂજ્યશ્રી કહે કે ચાલો, આવતી વખતે જોઈશું. હમણાં તો જે છે એ ખાઈને આવો. એટલે રાધા અને કાનો અંદર ગયા અને ચા તથા બટાકાપૌંઆ ખાઈને બહાર આવ્યા.

હવે ત્રણેય જણા બેઠા છે. રાધાજી કહે કે આજે તો હું તમને પૂછવાનું અને કહેવાનું એમ ઘણું ઘણું લઈને આવી છું. પૂજ્યશ્રી હસતાં હસતાં પૂછે છે કે શું શું છે, ઘણા બધા માં? કોઈ સાહિત્ય છે? તો રાધાજી કહે કે ના, ના, મારે તો ખૂબ ખૂબ વાતો કરવાની છે.

પૂજ્યશ્રી કહે કે ખૂબ સરસ. પણ પૂછવાની શરૂઆત હું કરું. રાધાજી કહે ભલે. પૂજ્યશ્રીએ પૂછ્યું કે તમે દર વખતે આ એકનું એક પહેરણ કેમ પહેરો છો? મેં તો તમને વધારે આપ્યા છે અને કાના માટે પણ આપ્યા છે.

તો તમે પહેરતા કેમ નથી? રાધાજી શરમાઈ ગયા અને કહે કે દિયરજી એ તમને કહેવાય તેવું નથી. પૂજ્યશ્રી કહે કે એવું શું છે કે કહેવાય નહીં. જે હોય તે કહી દો એટલે જલ્દીથી એનો નિકાલ થાય.

રાધાજી થોડા શરમાતા અને હસતાં હસતાં કહે કે દિયરજી, બીજી વખત બધા પહેરણ ગુમ થઈ ગયા. રાધા-કાનો અને પૂજ્યશ્રી ખૂબ હસ્યા છે. પછી રાધાજીએ આખો પ્રસંગ કહ્યો, કે કેવી રીતે પહેરણ જતા રહ્યા. પૂજ્યશ્રી કહે કે રાધાજી એક વાત કહું, આ કાનો મારી જોડે બેઠો છે. પણ આ બધી કાનાની લીલા છે. એ જ આ બધા કામ કરે છે અને કરાવડાવે છે. તમે જ કહો કે કાનો, આખા જગતને સાચવે, એની પાસેથી કોઈ લઈ જાય ખરું? કોઈ આ માને પણ ખરું? કદી ના મનાય. તમે આટલું તો સમજો. રાધાજી તો આશ્ચર્ય સાથે અવાક થઈ ગયા અને પૂછ્યું કે એ આવું કેમ કરે છે? પૂજ્યશ્રી હસીને કહે કે એ તું જ પૂછી લે ને. રાધાજી કાના સામે થોડા ગુસ્સામાં છે. કાનો મંદ મંદ મુસ્કાનથી હસે છે. રાધાજી બોલ્યા, એ તો મને નહીં કહે પણ દિયરજી, તમે જ મને કહો.

પછી પૂજ્યશ્રી કહે કે જુઓ રાધાજી, તમે જે પહેરણ પહેરતા હતા એ કાનાને ગમતું નહોતું. એણે વર્ષોથી તમને જે પહેરવેશમાં જોયા છે એ જ પહેરવેશ એને ગમે છે અને એમાં જ તમને જોવા છે. તમે અહીંથી માંગીને પહેરણ લઈ ગયા પણ એ તમને પહેરણમાં જોવા ઇચ્છતો નહોતો. એટલે

એણે પહેરણ ગુમ કરી દીધા. એ તમને કશું કહી શકતો નહોતો એટલે એણે લીલા કરીને તમને આપેલા પહેરણ ગુમ કરાવી દીધાં. આ બધી એની ચતુરાઈ છે. રાધાજી તો આશ્ચર્ય સાથે ત્રાંસી આંખે કાના સામે જોઇ જ રહ્યા અને કાનો કંઈ પણ બોલ્યા વગર હસતો જ રહ્યો.

રાધાજી કહે કે દિયરજી, આ તમે સાચું કહો છો? પૂજ્યશ્રી કહે કે આ કાનો બેઠો છે અને એની સામે જ કહું છું. એણે જ બંને વખત તમારા પહેરણ ગુમ કરાવી દીધા. રાધાજી થોડા ગુસ્સામાં કાના સામે જોઈ રહ્યા અને પૂજ્યશ્રીને પૂછ્યું કે આનો ઉપાય શું?

પૂજ્યશ્રી કહે કે હું તમને એક વીસ મીટરનો તાકો લાવી આપુ. તમને જે રંગ ગમતો હોય એ રંગના તાકા લાવી આપું. એ તાકા તમે લઈ જાવ અને કૃષ્ણને ગમે તેવા કેડિયા વગેરે સીવડાવો. અને સીવડાવ્યા પછી મારી પાસે લાવજો. હું એને અભિમંત્રિત કરી આપીશ. ત્યારબાદ તમે એને પહેરજો. રાધાજી કહે કે વાહ દિયરજી, તમને તો વકીલ બનાવવા જેવા હતા.

પૂજ્યશ્રી કહે કે તમે કાનાને પૂછો કે મને વકીલ કેમ ના બનાવ્યો? એણે મને વકીલ બનાવ્યો હોત તો હું વકીલનું કામ કરત. આ સાંભળીને કાનો પણ મરક મરક હસવા લાગ્યો. ચતુરાઇથી બોલ્યા વગર, બધું સાંભળતો જ રહ્યો. રાધાજી ત્રાંસી આંખે કાનાને જોઈ જ રહ્યા.

પછી રાધાજી કહે કે ચાલો જવા દો પણ હું તમને બીજો એક પ્રશ્ન પૂછું. પૂજ્યશ્રી કહે કે પૂછો.

રાધાજી કહે કે ગોકુળમાં મારી બાજુમાં એક પડોશી દંપત્તિ રહે છે, એ દંપત્તિ રોજ રોજ ઝઘડ્યા જ કરે છે. હું કેટલી વાર એમને સમાધાન કરાવું છું. થોડા સમય માટે માની જાય પણ પછી પાછા બંને જણા ઝઘડવા જ માંડે તો એનું શું કરવું?

પૂજ્યશ્રી કાનાને કહે કે તે આખી ગીતા ગાઈ છે. એટલે તું જ કહે કે આમ કેમ થાય છે? કાનો આશ્ચર્યથી પૂજ્યશ્રી સામે જોઈ રહે છે. કાનો કહે કે એ તો હવે જૂનું થઈ ગયું, એને હજારો વર્ષ થઈ ગયાં. એટલે હવે તમે જ તમારી રીતે કહો. પૂજ્યશ્રી કહે કે આમાં તો રાધાને આખો કર્મનો સિદ્ધાંત સમજાવવો પડે.

પૂજ્યશ્રી કહે કે જુઓ રાધાજી, તમે ગયા કેટલાય જન્મોમાં જે કર્મ કર્યા હોય, કોઈને હેરાન કર્યા હોય, કોઈની સાથે ઝઘડા કર્યા હોય એનું ફળ બીજા જન્મમાં અથવા કેટલાય જન્મો પછી મળે. હવે કોણે શું કર્યું હોય એ ખબર નથી પણ અત્યારે જે સ્વજનો હોય દા.ત. માતા-પિતા, ભાઈ બહેન, સહોદર અને સગાંઓ મળ્યાં હોય એ જૂના કર્મના આધારે મળ્યાં હોય અને એ સંબંધીઓ તમારા લેણદેણ ચૂકવે છે એ તમને હેરાન કરે કે તમે એમને હેરાન કરો કોઈક માનસિક હેરાન કરે કે કોઈ અન્ય રીતે હેરાન કરે.

રાધાજી કહે કે આમાં કરવાનું શું? પૂજ્યશ્રી ખૂબ હસ્યાં. અને કહે કે કરવાનું કશું જ નહીં પણ સમજવાનું કે કોઈ તમને દુઃખ આપે તો એને ગયા જન્મમાં તમે દુઃખ આપ્યું હશે. એટલે આ જન્મમાં એ દુઃખ આપે છે. બસ આવું સમજીને દુઃખ સહન કરી લેવાનું. અને સહન ના કરે તો ઝઘડા થતાં જ રહેવાના. સામેવાળો તમારું કર્મ ચુકવવા જ આમ કરે છે અને તમે કર્મબંધનમાંથી છૂટતાં જાવ છો. બાકી બીજું કાંઈ નથી.

રાધાજી કહે કે આમાં હું શું કરું. પૂજ્યશ્રી કહે કે તમે કશું ના કરો. તમને જે દુઃખ આપે એને સહન કરો અને વિચારો કે મારા કર્મફળ ઓછા થાય છે. તમારી દ્રષ્ટિ અને વિચાર બદલી નાખો અને સહન કરી લ્યો. તો જ સુખી થવાય.

રાધાજી કહે કે સુખી ના થવું હોય તો? પૂજ્યશ્રી ખૂબ હસ્યા છે અને કહે કે તો ઝઘડા કર્યા કરો. રાધાજી કહે કે દિયરજી તમે તો સરસ સરસ વાતો કરો છો. પૂજ્યશ્રી કહે કે હું નથી કરતો. આ કાનો મને આવી વાતો કરાવે છે. બધા ખૂબ હસ્યાં.

રાધાજી કહે કે કાનો મને કશુજ કહેતો નથી અને બોલતો પણ નથી. પૂજ્યશ્રી કહે કે એમાં હું શું કરું? એ કેમ બોલતો નથી એ તમે જ એને પુછો? આમાં હું વચ્ચે ના પડું, તમે અને કૃષ્ણ જ એકબીજા સાથે વાત કરો.

**ૐ મા ૐ**

## (૧૮) "રાધાની ઈર્ષ્યા"

[તા.૨૫.૧૦.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલ પ્રસંગ.]

પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા 'રાધાની ખીડકી' શ્રૃંખલામાં કહેવાતા પ્રસંગોનું વર્ણન એટલે ક્રાંતિકારી સત્સંગનું માધ્યમ. આ પ્રસંગોને સાંભળવા એટલે પૂજ્યશ્રીના સંતત્વની સહજતા, સરળતા અને શુદ્ધતાના દર્શન, 'રાધાની ખીડકી' એટલે હાસ્ય સાથે જ્ઞાન, રમૂજ સાથે જીવન પરિવર્તનની ટકોર અને આનંદ સાથે સાહજિક પરિવર્તનની પાઠશાળા. પૂજ્યશ્રી ઉપદેશના સંત નથી. તેઓશ્રી તો સહજતાના સ્વામી છે. આગવી શૈલી, અલગ વિચારધારા અને અનોખા માધ્યમથી સ્વભાવ પરિવર્તન કરીને ભક્તોના હૃદયમાં બિરાજનારા આધ્યાત્મિક જાદુગર છે. પોતે હારીને સામાવાળાને જીતાડવામાં રાજી થનાર મહામાનવ છે. તેઓશ્રી જીવનમાં ક્યારેય વાદ-વિવાદમાં પડતા નથી. પોતાના જ્ઞાન, પોતાના અનુભવ અને પોતાની વિચારધારાથી ક્યારેય કોઇને પ્રભાવિત કરનાર અથવા એવો પ્રયત્ન કરવાથી સદા દૂર રહેનાર સરળ સંત છે.

રાધાની ખીડકી એટલે પૂજ્યશ્રીના ભાવદર્શનનો અવસર. રાધાની ખીડકી એટલે પૂજ્યશ્રીના શાંતિ, જાગૃતિ, જ્ઞાનને સાંભળવાની તક. રાધાની ખીડકી એટલે કાનાના મૌન અને મંદ મંદ હાસ્યની રમત. રાધાની ખીડકી

એટલે શ્રદ્ધા કુટિરના ઝૂલા પર દેવમાનવ અને મહામાનવની મસ્તીને માણવાનો અવસર.

રાધાની ખીડકી એટલે માત્ર વાર્તા નહીં પણ પૂજ્યશ્રીના રાધાજી અને કાના સાથેના સંવાદ દ્વારા જ્ઞાન વહેંચવાની પૂજ્યશ્રીની આગવી વિચારધારા. પૂજ્યશ્રીના આત્મવિશ્વાસ, શબ્દોની સર્જનાત્મક ગોઠવણ અને વાર્તાની અદભુત રજૂઆતકળાના દર્શન. રાધાની ખીડકી એટલે કુટિરના ભક્તો માટે આનંદ, ઉત્સવ અને હરખની હેલી.

આજનો પ્રસંગ...

પૂજ્યશ્રી કહે છે કે, સામેથી કાનો અને રાધા આવતા દેખાય છે. આવ ભાઈ આવ, કાના આવ ભાઈલા. અહીં બેસી જા મારી સાથે. બેસ ભાઈલા બેસ. રાધાજીને કહ્યું કે તમે ત્યાં બેસો. પૂજ્યશ્રીએ રાધાજીને પૂછ્યું, કેમ છો? મજામાં છો ને? રાધાજી કહે, અમે મજામાં છીએ. પણ દિયરજી, અમે તો ભૂખ્યા થઈ ગયા છીએ. અમારે તો જમવું છે. પૂજ્યશ્રી કહે કે, રાધાજી આજે તો તમારે માટે સૂકીભાજી બનાવી છે. એટલે અંદર જઈને, ચા અને સૂકીભાજી ખાઈને આવો.

કાનો અને રાધા અંદર ગયા અને ચા-સૂકીભાજી ખાઈને આવ્યા. અને વધેલું બધુ બાંધીને લઈ આવ્યા. અને હકથી કહેવા લાગ્યા કે, આ અમારે

લઈ જવાનું છે. પૂજ્યશ્રીએ હકારમાં સ્મિત આપ્યું. હવે રાધાજી, કાનો અને પૂજ્યશ્રી બેઠા છે.

હવે રાધાજી કહે કે, દિયરજી, મારે તમને કાંઈક કહેવું છે. પૂજ્યશ્રી કહે કે, બોલો રાધાજી, શું કહેવું છે. રાધાજી કહે કે, સાચું કહું તો મને તમારી ઈર્ષ્યા આવે છે. કુટિરમાં બધા ખૂબ હસ્યા છે. પૂજ્યશ્રી કહે કે, અરે રાધાજી, તમને મારી ઈર્ષ્યા થઈ? મેં શું કર્યું છે? મારી પાસે છે શું કે તમને મારી ઈર્ષ્યા આવે. પૂજ્યશ્રીએ આગળ કહ્યું કે, જુઓ રાધાજી, નારીજાતિનો સામાન્ય ગુણધર્મ છે કે નારીમાં ઈર્ષ્યા હોય પણ તમારા જેવા ઉચ્ચ કોટિના આત્મામાં ઈર્ષ્યા હોય તે તો ખોટું કહેવાય. રાધાજી કહે, એ બધી વાત સાચી છે. પણ મને તમારી ઈર્ષ્યા છે એ હકીકત છે.

પૂજ્યશ્રી કહે કે, તમે મને એ તો કહો કે કઈ બાબતમાં તમને મારી ઈર્ષ્યા આવે છે. તો રાધાજી કહે કે, કાનો તમને મારા કરતાં વધારે પ્રેમ કરે છે. પૂજ્યશ્રી ખૂબ હસ્યા છે. અને હસતાં હસતાં પૂછે છે કે કાનો મને વધારે પ્રેમ કરે છે? મને ખબર નથી કે કાનો મને વધારે પ્રેમ કરે છે કે નહીં પણ એ સત્ય છે કે હું કાનાને ખૂબ જ પ્રેમ કરૂં છું. રાધાજી કહે કે એ ખોટું છે. હું જ કાનાને વધારે પ્રેમ કરૂં છું. પૂજ્યશ્રી કહે કે, તમે કાનાને પ્રેમ કરતા હશો પણ કાના માટે મારો પ્રેમ પણ એટલો જ છે. રાધાજી કહે કે, આજે મારે પ્રેમનાં પારખાં કરવાં છે. અને નક્કી કરવું છે કે કોનો પ્રેમ વધારે છે.

પૂજ્યશ્રી કહે કે ભલે, પણ સાંભળો રાધાજી કે, પ્રેમનાં અને ઝેરનાં પારખાં ના હોય. કુટિરમાં ખૂબ તાળીઓ પડી છે.

રાધાજી કહે કે ના, મારે તો પ્રેમનાં પારખાં કરવાં જ છે. મારે તો જોવું જ છે કે, કાના માટે મારો પ્રેમ વધારે છે કે તમારો. પૂજ્યશ્રી કહે કે હું ફરીથી કહું છું કે આ જીદ જવા દો. તમે જીતશો તો મને આનંદ થશે. પણ કદી હાર્યા તો તમને બહુ દુઃખ થશે અને કાનાને પણ થશે કે મારા સખાનો પ્રેમ વધારે છે, અને રાધાનો પ્રેમ ઓછો. એટલે કાનાને પણ દુઃખ થશે. મારી વિનંતી માનો અને આ બધું જેમ છે, તેમ રહેવા દો. મહેરબાની કરીને, પ્રેમની કસોટી ના કરો. પૂજ્યશ્રીએ ખૂબ ભારપૂર્વક કહ્યું કે, રાધાજી, આ કાનો તમારો જ છે, તમારી પાસે રાખો. મારે કાનો નથી જોઈતો. રાધાજી કહે કે, ના, ના, દિયરજી, એમ ના માનું.

કાનો કાયમ તમારી જ વાતો કર્યા કરે છે અને તમારૂં જ સ્મરણ કર્યા કરે છે. પૂજ્યશ્રી કહે કે, સારૂં, તો તમારે શું કરવું છે? તમે કહો તે રીતે આપણે પ્રેમનાં પારખાં કરીએ. ફરી ફરીને હું કહું છું કે મારે તો હાર સ્વીકારી છે અને ઈચ્છું છું કે, તમે જીતો. હવે તમે નક્કી કરો કે, આપણે શું કરવું છે.

રાધાજી કહે કે, હું કાનાના મુકુટમાંથી એક મોરપિચ્છ ઉપાડું અને કાનાએ કેડે બાંધેલા ખેસમાં ખોસી દઉં. તમારે એ મોરપિચ્છ ઉપાડવાનું.

જો તમારાથી મોરપિચ્છ ઉપડી જાય તો તમારો પ્રેમ વધારે અને ના ઉપડે તો મારો વધારે. પૂજ્યશ્રી કહે કે રાધાજી આ મોરપિચ્છ તો તમે પણ ઉપાડી શકશો અને હું પણ ઉપાડી લઈશ. રાધાજી હસતાં હસતાં કહે કે, જોઈએ તો ખરા. પૂજ્યશ્રી કહે કે રાધાજી, તમે તમારી જાતે જ કાનાના મુકુટમાંથી મોરપિચ્છ કાઢો અને કેડે બાંધેલા ખેસમાં ખોસી દો. રાધાજી કહે કે સારૂ અને રાધાજીએ મુકુટમાંથી મોરપિચ્છ લઈને કાનાની કેડે બાંધેલા ખેસમાં ખોસી દીધું. રાધાજી કહે કે, હવે આપણા બેમાંથી આ મોરપિચ્છ પહેલું કોણ ઉપાડે. પૂજ્યશ્રીને કહ્યું કે દિયરજી, તમે પહેલા. પૂજ્યશ્રી કહે કે, હું હજુ ઇચ્છું છું કે તમારી જીત થાય. રાધાજી હસ્યા અને કહ્યું કે, દિયરજી તમે ઉપાડો.

પૂજ્યશ્રીએ મોરપિચ્છને હાથ અડકાડ્યો અને મોરપીછ બહાર આવી ગયું. કારણ કે કોઈ આધાર જ નહોતો. કુટિરમાં બધાએ ખૂબ તાળીઓ પાડી છે. હવે રાધાજી ને કહ્યું કે તમે મોરપિચ્છ ઉપાડો. રાધાજી આવ્યા, અને મોરપિચ્છ ઉપાડવાનો પ્રયત્ન કર્યો પણ મોરપિચ્છ ઉપડે જ નહીં. મોરપિચ્છ ખેંચતા કાનો આખો ઉભો થઈ ગયો. પૂજ્યશ્રીએ કાનાને પકડી રાખ્યો જેથી કાનો ઉભો ના થઈ જાય. રાધાજીએ પાંચ દસ મિનિટ મહેનત કરી. પણ પીછું ઉપાડી શક્યા નહિ. એટલે થાકીને છોડી દીધું. હવે રાધાજી કહે કે દિયરજી, તમે ચોક્કસ કાંઈક કર્યું લાગે છે.

પૂજ્યશ્રી કહે કે રાધાજી, મોરપિચ્છ તમે કાઢ્યું. તમે જ કાનાના ખેસમાં ખોસ્યું. હું તો અડક્યો પણ નથી. અને હું તો કહેતો હતો કે હું હારીશ તો મને ગમશે. પણ તમે માન્યા નહિ. પૂજ્યશ્રીએ આગળ બોલતા કહ્યું કે જુઓ રાધાજી, તમે જ કાનાની નજરમાં આવી ગયા. આ મને ગમ્યું નથી. રાધાજી કહે કે, હું એમ હાર ના માનું. આપણે બીજું કશુંક કરીએ. હું હાર સ્વીકારતી નથી.

હવે રાધાજી કહે કે, આપણે એમ કરીએ કે, કાનાના ગળામાં જે માળા છે. એ માળા જો આપોઆપ નીકળીને તમારા ખોળામાં પડે, તો તમે જીત્યા. પૂજ્યશ્રી કહે કે રાધાજી આ બધું રહેવા દો. હું સામેથી કહું છું કે તમે જીત્યા. રાધાજી કહે કે, ના એવું ના ચાલે. આ પારખાં તો કરવાં જ પડે. પૂજ્યશ્રી કહે કે, તો કેવી રીતે કરવું છે. રાધાજી કહે કે, હું એક થી દસ ગણું ત્યાં સુધીમાં આ માળા તમારા ખોળામાં આવવી જોઈએ. પૂજ્યશ્રી કહે કે, ભલે.

રાધાજી એક થી દસ બોલ્યા ત્યાં સુધીમાં તો માળા પૂજ્યશ્રીના ખોળામાં આવી ગઈ. કુટિરમાં બધાએ ખૂબ તાળીઓ પાડી. હવે પૂજ્યશ્રી કહે કે, બીજીવાર એક થી દસ કોણ ગણશે? રાધાજી કહે કે કાનો બોલશે. કાનો એક થી દસ બોલ્યો પણ માળા તો ગળામાંથી નીકળી જ નહીં, નીકળી જ નહીં. પછી રાધાજીએ જાતે કાનાના ગળામાંથી માળા કાઢી.

કુટિરમાં બધા ખૂબ હસ્યા છે. રાધાજી કહે કે, દિયરજી, તમે મને હરાવી દીધી.

પૂજ્યશ્રી કહે કે, ના, ના, રાધાજી, મારે તમને જરાય હરાવવા નથી. મારે મન તો તમે જીત્યા જ છો. રાધાજી કહે કે ના, તમે મને હરાવી જ દીધી. પૂજ્યશ્રીએ ફરી કહ્યું કે ના, ભાઈ ના, તમે હાર્યા જ નથી. તમે જીત્યા છો. એવું જ માનો. અહીં આ વાત પતી ગઈ.

હવે રાધાજી કહે કે દિયરજી, એક બીજી વાત પૂછું. તમે એક દિવસ, કર્મના સિદ્ધાંતની વાત કહી હતી. તો મારી અને કાનાની વચ્ચે કર્મનો કયો સિદ્ધાંત છે. કયું કર્મફળ છે. એ તમે મને કહો. પૂજ્યશ્રી કહે કે, તમે બંને ઉચ્ચ કોટિના આત્માઓ છો. એટલે મારાથી કશું બોલાય નહીં. અને કશું કહેવાય નહીં. કશું ના થાય. પૂજ્યશ્રી કહે કે, કેમ કાના બરાબર છે ને !

કાનો કશું બોલે નહીં અને મરક મરક હસ્યા કરે. પૂજ્યશ્રી કહે કે તમે બંને જાતે સમજી જાવ. રાધાજી કહે કે, કેવી રીતે સમજીએ. તમે જ સમજાવો. પૂજ્યશ્રી કહે કે રાધાજી, તમને ગોપીઓની ઈર્ષ્યા આવતી હતી. એ કાનો જાણી ગયો હતો અને સમજી ગયો હતો એટલે એણે રાસનું આયોજન કર્યું. જેમાં એક ગોપી અને એક કાનાની ગોઠવણ કરી.

આ કામ કાનાએ તમારી ઈર્ષ્યાને તોડવા માટે જ કર્યું હતું. અને આ રાસ વખતે તમે થાકી ગયા અને વારાફરતી ત્રણ વાર બેસી ગયા. ત્યારે

કાનો ગોપીઓ સાથે રાસ રમતો રહ્યો. તમારું અભિમાન તોડવા માટે કાનાએ આ કામ કર્યું. રાધાજી કહે, એમ? પૂજ્યશ્રી કહે કે, હા. અને જુઓ રાધાજી, તમે અહીં આવો છો ત્યારે તમે જ વાતો કરો છો. પ્રશ્નો પૂછો છો. કાનો કશું બોલતો નથી. માત્ર હસે છે. એટલે તમારે સમજી જવાનું કે કર્મ શું છે. તમારી જાતે જ સમજી જાવ.



ॐ મા ॐ

# “પ્રેમમાં હારી રાધા”

તા. ૨૭-૧૦-૨૦૨૧

(“રાધાની ખિડકી” શ્રૃંખલામાં “રાધાની ઈર્ષ્યા પ્રસંગ આધારિત.)

રાધા છે કૃષ્ણ મુરારી દુલારી ને શ્રદ્ધા ગ્રુપની પ્યારી,
કૃષ્ણ સખા શ્રીરાજ સંગ, વાતો કરે છે ન્યારી ન્યારી.

ભલે આતમ ઉચ્ચ કોટિનો, પણ છે ઈર્ષાળુને અહંકારી.
પ્રેમના પારખા કરાવીને, સ્વયં ભોગવે છે લાચારી.

ઉપાડો મોરપિચ્છ તો જાણું કે પ્રેમ તમારો ભારી
શ્રીરાજ કહે છોડો સઘળું જીત તમારી મેં સ્વીકારી

માને તો માનુની નહીં પ્રેમના પારખાની કરી તૈયારી
અડક્યા ત્યાં પીછું ઉપડયો, શ્રીરાજ પર કાનો ગયો વારી.

રાધા સંગ ઈર્ષ્યા દોડી, કાના કરતાય પીછું ભારી
હાથે કરીને હારી તો કહે, દિયરજી કરે છે જાદુગારી.

હારે તે રાધા નહીં, બીજી પરીક્ષા આનાથી કરૂં આકરી.
કાનાનો હાર સ્વયં ખોળે બેસે, તો માનું જીત તમારી.

રાધા કહે શ્રીરાજને, હવે પ્રેમમાં હારવાની કરો તૈયારી
દિયરજી કહે, વારંવાર પારખા કરવાની વાત નથી સારી.

માન્યો કે કાનો તમારો છે, પ્રેમમાં મારી નથી ભાગીદારી.
આપો એનાથી બમણું આપે, મારો સખો ગિરધારી.

જિદે ચઢ્યાં છે રાધાજી, સામે પગલે આફત નોંતરી.
દસ ગણતા પહેલાં, રાજના ખોળે પડ્યો હાર અલંકારી.

હારેલી રાધાએ, કાનાને ગળેથી હાર લીધો ઉતારી.
હરખાવી ને હરાવો છો દિયરજી, પ્રેમ તમારો સદાચારી.

રાસ રમાડી કાનાએ, રાધા અહમની કરી ભાગાકારી
સખો શ્રીરાજનો દેવમાનવ છે અદભુત ને અલગારી.

હારીને ય રાજી થવું, શ્રીરાજ સંત છે મહા ઉપકારી.
ઈર્ષ્યા, અહમ રહે જ્યાં, ત્યાં ભક્તિ રહે સદા અધુરી.

મળશે નહીં આવો સંત સખો, માવડી પણ ગઈ છે વારી.
ભાગ્યથી મળ્યા છે સદગુરૂ તો કદી ના બનીએ અહંકારી.
તો કદી ના બનીએ અહંકારી.

## (૧૯) "રાધાની ફરિયાદ"

[તા.૩૦.૧૦.૨૦૨૧ ના રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા "રાધાની ખિડકી" શ્રૃંખલામાં કહેવાયેલ પ્રસંગ.]

પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી એટલે આગવી વિચારધારાના સ્વામી. આનંદ સાથે સહજ સત્સંગના શુદ્ધ સંત. સરળ વાતો દ્વારા અને માર્મિક વાર્તાઓ દ્વારા હરખના હથિયારથી જ્ઞાનગોષ્ઠિ કરનારા સરળ સંત. પૂજ્યશ્રી એટલે આનંદ, ઉત્સાહના મહાલય. આયુના ડંકા ગમે તેટલા પોકાર કરે પણ અડગ મનોબળ, અનુકરણીય મનોવૃત્તિ, સમજવા યોગ્ય આચરણ અને સતત સેવામય ધબકતું મન. પૂજ્યશ્રીએ ભલે શતાવધાન સ્મરણશક્તિના પ્રયોગો નથી કર્યા. પણ ૭૦ થી ૮૦ વર્ષ જૂની વાતો વ્યક્તિઓના નામ સાથે કહે ત્યારે તેઓશ્રીની યાદદાસ્તને નમન થઈ જાય.

રાધાની ખીડકીના માધ્યમથી સ્વભાવનું ઘડતર અને ચારિત્ર્યનું ચણતર કરવાની પૂજ્યશ્રીની સાહજિક કળા એટલે પૂજ્યશ્રીના દૈવી સ્વરૂપનાં દર્શન. રાધાની ખીડકી એટલે પૂજ્યશ્રીના મુક્ત હાસ્યની ઝાંખી. તેઓશ્રીની સાહજિક અને આનંદમય મુદ્રાઓને નીરખવાનું સૌભાગ્ય. રાધાની ખીડકી એટલે જેમ પૂનમે ચાંદના પૂર્ણ સ્વરૂપના દર્શન થાય એમ પૂજ્યશ્રીના અનેક સ્વરૂપોની મુદ્રાઓની ઝાંખી. પૂજ્યશ્રીના ઉત્સાહ, આનંદ અને હરખનો અવસર. રાધા સંગ પૂજ્યશ્રીના સંવાદોની સતત વહેતી

રસધારમાં આનંદના સ્નાન કરવાની તક એટલે રાધાની ખીડકી. પ્રશ્ન અને ફરિયાદ એટલે જિજ્ઞાસા અને સામાજિક તકલીફોના તફાવતને અલગ કરનાર પારાશીશી. રાધાજીના પ્રશ્નો અને ફરિયાદ એટલે પૂજ્યશ્રીની પાઠશાળાના સમજવાલાયક પ્રકરણો.

રાધાની ખિડકી એટલે પૂજ્યશ્રીના તત્વજ્ઞાન, તર્કજ્ઞાન, અનુભવજ્ઞાન અને આધ્યાત્મિક જ્ઞાનનો સંપુટ. રાધાની ખીડકી એટલે મર્યાદા, આનંદ, સંબંધ અને પ્રેમનું સ્વસ્તિક. રાધાની ખીડકી એટલે કુટિરના ભક્તોની પ્રતિક્ષામય આનંદનો અવસર. રાધાની ખીડકી એટલે દિયરજીના આંગણે રાધાજીના અધિકારમય વાણી, વર્તન અને માંગણીનો ત્રિકોણ.

આજનો પ્રસંગ...

સામેથી કાનો અને રાધાજી આવતા દેખાય છે. આવ ભાઈ કાના, આવ. બેસ, મારી સાથે ઝુલા પર બેસ. રાધાજી તમે અહીં કુટિરમાં બેસો. રાધાજી કહે, અમારે બેસવું નથી. અમે ભૂખ્યા થયા છીએ એટલે પહેલાં અમારે ચા નાસ્તો કરવા છે. પૂજ્યશ્રી કહે કે જાવ ઘરમાં, તમારા માટે ચા-નાસ્તો તૈયાર છે. રાધાજીએ પૂછ્યું કે શું બનાવ્યું છે? પૂજ્યશ્રી કહે કે, બટાકાપૌંઆ.

રાધાજી કહે કે, અરે રે.. અમારે તો સૂકીભાજી ખાવી હતી. પૂજ્યશ્રી કહે કે, આજે તો બટાકાપૌંઆ ખાઈ લ્યો. ફરી આવો ત્યારે જોઈશું. એટલે

બંને અંદર ગયા અને થોડીવાર પછી ચા નાસ્તો કરીને બંને બહાર આવ્યા અને બેઠા.

રાધાજી કહે કે દિયરજી ગઈ વખતે અમે સૂકીભાજી લઈ ગયા હતા તે ગોકુળ જઈને સીધા નંદબાબાને ત્યાં ગયા. અમે નંદબાબા, યશોદામૈયા, કાનો અને હું એમ ચારેયે ચા સાથે સૂકીભાજી ખાધી. નંદબાબા અને મૈયાને સૂકીભાજી ખૂબ ભાવી. અને બાબાએ કહ્યું કે, તમે ફરી જાવ તો સૂકીભાજી જરૂર લેતા આવજો. કુટિરમાં ખૂબ તાળીઓ પડી છે. નંદબાબા, કાનાને કહે કે, તારા સખાને અહીં જ લઈ આવ; જેથી અહીં જ રહે. કાનો કહે કે એ તો ૯૦ વર્ષના થયા અને અમદાવાદના વાતાવરણમાં સેટ થઈ ગયા એટલે અહીં ગોકૂળનું વાતાવરણ ફાવે નહીં. આપણે કહીએ તો આવે ખરા પણ આવીને જતા રહે, અહીં રહે નહીં. અહીં વાત પતી ગઈ.

હવે રાધાજી કહે કે, દિયરજી મારે તમને એક પ્રશ્ન પૂછવો છે અને ફરિયાદ પણ કરવી છે. પૂજ્યશ્રી કહે કે, પૂછો. શું પૂછવું છે? રાધાજી કહે કે, કાનો તમારા ખૂબ વખાણ કરે છે. આખો દિવસ બસ તમારી જ વાતો કર્યા કરે છે. તો મારે જાણવું છે કે તમે કાનાને એવું તે શું ઘેલું કર્યું છે કે જેથી કાનો તમારી જ વાતો કર્યા કરે છે. પૂજ્યશ્રી કહે કે, રાધાજી મેં તો કશું કર્યું નથી. કાનો તો તમારી જોડે રહે છે, મારી સાથે તો રહેતો નથી.

રાધાજી કહે કે એક દિવસ કાનો મને કહે કે, મારો સખો, રોજ નિત્યકર્મ પરવારીને પૂર્વ દિશા અને પશ્ચિમ દિશાને નમન કરે છે. એટલે રાધાજીએ કાનાને પૂછ્યું કે, દિયરજી પૂર્વ અને પશ્ચિમ દિશાને કેમ નમન કરે છે? કાનો હસીને કહે કે, મને ખબર નથી. તું જ એમને પૂછી જોજે. એટલે મારે તમને પૂછવું છે કે તમે પૂર્વ તરફ અને પશ્ચિમ તરફ નમન કેમ કરો છો?

પૂજ્યશ્રી કહે કે, જુઓ રાધાજી, પૂર્વ તરફ નમન એટલે કરું છું કે સૂર્યદેવતા આપણા પ્રત્યક્ષ દેવતા છે એટલે પહેલા નમન સૂર્યદેવને અને બીજા નમન આપણા ગુરૂદેવને કરવાના. જે કોઈ ગુરૂ હોય એમને યાદ કરીને નમન કરવાના. પછી આપણા માતાપિતાને નમન કરવાનાં અને ત્યાર પછી પશ્ચિમ દિશાને નમન એટલા માટે કે આપણા વડવાઓ જે જતા રહ્યા છે તેમને નમન કરવાના. પછી આપણા કુટુંબીઓને નમન કરવાના. પછી આપણાં સગાવ્હાલાં અને મિત્રમંડળમાં જે હોય તેમને નમન કરવાના. અને છેલ્લે કુદરતની જે જડ-ચેતન સૃષ્ટિ છે તેને નમન કરવાના. પૂજ્યશ્રીએ કહ્યું કે આ બધું હું મારી જાતે કરૂં છું. અને શાસ્ત્ર સાથે એને કોઈ સંબંધ નથી. તો કાનો કહે કે વાહ, તમે તો ગીતા જ્ઞાન કરતાંય ચઢી ગયા. પૂજ્યશ્રી કહે કે, ના, ના, કાના. તારી ગીતા તો મહાન છે. એની તોલે ના અવાય. રાધાજી કહે કે, આવું નમન કરવાનું તમને કોણે કહ્યું

હતું? પૂજ્યશ્રી કહે કે મને કોઈએ કહ્યું નથી. હું તો મારા સ્વયંના વિચારથી આ રીતે નમન કરૂં છું. રાધાજી કહે કે, પણ તમને શીખવાડયું કોણે? પૂજ્યશ્રી કહે કે, કાનાને પૂછો, કાનો જવાબ આપશે. કાનો કશું બોલ્યો નહીં. અહીં વાત પતી ગઈ.

હવે રાધાજી કહે કે, મારે ફરિયાદ કરવાની છે. પૂજ્યશ્રી પૂછે છે કે, તમારે ફરિયાદ કરવાની? કોની ફરિયાદ કરવી છે. તો રાધાજી કહે કે, મારે કાનાની ફરિયાદ કરવી છે. પૂજ્યશ્રી કહે કે, કાનાની ફરિયાદ હોય નહીં. અને કાના સામે ફરિયાદ કરાય નહીં. કાનાએ એવું તે શું કર્યું છે એ તો કહો? પૂજ્યશ્રી કહે કે, તમે કાંઈ ગતકડું કર્યું હશે તો જ કાનાએ તમને કંઈક કર્યું હોય. નહી તો કાનો તમને કશું કહે નહિ.

રાધાજી કહે કે, કાનાએ મને લટકાવી દીધી. કૂટિરમાં બધા ખૂબ હસ્યા છે. પૂજ્યશ્રીની એક્શન અને હાસ્ય મુદ્રા એટલી અદભૂત હતી કે ના પૂછો વાત. રાધા કહે કે સાચું કહું છું કે કાનાએ મને લટકાવી દીધી. પૂજ્યશ્રીએ કાનાને પૂછ્યું છે કે, રાધાજીની વાત સાંભળું? કાનાએ કહ્યું કે, સાંભળ. મને વાંધો નથી. એટલે પૂજ્યશ્રીએ રાધાજીને પૂછ્યું કે શું થયું તે મને કહો.

રાધાજી કહે કે અમે બંને વાતો કરતાં કરતાં, ગોકુળથી ખૂબ દૂર જતા રહ્યાં. અને એક ઠેકાણે બેઠાં. સાંજનો સમય હતો અને હું અચાનક ખૂબ આનંદમાં આવી ગઈ. ખૂબ ખુશ થઈ ગઈ હતી. એટલે મે કાનાને કહ્યું કે,

મારે તારા માથા પર બેસવું છે. કાનો કહે કે, ના, આ ના બને. તું બીજી કોઈક વાત કર. મારા માથે ના બેસાય. રાધાએ તો હઠ પકડી કે ગમે તે થાય પણ મારી તો બેસવું જ છે. કાનો તો કંઈ બોલી ના શક્યો, એટલે થાકીને કહ્યું કે, બેસી જા. હવે રાધા કાના ના મસ્તકે બેસી ગઈ. અને કાનાએ ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં રસ્તામાં એક લીમડાનું ઝાડ આવ્યું. અહીં કાનો ઉંચો ને ઉંચો થતો ગયો.

રાધાજી હવે ગભરાયાં છે. અને બૂમો પાડે છે કે, મને ઉતારો, મને ઉતારો. કાનો કહે કે, ઉપર ડાળ દેખાય છે, એને પકડી લે. બધા ખૂબ હસ્યા છે. રાધાજીએ ડાળ પકડી. રાધાજીએ જેવી ડાળ પકડી કે, કાનો નીચો થઈ ગયો.

પૂજ્યશ્રીની ભાવમુદ્રા, હાસ્ય અને કાનાની નીચા થવાની, પૂજ્યશ્રી દ્વારા થયેલ એક્શન એટલાં સરસ લાગે હતાં કે કૂટિરમાં કોઈનાથી હસવું રોકી શકાયું નહીં. બધા ખૂબ હસ્યા છે. રાધાજી લટકતાં થઈ ગયાં. રાધાજીના લટકવાની પૂજ્યશ્રીએ એટલી સુંદર ભાવમુદ્રા કરી છે કે, બધાને આનંદ આવી ગયો.

રાધાજી બૂમો પાડે કે, કાના ઉતાર, કાના ઉતાર. પણ કાનો કંઈ કરે નહીં અને હસ્યા કરે. કાનો કહે કે, બરાબર છે, બરાબર છે. રાધાજીની બૂમો સાંભળીને આજુબાજુનાં ખેતરોમાંથી માણસો આવી ગયા. અને જોયું કે

રાધા લટકે છે. એટલે એમણે ખેતરમાં આરામ કરવા જે ખાટલાઓ રાખ્યા હતા તે લઈ આવ્યા. બધાં ખાટલા ગોઠવાયા અને રાધાજીને કહ્યું કે, ભૂસકો મારો. રાધાજી ખૂબ ગભરાંયા છે. અને આંખ બંધ કરીને ભૂસકો માર્યો. રાધાજી ખાટલામાં પડ્યા, કશું વાગ્યું નહીં.

રાધાજી કાનાને પૂછે છે કે, તમે આવું શું કર્યું. કાના તમે આવું કેમ કર્યું? કાનો કશું બોલે નહીં, પણ મંદ મંદ હસ્યા કરે.

પૂજ્યશ્રીએ હવે રાધાજીને કહ્યું કે, તમે આ ખૂબ ખોટું કર્યું. તમારાથી પરમતત્વને કહેવાય જ નહીં કે હું તમારા ખભે કે મસ્તકે બેસું. આવું તમારાથી બોલાય નહીં અને કરાય પણ નહીં. કાનો તમને મફતમાં મળી ગયો છે એટલે તમને એની કદર નથી અને કિંમત નથી. બાકી કાનો, તમને મળે જ નહીં. અને મળ્યો ત્યારે તમે આવું કરો છો? તમારાથી આવું થાય જ નહીં. આ તો સારું છે કે કાનો તમને સાથે રાખે છે. નહિ તો, તમારાથી દૂર રહે.

રાધાજી કહે કે દિયરજી, તમે કાનાને ચઢાવો છો. અને મને ધમકાવો છો. પૂજ્યશ્રી કહે કે, મારાથી તમને ધમકાવાય જ નહીં. હું કાનાની તરફેણ કરતો નથી પણ તમારાથી કાનાને કહેવાય જ નહીં કે હું તમારા ખભે બેસી જાવ, કે મને બેસાડો. કાનો ખુશ થઈને તમને ખભે બેસાડે એ અલગ વાત છે. પણ તમારે શિસ્તમાં રહેવું જોઈએ.

કાનો તો પરમતત્વ છે એટલે પરમતત્વ સાથે શિસ્તમાં રહેવું જોઈએ. તમારે શિસ્ત અને મર્યાદા શીખવા જોઈએ. જૂઓ હું તમને કહું કે, હું માતાજી સાથે શિસ્તમાં રહું છું. માતાજી આવે તો કોઈ ચીજ બોલવાની જ નહીં. માતાજી પૂછે, એનો હા કે ના માં જવાબ આપવાનો. એમને કશું પૂછવાનું નહીં. અને માતાજી જે કહે તેમ જ કરવાનું. એમાં કોઈ પ્રશ્ન નહીં કરવાનો. તમારે પણ કાના જોડે આવી શિસ્તમાં રહેવું જોઈએ.

હવે રાધાજી કહે કે, દિયરજી તમે મને શિક્ષણ આપો છો? બધા ખૂબ હસ્યા છે. પૂજ્યશ્રી કહે કે, હું શિક્ષણ નથી આપતો પણ મારા દિલની માત્ર વાત કરૂં છું કે તમારે કાના જોડે આવી રીતે રહેવું જોઈએ. કાનો મરક મરક હસે છે. રાધાજી કહે કે, દિયરજી, હું તો તમને ફરિયાદ કરવા આવી હતી અને તમે તો બાજી જ પલટાવી નાંખી.

પૂજ્યશ્રી કહે કે મેં કાનાની તરફેણ કરી નથી, પણ તટસ્થ દૃષ્ટિથી તમને આ વાત કરી છે. ઈશ્વરે તમને શક્તિ સામર્થ્ય આપ્યું હોય તો તેનો સદઉપયોગ કરવો જોઈએ. પણ તમે જો ઈશ્વરને માથે ચઢી જવાની વાત કરો તો ઈશ્વર તમને લટકાવી દે. બધા ખૂબ હસ્યા છે. અને તાળીઓ પાડી છે.

પૂજ્યશ્રી કહે કે, હું તમને બીજી વાત પૂછું કે તમે કાપડના તાકા લઈ ગયા હતા એમાંથી સીવડાવવાનું શું કર્યું? રાધાજી કહે કે મેં દરજીને આપ્યું

છે એણે વેતરીને પણ રાખ્યું છે પણ કહે છે કે કપડાં તો હું તમને દિવાળીમાં જ આપીશ. એટલે દિવાળી પર હું કપડાં લઇ આવીશ.

**ૐ મા ૐ**

## (૨૦) "કાનાની બંસરી"

[તા. ૧૦-૧૧-૨૧ નાં રોજ શ્રધ્ધા કુટિરમાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા 'રાધાની ખીડકી' શ્રુંખલામાં કહેવાયેલ પ્રસંગ]

પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી એટલે કાલ્પનિક વાર્તાઓના માધ્યમથી, આગવી વિચારધારાથી સત્સંગ કરનાર સરળ સંત. પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી એટલે સરળ અને સહજ વાણીથી, આધ્યાત્મિક જ્ઞાન પીરસનાર શુધ્ધ સંત. પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી એટલે શાંતિ જાગૃતિ જ્ઞાન ના પ્રણેતા. પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી એટલે કૃષ્ણની મિત્રતાના સાથી. પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી એટલે રાધા અને કૃષ્ણને સત્ય વાત કરનાર હિમંતવાન મિત્ર. પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી એટલે રાધાજી અને કૃષ્ણનાં પ્રશ્નોનું નિરાકરણ કરનારા વિશ્વાસુ સખા. પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી એટલે નંદબાબા, યશોદા મૈયા, કૃષ્ણ અને રાધાજીના પ્રિય પાત્ર.

રાધાની ખીડકી એટલે આનંદ ઉત્સવ. રાધાની ખીડકી એટલે ગમ્મત સાથે જ્ઞાન. રાધાની ખીડકી એટલે પૂજ્યશ્રીના ભાવ દર્શન. રાધાની ખીડકી એટલે પૂજ્યશ્રીના આનંદ સ્વરૂપની વિવિધ મુદ્રાઓની ઝાંખી કરવાનો અવસર. રાધાની ખીડકી એટલે વાર્તાને ઉચ્ચ કલાઇમેકસ પર લઇ જઈને સહૂને ઇંતેજાર માં મૂકી દેવાની પૂજ્યશ્રીની કળાના દર્શન. રાધાની ખીડકી એટલે શ્રીકૃષ્ણ અને રાધાની કાલ્પનિક અનુભૂતિ અને હાજરીનો અનુભવ

કરવાનો અવસર. રાધાની ખીડકી એટલે આનંદ, જ્ઞાન, પૂજ્યશ્રીના ભાવદર્શન અને રાધાકૃષ્ણને માણવાનો લાભદાયી સ્વસ્તિક સાથીયો.

આજનો પ્રસંગ...

સામેથી કાનો એકલો આવતો દેખાય છે. પૂજ્યશ્રી કહે છે, આવ ભાઈ કાના આવ. બેસ મારી સાથે. પૂજ્યશ્રી કાનાને ઝૂલા પર બેસાડે છે. કાનો કહે છે કે મારે તો પહેલા નાસ્તો કરવો છે. કાનો પૂછે છે કે મારા માટે શું બનાવ્યું છે? પૂજ્યશ્રી કહે કે, સૂકીભાજી બનાવી છે. કાનો કહે છે કે આજે તો મારે સૂકીભાજી નંદબાબા માટે, મૈયા માટે અને રાધા માટે એમ ત્રણેય જણા માટે લઇ જવી પડશે. પૂજ્યશ્રી કહે છે કે તું ખાઈ લે અને વધે એ બધું લઇ જજે. કાનો નાસ્તો કરીને આવ્યો અને સૂકીભાજી બાંધીને લઇ આવ્યો. હવે કાનો પૂજ્યશ્રી પાસે ઝૂલા પર બેઠો છે.

કાનો કહે છે કે આજે હું મારા પ્રશ્નો લઈને આવ્યો છું. પૂજ્યશ્રી તો આશ્ચર્યચકિત થઇ ગયા. પૂજ્યશ્રી કાનાને કહે છે કે તારા શું પ્રશ્નો હોય? તું તો આખા જગતના પ્રશ્નો ઉકેલનારો છું. તારે શું મુંઝવણ હોય? કાનો કહે કે ના, મારે જ પ્રશ્નો છે. પૂજ્યશ્રી કહે કે તારે શું પ્રશ્ન છે?

કાનો કહે કે મારી બંસરી ખોવાઈ ગઈ છે. મારી બંસરી કોઈક લઇ ગયું છે. પૂજ્યશ્રી કહે કે તારી બંસરી કોણ લઇ જાય? કોઈ ના લઇ જાય.

કાનો કહે કે ના, મારી બંસરી ખોવાઈ ગઈ છે. કાનો કહે કે સાંજે મેં બંસરી મૂકી હતી અને સવારે જોયું તો બંસરી ન્હોતી. ખૂબ શોધી પણ બંસરી મળી નહીં, પણ બન્યું એવું કે જે કોઈ બંસરી લઇ ગયું હશે એણે યમુના નદીમાં બંસરી નાખી દીધી. પછી બંસરી તરતી તરતી આવતી હતી અને જે ઘાસ ઉગ્યું હતું એ ઘાસ પાસે અટકી ગઈ. પછી ગોવાળો, ગાયોને પાણી પીવડાવવા લઇ ગયા ત્યારે જોયું કે આ તો કાનાની બંસરી છે. એટલે ત્યાંથી બંસરી લઈને મને પછી આપી ગયા. મારે જાણવું છે કે મારી બંસરી કોણ લઇ ગયું અને શાને માટે લઇ ગયું હતું. પૂજ્યશ્રી કહે કે આ તો ગહન પ્રશ્ન છે, મારે વિચાર કરવો પડશે, ધ્યાનમાં લેવું પડશે. તું ફરી પાછો આવે ત્યારે આનો જવાબ આપી શકું, હમણાં કશું ના કહી શકું.

હવે કાનો કહે કે, બીજો પ્રશ્ન છે રાધાનો. પૂજ્યશ્રી અચંબામાં પડી ગયા અને પૂછ્યું કે રાધાનો શું પ્રશ્ન છે? તો કાનો કહે કે ત્રણેક દિવસથી રાધાનો એક પગ પકડાઈ ગયો છે. ખુબ દર્દ થાય છે. અમે ખૂબ દવાઓ કરી પણ રાધાના પગને આરામ થતો નથી એટલે હવે રાધા કહે છે કે દિયરજીને તેડી લાવો, એટલે હું તમને લેવા આવ્યો છું. પૂજ્યશ્રી કહે કે મને વિચાર કરવા દયો. પૂજ્યશ્રી અને કુટિરના ભક્તો ખૂબ હસ્યા છે. પૂજ્યશ્રી મનમાં વિચારે છે કે કાનને ‘ના’ તો કેમ કહેવાય? પૂજ્યશ્રીએ થોડી વાર વિચાર કરીને કહ્યું કે, જો ભાઈ નારીશક્તિ છે એ ક્યારે શું કરે

તે કહી ના શકાય. મેં યુવાનીમાં ક્યાંક એક પુસ્તકમાં વાંચ્યું હતું કે ઈશ્વરે પણ નારીનું સર્જન કર્યા પછી હાથ ધોઈ નાંખ્યા છે. બધા ખૂબ હસ્યા છે. પૂજ્યશ્રી કહે કે, આ મારૂ કથન નથી પણ મેં વાંચ્યું છે. એટલે કાનો પણ ખૂબ હસ્યો છે. હવે કાનો પુછે કે આમાં કરવાનું શું? પૂજ્યશ્રી કહે કે જો ભાઈ કશું જ કરવાનું નથી, હું આવતો પણ નથી, પણ તું ત્યાં જઇને કહેજે કે દિયરજીએ કહ્યું છે કે તમારે ત્રણ મહિના સુધી સૂઈ રહેવાનું. બધા ખૂબ હસ્યા. પૂજ્યશ્રીની ભાવમુદ્રા અને આ સૂચનાની રજૂઆત એટલાં આનંદસ્પર્શી હતા કે નતમસ્તક થઇ જવાય. પૂજ્યશ્રી કાનાને કહે કે તું એટલું જ કહેજે કે દિયરજી આવ્યા નથી અને તમને ત્રણ મહિના સૂધી સૂઈ રહેવાનું કહ્યું છે. આટલું કહ્યા પછી શું થાય છે તે જોજે અને ફરી આવે ત્યારે મને કહેજે.

પૂજ્યશ્રી કહે કે સાચું કહું કાના કે તને રાધા કંઈક ખોટું કરતી હોય તો પણ દેખાય નહીં, કારણ માણસ પ્રેમમાં પડે ત્યારે આંધળો થઇ જાય છે અને તેને સત્ય સમજાતું નથી. આ તો મારૂં વાંચેલું છે. હું જાતે નથી કહેતો પણ મારૂં વાંચેલું તને કહું છું. હું તારો વિરોધી નથી પણ જે સત્ય છે તે જ તને કહું છું. કાનો કહે કે આમાં મારે શું કરવાનું? પૂજ્યશ્રી કહે કે ભાઈલા, તારે કશું જ કરવાનું નહીં અને જોયા કરવાનું. હવે તું ફરી વખત આવીશ, ત્યારે તારા બેય પ્રશ્નોના જવાબ આપીશ. પણ હું જે કહું તે માટે તારે ખોટું

નહીં લગાડવાનું, કારણ હું જે કહીશ તે સત્ય કહીશ, અને તારા બેય પ્રશ્નના જવાબ આપીશ. કાનો કહે કે તો હવે હું જાઉં?

પૂજ્યશ્રી કહે કે ના, બેસ. પૂજ્યશ્રી પૂછે છે કે પેલા કાપડના તાકા લઇ ગયા હતા, એના કપડાં કેમ આવ્યા નથી? કાનો કહે કે અરરર... ભાઈલા તને શું કહું. વાત એમ બની કે દરજીને ત્યાં ચોરી થઇ અને ચોર બધું જ લઇ ગયા. કાપડ પણ જતું રહયું. પૂજ્યશ્રી અને કુટિરના ભક્તો ખૂબ હસ્યા છે. પૂજ્યશ્રીએ કહ્યું કે, આપણે એમને ત્રણ વખત વસ્ત્રો આપ્યાં અને ત્રણેય વખત જતાં રહયાં. આમાંથી આપણે અધ્યાત્મિક રીતે એ શીખવાનું કે ઈશ્વર તમને ખોબલે ખોબલે આપે છે પણ આપણે સાચવી શકતાં નથી. એટલે ઈશ્વરનું આપેલું જતું રહે છે. ઈશ્વર આપણને જે કાંઈ આપે તેને સાચવતાં શીખવું પડે, તો જ એ ટકી રહે ને તમે જો બેકાળજી ભર્યું વર્તન, કે વ્યવહાર રાખો તો ઈશ્વરનું આપેલું જતું રહે. પરમાત્મા આપણને જે કાંઈ આપે તેને સાચવતાં શીખીએ.

**ૐ મા ૐ**

## (૨૧) રાધાની કબુલાત

[તારીખ ૧૮-૧૧ ૨૧ ના રોજ શ્રદ્ધા કુટિરમાં 'રાધાની ખીડકી' શ્રૃંખલામાં પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા કહેવાયેલ પ્રસંગ]

પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી એટલે સાહિત્યસર્જક સરળ સંત. પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી શબ્દો અને ભાવની એવી સરસ ગૂંથણી કરે કે સાંભળનારની જિજ્ઞાસા અને પ્રતિક્ષા વધતી જ જાય. પૂજ્યશ્રીની કલ્પના અને વાણીનો અસ્ખલિત પ્રવાહ એવો સુંદર વહેતો હોય કે કોઈ માનવા તૈયાર ન હોય કે આ વાર્તાબિંદુ કાલ્પનિક છે. ક્યારેક અવરોધ આવે કે અડચણ આવે પણ પૂજ્યશ્રીની વાર્તા અસ્ખલિત વહેતી હોય. રૂકાવટ પછી પણ પૂજ્યશ્રીની વાકધારા વાર્તાના કેન્દ્રબિંદુથી દૂર ન જાય. કોઈપણ લખાણ વગર માત્ર સ્મૃતિ અને કલ્પનાના આધારે મન, બુદ્ધિ અને ચિત્તને હરી લેનારી, દિલને ડોલાવનારી વાર્તાની રજૂઆત કરવાની નિપુણતા એટલે પૂજ્યશ્રીના પ્રભાવશાળી કીધું તેજોદિપનું સુવાસિત પુષ્પ.

'રાધાની ખીડકી' એટલે પૂજ્યશ્રીની કલ્પનાઓનો કૈલાસપર્વત. 'રાધાની ખીડકી' એટલે રાધાજી અને કાનાને માધ્યમ બનાવી ભકતોના જીવન અને સ્વભાવ પરિવર્તનનું અકસીર ઔષધ. સત્સંગ ની ક્રાંતિકારી આગવી પદ્ધતિનું નિર્માણ એટલે 'રાધાની ખીડકી' પુરુષ અને સ્ત્રીના

સામાન્ય અને સર્વવ્યાપક ગુણદોષના નિવારણની કથા એટલે 'રાધાની-ખીડકી'

માત્ર કુટિરનાં ભક્તો જ નહીં, પૂજ્યશ્રીના વિશાળ અને વિચારશીલ ભક્ત સમુદાયને જ્ઞાન સાથે ગમ્મત, વાર્તાના અમોઘ શાસ્ત્રથી આધુનિક સત્સંગનું સર્જન એટલે 'રાધાની ખીડકી' પૂજ્યશ્રી અને કાનાની મિત્રતા, લીલાઓનું સામર્થ્ય અને મુત્સદ્દીપણાના દર્શન એટલે 'રાધાની ખીડકી' ખીડકી એટલે દર્શનનું સાધન. રાધાની ખીડકી એટલે રાધાના પ્રેમના, સ્વભાવના, મૂંઝવણોના અને પ્રશ્નોના દર્શન. આ દર્શનના માધ્યમથી ઇંતેજાર વધે, જ્ઞાન વધે અને મન, બુદ્ધિ, ચિત્તમાં સકારાત્મકતા વધે. વાર્તાની રજૂઆત તમને સત્યતાનો આભાસ કરાવે અને વાર્તા દ્વારા કહેવાયેલ પ્રસંગને સ્વીકારવા મજબૂર કરે.

'રાધાની ખીડકી' એટલે પૂજ્યશ્રીની આગવી, આધુનિક અને આનંદદાયક સત્સંગની ક્રાંતિધારા.

આજનો પ્રસંગ...

સામેથી રાધાજી અને કાનો આવતા દેખાય છે. અહોહો, આજે તો તેમની પાછળ નંદબાબા અને યશોદા મૈયા પણ આવ્યા છે. પૂજ્યશ્રી સહુને આવકારે છે. પૂજ્યશ્રી કહે છે કે, આવ, કાના, આવ. પૂજ્યશ્રી નંદબાવા અને યશોદા માતાનું પણ શબ્દ સ્વાગત કરે છે. પૂજ્યશ્રી રાધાજીનો પણ

સત્કાર કરે છે. રાધાજી ખૂબ આનંદમાં છે અને પૂછે છે કે દિયરજી, આજે અમારે માટે શું બનાવ્યું છે? પૂજ્યશ્રી કહે કે કાલે દેવદિવાળી છે. સારો દિવસ છે માટે તમારા માટે સુકી ભાજી, ખીચડી અને બટાકાપૌંઆ બનાવ્યા છે. રાધાજી કહે છે કે આજે તો અમે ચાર જણા છીએ એટલે પેટ ભરીને ખાઈશું અને વધે તે બધું બાંધીને લઈ જાશું. પૂજ્યશ્રી કહે કે સારૂં. એટલે ચારેય જણા અંદર ગયા અને નાસ્તો પાણી કરીને બહાર આવ્યા. આવીને બધા બેઠા. કાનો પૂજ્યશ્રીની બાજુમાં ઝુલા પર બેઠો છે.

હવે રાધાજી કહે છે કે દિયરજી મને પગમાં દર્દ હતું અને મેં તમને તેડી લાવવા કાનાને મોકલ્યો પણ તમે આવ્યા નહીં. પૂજ્યશ્રી કહે કે હા, પણ એનું કારણ હું તમને પછીથી કહીશ. આપણે બીજી વાત કરીએ. પૂજ્યશ્રી કહે કે કાનો ગઈ વખતે આવ્યો ત્યારે મને બે પ્રશ્નો કહી ગયો હતો. એક કે મારી વાંસળી કોણ લઇ ગયું હતું અને યમુના નદીમાં કેમ ફેંકી દીધી? અને બીજું કે રાધાજીના પગના દુખાવાનું કારણ શું? પૂજ્યશ્રી કહે કે, મારે એના જવાબ આપવાના છે. એટલે આપણે પહેલા એ વાત કરી લઈએ. કાનો પૂજ્યશ્રીની બાજુમાં બેસીને મંદ મંદ હસે છે.

પૂજ્યશ્રીએ કહ્યું કે રાધાજી, હું કશું ય કહું એના કરતાં તમે જ, તમારી જાતે કહો કે, મોરલીની બાબતમાં શું બન્યું. આ ઘટનામાં કોણ છે. અને

કેવી રીતે થઈ? તમે જ પ્રકાશ પાડો. રાધાજી કહે કે દિયરજી, હું શું પ્રકાશ પાડું? કદાચ કાનાએ તમારી પરીક્ષા કરવા માટે આમ કર્યું હોય.

પૂજ્યશ્રી કહે કે રાધાજી, હું કાનાને છેલ્લા પાંચ હજાર વર્ષથી ઓળખું છું. એ મને સારી રીતે ઓળખે છે અને હું પણ એને ખૂબ સારી રીતે ઓળખું છું. એટલે એ તો આવું કશું કરે જ નહીં. બિલકુલ ના કરે. એ આવું કરે પણ નહીં અને કોઈને કહે પણ નહીં. પૂજ્યશ્રીએ કાનાને પૂછ્યું કે બરાબર છે? કાનો કહે કે, હા. પૂજ્યશ્રીએ પૂછ્યું તો પછી રાધાજીનું શું કરવાનું?

પૂજ્યશ્રી હવે કાનાને કહે કે, તમે જ જ્ઞાન આપો અને તમે જ કહો. હવે રાધાજી જ્યાં બેઠા હતા ત્યાં જ એમના પગ ચોટી ગયા. રાધાજી કહે કે દિયરજી, મારા પગ ચોટી ગયા. પૂજ્યશ્રી કાનાની સામે જોઈને કહે કે હવે શું કરવાનું? કાનો કાંઈ બોલ્યો નહીં. પણ મરક મરક હસ્યા કરે છે. પૂજ્યશ્રી કહે કે કાનાએ કર્યું હશે, મેં કશું કર્યું નથી.

રાધાજી કહે કે હું શું કરૂં? મારા પગને છોડાવો. પૂજ્યશ્રી કહે કે તમે મોરલી બાબતમાં જે જાણતા હો તે કહી દો એટલે પગ છૂટા થઈ જશે. રાધાજી કહે કે, હું સાચું કહી દઉં. બોલવા જતાં પહેલાં એમની આંખોમાં આંસુ હતા. રાધાજીની નીચું મોઢું રાખીને બોલ્યા કે વાંસળી મેં જ લીધી હતી. અને મેં જ યમુના નદીમાં ફેંકી દીધી હતી. પૂજ્યશ્રી કહે કે રાધાજી

શા માટે તમે આવું કર્યું? વાંસળી યમુના નદીમાં ફેકી દેવાનું કારણ શું? તો રાધાજી કહે કે, મને વાંસળીની ઈર્ષ્યા આવતી હતી.

પૂજ્યશ્રી કહે કે, શાને માટે ઈર્ષ્યા આવતી હતી? રાધાજી કહે કે, કાનો વાંસળી વગાડે ત્યારે કલાકોના કલાકો સુધી, વાંસળી કાનાના અધરને ચોંટેલી રહેતી હતી. એટલે મને ક્રોધ ચઢતો અને ઈર્ષ્યા થતી એટલે વાંસળીને મેં યમુના નદીમાં પધરાવી દીધી હતી. પૂજ્યશ્રીએ કહ્યું કે સારૂં.

હવે રાધાજી કહે કે વાંસળી મળ્યા પછી પણ કાનો બે-ત્રણ દિવસથી ઉદાસ ઉદાસ ફરતો હતો, મારી સાથે કાંઇ બોલે નહીં, ચાલે નહીં, બસ ઉદાસ થઈને બેઠો રહે. એટલે કાનાનું ધ્યાન મારી તરફ આકર્ષિત કરવા મેં પડી જવાનો ઢોંગ કર્યો હતો. કાનાએ મારી તરફ ધ્યાન આપ્યું, મારી દવા કરી અને બે ત્રણ દિવસ થયા એટલે મે કાનાને કહ્યું કે, તમે જાવ અને દિયરજીને બોલાવી લાવો. એટલે મને સારૂં થઈ જાય. પણ તમે તો આવ્યા નહીં. પૂજ્યશ્રીએ પૂછ્યું કે તો તમે સારા કેવી રીતે થઈ ગયા? રાધાજી કહે કે કાનો પાછો આવ્યો, તમે તો આવ્યા નહીં અને કાનાએ કહ્યું કે દિયરજીએ કહ્યું છે કે રાધાને ત્રણ મહિના સુધી સુવાડી રાખજો. આમ ત્રણ મહિના સાંભળીને હું તરત જ બેઠી થઈ ગઈ. કારણકે મને તો કશું થયું નહોતું. મેં તો પડી જવાનો ઢોંગ માત્ર કર્યો હતો. આવું કહેતા કહેતા પણ રાધાજીની આંખોમાં આંસુ હતા.

પૂજ્યશ્રી એ કહ્યું કે જુઓ રાધાજી, હું તમારી સાથે છું, તમે ફિકર ના કરશો. તમે સાચું કહ્યું છે અને વાત કબૂલી લીધી છે. પૂજ્યશ્રી એ કાનાને કહ્યું કે ભાઈલા, હવે એમના પગ છુટા કરી દે, એટલે પગ છૂટા થઈ ગયા. પછી પૂજ્યશ્રીએ કાનાને, નંદબાબા અને યશોદા મૈયાને કહ્યુ કે જુઓ ભાઈ, આમાં રાધાનો જરાય વાંક નથી. રાધા બિલકુલ સારી છે પણ ખરેખર શું થયું હતું તે હું તમને કહું છું. ત્રણેક દિવસ પહેલાં એ બહારથી આવતી હતી ત્યારે એમના ઘરથી નજીક એક ભાઈ ધોબીનો વ્યવસાય કરે છે. પણ એમની નીતિ રીતિ સારી નહોતી. એમની પ્રવૃત્તિ પણ મેલી હતી, સારી નહોતી અને એ વ્યક્તિએ રાધાજીને આગ્રહ કરીને બાસુદી ખવડાવી. આ બાસુદી ખાધા પછી રાધાજીનું મગજ ખરાબ થઈ ગયું. આમ મગજ ખરાબ થઈ ગયું એટલે એમની મનોવૃત્તિ બગડી. આને લીધે એમણે આવું કામ કર્યું એટલે તમે એમની પર ગુસ્સો ના કરતાં. પૂજ્યશ્રીએ કાનાને કહ્યું કે તું પણ એને હેરાન ના કરીશ. અને આ ઘટનાને ભુલી જજે...

રાધાજી તો ખૂબ ખુશ થઈ ગયા. પૂજ્યશ્રીને કહે કે, દિયરજી, સારૂ થયું કે તમે મારો પક્ષ લીધો. પૂજ્યશ્રી કહે કે મેં પક્ષ નથી લીધો, પણ હું તો સાચું અને તટસ્થ કહું છું. આમાં તમારો કોઈ ગુનો નથી. હવે પૂજ્યશ્રીએ કહ્યું કે રાધાજી, તમારી વૃત્તિઓમાં આવું નકારાત્મક વલણ આવે છે તો હું તમને એક સરસ કીમિયો બતાવું છું. હું તમને એક કાર્ડ

આપું છું. એ કાર્ડમાં લખેલા નવ સિદ્ધાંતોનો અમલ કરશો, તો તમે કાના સાથે અમર થઈ જશો. રાધાજીએ કાર્ડ લઇને નવ સિદ્ધાંતો વાંચ્યા અને કહ્યું કે આ નવ સિદ્ધાંતોનું હું ચોક્કસ પાલન કરીશ. કાનો મરક મરક હશે છે. અને પછી બોલ્યો કે, તમારા પગ મેં નહોતા ચોંટાડ્યા. સખો તો મારું નામ લે છે. બધા ખૂબ હસ્યા છે. પૂજ્યશ્રીએ હસતાં હસતાં કાનાને કહ્યું કે, તુજ બધી લીલા કરે છે, અને નામ મારું લે છે.

પછી પૂજ્યશ્રીએ રાધાજીને કહ્યું કે, કાલે પૂનમ છે, દેવદિવાળી છે. એટલે દેવોનો મોટો તહેવાર છે. દેવોની પણ દિવાળી છે. એટલે એક કામ કરજો. કાલે સવારે કાનો ઊઠે ત્યારે એના જમણા પગના અંગૂઠાનું પૂજન કરજો. અને પૂજન કર્યા પછી ચાંલ્લો કરજો. એ પૂજન કરેલું પાણી પી જાજો. તો તમારા મન, બુદ્ધિમાં કોઈ નકારાત્મક વિચાર પ્રવેશ કરશે નહીં.

આ વાત કહેંતા પૂજ્યશ્રીએ કહ્યું કે મને એક વાંચેલી વાર્તા યાદ આવે છે. એક ગુરુજી હતા. એ ગુરુદેવ પાસે બે માણસો હતા. એક ભણેલો અને બીજો બિલકુલ અભણ હતો. આ અભણ રસોઈયાનું કામ કરતો હતો. અને ગુરૂજીની સેવા કરતો.

ગુરૂદેવ જમી રહે પછી એમની થાળી લઈ જાય અને એ થાળીને ધોઈને પાણી પી જાય. એમ કરતાં એનામાં ખૂબ પરિવર્તન આવ્યું. અને જ્ઞાન પણ આવ્યું. એક દિવસ એના ગુરુજી, બીજા સંત સાથે શાસ્ત્રાર્થ કરતા

હતા. એણે કશુંક સાંભળ્યું એટલે ત્યાં જ ઉભો રહી ગયો. ગુરુજીએ પૂછ્યું કે, અહીં કેમ ઊભો છું. પેલા રસોઈયાએ કહ્યું કે, આ સંત જે શબ્દ બોલ્યા છે એ બરાબર નથી.

ગુરૂદેવ તો ચોંકી ગયા કે આ અભણ માણસ શાસ્ત્રાર્થમાં કેવી વાત કહે છે. આને આટલું જ્ઞાન આવ્યું કયાથી? શાસ્ત્રાર્થ પુરો થયાં પછી ગુરૂદેવે એ રસોઈયાને બોલાવ્યો, બેસાડ્યો અને પુછયું કે, તું આ જ્ઞાન કયાંથી લાવ્યો? તું શું કરે છે? ત્યારે રસોઈયાએ કહ્યું કે સવારે હું આપના કામ કરૂં છું. બપોરે તમે જમી લ્યો, પછી તમારી થાળીમાં વધેલું બધું સાફ કરીને ખાઈ જાઉં છું. અને થાળીને પાણીથી ધોઈને એ પાણી પી જાઉ છું. આપનું ઉચ્ચિષ્ઠ ખાવાથી મને ફાયદો થાય છે, અને જ્ઞાન મળે છે. ગુરૂદેવ ખૂબ ખુશ થયા છે.

હવે ગુરૂદેવે એને બેસાડયો અને એની સાથે શાસ્ત્રાર્થ કર્યો. પેલા રસોઈયાએ એટલા સરસ જવાબ આપ્યા કે, ગુરૂદેવ ખૂબ રાજી થયા. રસોઈયો ભણેલો ન્હોતો પણ ગુરૂદેવનું ઉચ્ચિષ્ઠ ખાવાથી એને ખુબ જ્ઞાન મળ્યું.

પૂજ્યશ્રીએ રાધાજીને કહ્યું કે, તમને વાંધો ના હોય તો તમે પણ આવું કરી જૂઓ અને શાંતિથી રહો.

# “મોરલી”

તા. ૨૧-૧૧-૨૦૨૧

[‘રાધાની ખીડકી’ શ્રૃંખલામાં “રાધાની કબૂલાત” પ્રસંગને માધ્યમ બનાવી ને શબ્દભાવ]

અધરનો આનંદ લઈને હસે છે મોરલી.
ને યમુના જળમાં ફેંકાઈ ગઈ છે મોરલી.

ઘાસના તાંતણે અટકી ને બચી છે મોરલી.
કાનાને ફરી મળીને, હરખાઈ ગઈ છે મોરલી.

લઈ ગયું કોણ ને કેમ ફેંકી દીદી છે મોરલી.
મૂંઝાયો કાનો તો રાજ દ્વારે પાડી છે પગલી.

સખો મારો શક્તિમાન, શોધી દે અપરાધી અસલી.
કરે લીલા કોણ, એકબીજાને દેતા ટપલી.

દર્દ લઈને સૂતી રાધા, દિયરજીને લાવો બોલાવી.
કાનો કહે શું કરીએ સખા, ઉપાય શોધ નકલી.

હું કહું કે તમે બોલો, સત્યને ના રાખો છુપાવી.
સ્વીકારો સ્વયં ને મને ના દેશો મજબૂરી.

રડતી આંખે બોલ્યા રાધાજી, ઈર્ષ્યા મારી લાચારી.
લીલા જુઓ કાનાની, ચરણ ગયા છે ચોંટી
મેં સ્વયં ચોરી મોરલી ને યમુનામાં પધરાવી.
ઈર્ષ્યાના ઝેરમાં બુદ્ધિ બગડી, ને મેં કરી મુર્ખામી.

રાજ કહે કાનાને ભઈલા, રાધા નથી અપરાધી.
હર નારી ઈર્ષ્યામાં રહેતી, આ તો ઘરઘરની કહાની.

ઉદાસી તારી તોડવા, નકલી દર્દની કરી કહાની.
ત્રણ માસનો આરામ, સુણી, દૂર થઈ સઘળી ઉપાધિ.

રાધા છે સુંદર નારી, ભૂલી જા વાત સઘળી.
આનંદથી રહેજો બંને, શ્રીરાજની વાત ન્યારી.

મૌન છે નંદ યશોદા, રાજની વાત પ્રેમેં સ્વીકારી
સખાની શ્રદ્ધામાં આજે આનંદ વ્યાપ્યો ભારી.
આનંદ વ્યાપ્યો ભારી.